# પ્રકરણ-૩

# ગાંધીજીની દલિતોદ્ધારની પ્રવૃતિઓ

## ➢ પ્રસ્તાવના

અસ્પૃશ્યતાના પ્રશ્નને ખૂબ જ ગંભીર રીતે જોવાનું, સમજવાનું અને આ પ્રશ્નને રાષ્ટ્રીય સ્તરે લઇ જવાનું બહુમાન ગાંધીજીને ફાળે જાય છે. ગાંધીજીને ભારતની પ્રજા એમના કોઇપણ કાર્ય માટે ભૂલી જાય તો તે માફ થઇ શકે, પરંતુ તેમણે અસ્પૃશ્યતા નિવારણ માટે જે કાર્ય કર્યું છે એ માટે તેમને કદી ભૂલી શકાય નહી. ઇતિહાસના પાનાઓ પર તેમની આ પ્રવૃતિ હંમેશા નોંધાયેલી રહેશે. પોતાના સમગ્ર જાહેર જીવન દરમ્યાન અનેક પ્રવૃતિઓ વચ્ચે પણ આ માનવ પ્રશ્નને તેઓએ હંમેશા અંતરથી ઉકેલવાનો અથાગ પરિશ્રમ કર્યો છે. અસ્પૃશ્યતાને તેઓ પાપ ગણતા અને તે માટે હિંદુઓને જવાબદાર ગણતા. આ પ્રથાને દફનાવીને તેઓએ પોતાના પાપનુ પ્રાયશ્ચિત કરવું જોઇએ તેમ તેઓ કહેતા હતા. ગાંધીજી કહેતા કે, ભારતમાં એક મોટા વર્ગ સાથે ભેદભાવ રાખીને આપણે તેમને ભારે અન્યાય કરી રહ્યા છીએ અને એ અન્યાય દૂર થવો જ જોઇએ. તેથી જ ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ માટે અથાગ પ્રયાસો કર્યા. તેમણે ઇ.સ. ૧૯૧૬માં અમદાવાદમાં પ્રેમાભાઇ હોલમાં એક સર્વજ્ઞાતિ પરિષદમાં હિંદુ સમાજને ચેતવણી આપેલી કે ઊંચનીચના ભેદભાવ અને અસ્પૃશ્યતા નાબૂદ નહી કરવામાં આવે તો હિંદુ સમાજ અને હિંદુ ધર્મનો નાશ અનિવાર્ય છે.[૧] ગાંધીજીએ આમ કહીને પોતાનું ડોકુ નમાવ્યું અને બહુ ગંભીરતાપૂર્વક કહ્યું કે,'અસ્પૃશ્યતાના વિનાશ માટે આ શીશ સમર્પણ છે.'[૨]

ગાંધીજીની દલિતોદ્ધાર પ્રવૃતિની વ્યવસ્થિત શરૂઆત તો ઇ.સ. ૧૯૧૭થી થઇ ગણાય. પહેલી રાજકીય પરિષદ ભરાઇ તેના ગર્ભમાંથી જ અંત્યજ પરિષદનો જન્મ થયો હતો એમ કહી શકાય. આ પછીથી અંત્યજોદ્ધારની કહીએ કે અસ્પૃશ્યતાના નિવારણની શરૂઆત સામાજિક સ્તરે, રાજકીય સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે વિકાસ પામી હતી, જેને વિસ્તારથી જોઇશું.

ગુજરાતમાં ગાંધીયુગીન દલિતોદ્ધારની પ્રવૃતિઓ કેવી રીતે શરૂ થઇ ? એ જાણવું હોય તો સૌપ્રથમ પહેલી રાજકીય પરિષદનો ઇતિહાસ જાણવો પડે અને પહેલી રાજકીય પરિષદનો ઇતિહાસ જાણવા માટે તેનો ઉદ્દ્ભવ કેવી રીતે થયો તેનો ઇતિહાસ જાણવો અહીં યોગ્ય લેખાશે.

### ➢ પહેલી રાજકીય પરિષદનું બીજ

રાષ્ટ્રીય ચળવળના સમય દરમિયાન અખિલ હિંદ કક્ષાએ ઘણા સંગઠનો સ્થપાયા હતા. આ સંગઠનોની રાષ્ટ્રીય ચળવળોમાં ખાસ ભૂમિકા હતી, પરંતુ આપણે પ્રાદેશિક સંગઠનોને ભૂલવા ન જોઇએ. જેમ કે, ગુજરાતમાં ઇ.સ. ૧૮૭૨માં સ્થપાયેલ અમદાવાદ એશોસિએશન જેનો મુખ્ય હેતુ સરકાર સમક્ષ રાજકીય માંગણીઓ રજુ કરવાનો હતો. જો કે આ મંડળી ખાસ સક્રીય ન હોવાથી ઇ.સ. ૧૮૭૯ સુધી તેનું અસ્તિત્વ ટકી શક્યું. ત્યારબાદના ઇતિહાસ પર નજર કરીએ તો ઇ.સ. ૧૮૮૪માં ગુજરાત સભા અસ્તિત્વમાં આવી. જેણે ગુજરાતની તમામ રાજકીય પ્રવૃતિને વેગ આપ્યો. આખા ગુજરાતના રાજદ્વારી પ્રશ્નોમાં સભા રસ લેતી, સાથે રાજદ્વારી દ્દષ્ટિએ ફરીયાદ કરવા જેવા અથવા વાંધો ઉઠાવવા જેવા પ્રશ્ન ઉપર જૂની વિનીત વિચારસરણી પ્રમાણે સરકારને અરજી કરી પ્રજાની અડચણો અને મુશ્કેલીઓ તે જણાવતી.[૩]

૨૦મી સદી હિંદના ઇતિહાસમાં ખૂબ જ મહત્ત્વની અને ક્રાંતિકારી પરિવર્તનો લાવનારી સાબિત થઇ છે. સદીના બીજા દાયકા પર નજર નાખીએ તો ઇ.સ. ૧૯૧૫ પછી હિંદના રાજકારણમાં ગાંધીજીનો પ્રવેશ થયો. ગાંધીજીને ચંપારણના ગળીના બનાવમાં વિજય મળતા, આ સમાચાર ગુજરાત સભાના સભ્યો હરિલાલ દેસાઇ, વલ્લભભાઇ પટેલ, માવલંકરદાદા વગેરેને મળ્યા. જે વાંચીને દીવાન બહાદુર, હરિલાલ દેસાઇ એકદમ ઊભા થઇ ગયા અને બોલી ઉઠ્યા, માવલંકર જોયો આ બહાદુર માનવી, આપણે એમને ગુજરાત સભાના પ્રમુખ બનાવવા જોઇએ.[૪] ગાંધીજીને ગુજરાત સભાના પ્રમુખ બનાવવાની વિનંતી

કરવામાં આવી. તેમણે એ દરખાસ્તનો સ્વીકાર કર્યો, ત્યારબાદ ગાંધીજીની દોરવણી નીચે ગુજરાત સભાનું નવપ્રસ્થાન શરૂ થયું.

## ➢ પહેલી રાજકીય પરિષદ

પહેલી ગુજરાત રાજકીય પરિષદમાં થયેલ કાર્યવાહીની વિગતો રજૂ કરતાં પહેલા આ પરિષદની ઉત્પતિ વિશે અહીં સંક્ષેપમાં વર્ણન કરવું જરૂરી ગણાશે. ગોધરાના કેટલાક ગૃહસ્થોને સૌ પ્રથમ એવો વિચાર આવ્યો કે, મુંબઇ ઇલાકાની પ્રાંતિક કોન્ફરન્સ ભરવી, પરંતુ તેના સબંધમાં કેટલાક મતભેદ પડ્યા, એટલે તે વિચાર બાજુએ મુકવાની જરૂર પડી અને પછી હિંદસેવક સમાજવાળા અમૃતલાલ ઠક્કરની સૂચનાને અનુસરી બધા જિલ્લાઓને ગુજરાત પરિષદ ભરવાનાં સંબંધમાં તેમનો શું અભિપ્રાય છે તે પૂછવામાં આવ્યુ. સુરત સિવાય બીજા બધા જિલ્લાઓએ તેમ કરવા તરફ પસંદગી દર્શાવી અને તેમ કરવાનો વિચાર મજબૂત થયો. આથી પ્રાંતિક કોંગ્રેસ કમિટીને પૂછવામાં આવ્યું. તેનો એ કમિટીએ એવો જવાબ આપ્યો કે, કોંગ્રેસના બંધારણના ધારા ધોરણમાં કોઇ નિયમ નહિ હોવાથી તેઓ એવી રીતે ગુજરાત પરિષદ ભરવાની છૂટ આપી શકે નહિ. એ વિશે કેટલાય પત્રવ્યવહાર ચાલ્યા પછી પ્રાંતિક કોંગ્રેસ કમિટીના સેક્રેટરી રામનારાયણ મહાદેવના સમર્થનથી પરિષદ ભરવાની ગોઠવણ કરવામાં આવી.

શરૂઆતની મુશ્કેલીઓ પછી ગોધરામાં પરિષદ ભરવાનું નક્કી થયું અને ગાંધીજીને પરિષદના પ્રમુખ જાહેર કરાયા. પરિષદમાં વામનરાવ મુકાદમ, ડાહ્યાભાઇ લોખંડવાલા, દાહોદના વણિકદાદા, સુખદેવકાકા, રતિલાલ દેસાઇ, સુરેન્દ્રરાય ભાવરાવ દેસાઇ, વલ્લભદાસ મોદી અને દાહોદ, ગોધરા, હાલોલના હિંદુ મહાજનના આગેવાનો જેમ કે, કમળાશંકર પંડ્યા, ડાહ્યાભાઇ નાયક, સોમાલાલ શિરોઇઆ, મદનલાલ ગાંધી, માણેકલાલ ગાંધી, નાનુભાઇ દેસાઇ - આ યુવાનોનુ ગોધરાની રાષ્ટ્રીય પરિષદ અને અંત્યજ પરિષદમાં ખુબ યોગદાન રહેલું છે.[૫]

પહેલી ગુજરાત રાજકીય પરિષદની કાર્યવાહી ૩જી નવેમ્બર, ૧૯૧૭થી ૫મી નવેમ્બર, ૧૯૧૭ સુધી ચાલી હતી. પ્રમુખ તરીકે ગાંધીજીએ પરિષદમાં સ્થાન સંભાળતા ભાષણમાં કહ્યું કે, 'ભાઈઓ અને બહેનો, મને આ ઉચ્ચ પદ આપ્યું છે તેને સારુ હું આપ સહુનો આભાર માનું છું. અહીંના રાજકીય વિષયમાં હું અઢી વર્ષનું બાળ છું. દક્ષિણ આફ્રિકાના મારા અનુભવ ઉપર હું અહીં વ્યાપાર નથી કરી શકતો. આવી સ્થિતિમાં મારે આ પદ સ્વીકારવું એ કેટલેક અંશે ઉદ્ધતાઇ ગણાય એમ જાણું છું. છતાં આપની અનહદ પ્રિતિને વશ થઇ મેં આ પદનો સ્વીકાર કર્યો છે.'[૬] આગળ તેમણે કહ્યું કે, આ પરિષદ ભરવાનો વિચાર કરનારને તેમજ તે વિચારને અમલમાં મુકનારને ધન્યવાદ આપું છું. આ પગલું ગુજરાતને સારું ઘણું અગત્યનું છે. તેમાંથી બહુ સારા પરિણામો આપણે નિપજાવી શકીએ છીએ. 'આ પરિષદ પાયારૂપે છે. જો પાયો સાચો અને મજબૂત હશે, તો ઈમારત વિશે આપણે નિશ્ચિત રહી શકીશું. આ પરિષદ પાયો નાખનારી હોવાથી તેની જવાબદારી મોટી છે. હું ઇશ્વર આગળ પ્રાર્થના કરું છું કે આપણા બધાને તે સંમતિ આપે ને આપણું કાર્ય પ્રજાને ભવિષ્યમાં લાભદાયી થઇ પડે.'[૭]

ગાંધીજીએ આ પરિષદને અત્યાર સુધી દેશમાં ભરાતી રાજકીય પરિષદોમાં અનેક રીતે અપૂર્વ બનાવી. પરિષદ ગુજરાતની હતી, છતાં મુંબઇના ઘણા રાજદ્વારી આગેવાનોએ એમાં હાજરી આપી હતી. નામદાર વિઠ્ઠલભાઇ, આઝમ ઝીણા, ટિળક મહારાજા તેમના ખાસ મિત્ર ખાપર્ડે હતા. વિશેષ બાબત તો એ હતી કે બધા જ નેતાઓ પાસે ગાંધીજીએ આગ્રહ કરીને ગુજરાતીમાં ભાષણો કરાવ્યા. ટિળક મહારાજને હિંદી બરાબર ન ફાવતા તેમને મરાઠીમાં ભાષણ કરાવ્યું અને ખાપર્ડે એ ગુજરાતીમાં સમજાવ્યું હતું.[૮]

આ પરિષદની વિશેષતાઓ જોઇએ તો, અત્યાર સુધી પ્રાંતિક તો શું પણ જિલ્લા રાજકીય પરિષદોમાં પણ અંગ્રેજીમાં ભાષણો થતા પણ આ પરિષદમાં એકપણ ભાષણ અંગ્રેજીમાં ન થયું. અત્યાર સુધી ભરાતી તમામ રાજકીય પરિષદો જિલ્લા પરિષદથી માંડીને અખિલ હિંદ કોંગ્રેસ સુધીનો એક શિરસ્તો એવો હતો કે પહેલો ઠરાવ બ્રિટીશ સામ્રાજ્ય અને

તાજ પ્રત્યે વફાદારીનો કરવો. આ શિરસ્તો ગાંધીજીએ તોડાવ્યો. એ આ પરિષદની બીજી વિશેષતા. ત્રીજી વાત પરિષદ આગળ તેમણે એ મૂકી અને તેનો અમલ પણ કરાવ્યો કે, પરિષદે એક કારોબારી સમિતિ નીમવી અને તેણે બીજે વરસે બીજી પરિષદ ભરાય ત્યાં સુધી કામ કરતા રહેવું. આ પ્રથા પણ નવી જ હતી. ગોધરાની આ પરિષદથી ગુજરાતના રાજકીય જીવનનું નવપ્રસ્થાન થયું હતુ. સાર્વજનિક કામ કરવાની નવી પધ્ધતી જોવા મળી હતી. ગાંધીજીએ પોતાના રાજદ્વારી વિચારો પ્રજા સમક્ષ મૂકવા હતા તે માટેનું સ્થાન આ પરિષદ બની હતી. આ પરિષદમાં સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય સમસ્યાઓ અને તેના ભાવિ નિરાકરણને જાહેર મંચ પર મૂકવાનો સરસ પ્રયત્ન થયો હતો.

- **સંસાર સુધારા પરિષદ**

ગુજરાત રાજકીય પરિષદની સાથે સંસાર સુધારા પરિષદ મળી હતી. આ પરિષદ પ્રાણલાલ કીરપારામ દેસાઇના અથાગ પ્રયત્નથી ભરવામાં આવી હતી. ગાંધીજીની દરખાસ્તથી શારદાબેન સુમંતભાઇ મહેતાને તેનું પ્રમુખ સ્થાન આપવામાં આવ્યું હતું. પરિષદમાં રમણભાઈ નીલકંઠ, વિદ્યાબેન નીલકંઠ, ગટુભાઇ ધ્રુવ વગેરે આજીવન સુધારકોએ હાજરી આપી હતી. ગુજરાતમાં સ્ત્રીઓમાં ઉન્નતિ અને સમાજસુધારાના કાર્યને આનાથી ઘણો વેગ મળ્યો. આ પરિષદ વિશે સમાલોચકે નોંધ્યું છે કે, ‘જે પ્રમાણે રાજકીય સુધારાની આવશ્યકતા છે, તે જ પ્રમાણે સામાજિક સુધારાની આવશ્યકતા છે બંને એકમેકથી જુદા પાડી શકાય તેમ નથી, તેથી તે પ્રસંગનો લાભ લઇને આ બાબતનો વિચાર કરવો તે હિલચાલને કાંઇક નવીન દિશામાં વાળવા આ સામાજિક પરિષદનો વિચાર કરવામાં આવ્યો છે.’[૯]

નોંધવા જેવું છે કે, આ સમયે સમાજ સુધારાની બાબતમાં સુધારકો વધુ હતા. એવા સમયે આ પરિષદમાં શારદાબેન મહેતા સ્ત્રીઓનું નેતૃત્વ કરી રહી હતી. પ્રમુખ સ્થાનેથી તેમણે ભાષણમાં કહ્યું કે, ‘સ્ત્રીઓને તો માત્ર પ્રજા ઉત્પન્ન કરવાનું સાધન, લાગણીવાન નોકર અથવા નવરાશનું રમકડું ગણવામાં આવે છે. પુરૂષો ભાષણમાં, આર્યા વ્રતની સ્ત્રીઓ વિશે

શાસ્ત્રકારોના શ્લોક બોલે છે, લોકો તાળીઓ પાડે છે. હવે મનુ અને નેપોલીયનના શબ્દો સાંભળી થાકી ગયા પણ જયારે એ આદર્શ ગૃહસંસારમાં મૂકવાનો વખત આવે છે ત્યારે વાત બદલાઇ જાય છે. સ્ત્રીઓ કંઇક જાણવા માત્ર માથું ઊંચુ કરે તો તેને પુરૂષો દાબી દે છે. સ્ત્રીઓ પણ મનુષ્ય છે એ વાત તેમને યાદ રહેતી નથી એટલે તેને તો રહેંસી નાખવામાં, કચડી નાખવામાં જ પુરૂષો મોટાઇ માને છે. સત્તાનો મદ એવો વસમો છે કે એકવાર સત્તા હાથમાં આવી તે કોઇને છોડવી ન ગમે.[૧૦]

શારદાબેન મહેતાનું ભાષણ અનેક વિષયોની સ્વતંત્ર ચર્ચા કરનારું અને રાષ્ટ્રવાદી દૃષ્ટિકોણવાળુ હતું. તેમણે સ્ત્રીઓની પરાધીન અવસ્થા માટે પુરૂષ પ્રધાન સમાજ સામે તહોમતનામું મુકી પોતાના વિચારો મર્યાદીત ન રાખ્યા, પરંતુ સ્ત્રીઓ અને સમાજ સાથે સંકળાયેલી સમસ્યાઓ જેવી કે સ્ત્રી કેળવણી, જ્ઞાતિબંધન, પરદેશગમન, બાળલગ્ન, રડવા-કૂટવાનો રિવાજ, લગ્ન-મરણના ખર્ચ, સમાજસેવા જેવી બાબતોની તાત્વિક અને વ્યાવહારિક સ્તરે ચર્ચાઓ કરી, સાથે આશાસ્પદ સ્ત્રી ઉત્કર્ષ પ્રવૃતિઓ માટે પત્રિકાઓ, ઓફિસ, મુખપત્રો, વ્યાખ્યાનો વગેરે જેવાં સાધનોનો વ્યાપક ઉપયોગ કરવા પણ સૂચવ્યું હતું.[૧૧]

શારદાબેને પ્રમુખ તરીકે ભાષણ કર્યું. તેમાં સ્ત્રીઓની પરાધીન અને હીન દશા માટે કેળવાયેલા પુરૂષોની સામે તેમણે તહોમતનામું પોકાર્યું. તેમના જુસ્સાદાર બોલ જેટલા ખરાવાદી હતા, તેટલા જ સર્વને ચાનકરૂપ હતા. તેમણે કડવું સત્ય કહીને સંસાર સુધારા માટે સત્યાગ્રહનો રાહ દેખાડ્યો હતો અને છેલ્લે; સમાલોચક સામયિકે સ્પષ્ટ લખ્યું છે તેમ, ઠરાવો એકંદરે ગુજરાતની સ્થિતિ ધ્યાનમાં લઇ ઘડવામાં આવેલા હતા. તેમ, તે ઉપર બોલનાર સ્ત્રી પુરૂષોનાં ભાષણો પણ એકંદરે સંતોષ આપે તેવા હતા. સામાન્ય રીતે સંસાર સુધારા પરિષદ બહુ લોકપ્રિય લેખાતી નથી, છતાં હાજરી ઘણી મોટી હતી.[૧૨]

➢ **પહેલી અંત્યજ પરિષદ**

પહેલી રાજકીય પરિષદ ૫મી નવેમ્બર, ૧૯૧૭ના રોજ પૂરી થયા પછી ગોધરાના અંત્યજવાસમાં એક મેળાવડો ભરાયો જેને પાછળથી 'અંત્યજ પરિષદ' નામ મળ્યું. આ પરિષદ એક અકસ્માત હતો, એવું કહી શકાય. કેમ કે, તે ૩જી થી ૫મી નવેમ્બરના દિવસોમાં ગોધરામાં પહેલી રાજકીય પરિષદ ભરાઇ ત્યારે પૂર્વ આયોજન પ્રમાણે તેમાં અંત્યજો માટેનો કોઇ કાર્યક્રમ ન હતો, રાજકીય પરિષદે કરેલા ઠરાવોમાં પણ અસ્પૃશ્યતા નિવારણ કે અંત્યજ શિક્ષણ બાબતે અછડતો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો ન હતો, પરંતુ તે માટેનું વાતાવરણ ગાંધીજી અને સંસાર સુધારા પરિષદના પ્રમુખ શ્રીમતી શારદાબહેન મહેતા વચ્ચેના એક સંવાદમાંથી ઊભુ થયું હતું. શારદાબહેને અસ્પૃશ્યતા પર કાંઇક બોલવા ગાંધીજીને કહ્યું. એના જવાબમાં ગાંધીજીએ એટલું જ કહ્યું કે, 'અસ્પૃશ્યતા નિવારણની બાબતમાં મારાથી જે કાંઇ થોડુ થાય છે તે કાર્ય કરું છું. મારા વિચારો જેને જાણવા હોય તે સાંજે ઢેઢવાડામાં હું જવાનો છું ત્યાં સાંભળવા આવે.'[૧૩]

અંત્યજ પરિષદમાં ગાંધીજીએ સભાનું પ્રમુખ સ્થાન લીધું હતું અને તેઓ ગુજરાતીમાં બોલ્યા હતા. સભામાં અબ્બાસ તૈયબજી, વિઠ્ઠલભાઇ જે. પટેલ, રતનસી ધરમસી, મોરારજી ગોકળદાસ,[૧૪] મામાસાહેબ ફડકે, ઇન્દુલાલ યાજ્ઞિક, ઠક્કરબાપા હાજર રહ્યા હતા. પ્રાદેશિક નેતાઓમાં વામનરાવ મુકાદમ, ડાહ્યાભાઇ લોખંડવાલા, દાહોદના વણીકદાદા, સુખદેવકાકા, રતિલાલ દેસાઇ, સુરેન્દ્રરાય ભાવરાવ દેસાઇ,વલ્લભદાસ મોદી અને દાહોદ, ગોધરા, કાલોલ, હાલોલનું હિંદુ મહાજન મંડળના આગેવાનો જેમ કે; કમળાશંકર પંડ્યા, ડાહ્યાભાઇ નાયક, સોમાલાલ શિરોઇઆ, મગનલાલ ગાંધી, માણેકલાલ ગાંધી, બકોરભાઇ પટેલ, નાનુભાઇ દેસાઇ, હાલોલ તાલુકાના આ વીર યુવકોનું ગોધરાની રાષ્ટ્રીય પરિષદ અને અંત્યજ પરિષદમાં ખૂબ યોગદાન રહેલ છે.[૧૫]

મસાણના રસ્તા પર આવેલા અંત્યજવાસમાં ગાંધીજીનું અને બીજા સવર્ણ મહેમાનોનું સ્વાગત કરવાને અંત્યજભાઇઓએ તોરણો બાંધીને અને અનેક કમાનોથી દરવાજા રચીને

આખો રસ્તો શણગારથી સજાવી દીધો. જોતજોતામાં ત્યાં હજારો લોકોની ભીડ જામી. આવું દૃશ્ય તો ગુજરાતમાં પહેલી જ વાર જોવામાં આવ્યું કે જયાં શેઠિયાઓ, વકીલો, વેપારીઓ અને એવા બીજા ગૃહસ્થો ઢેડ અને અંત્યજો લોકોની સાથે જાહેર સભામાં હળીમળીને ભેગા થયા. જેમને સમાજનો ડર હતો તે ખાસ દરવાજા આગળ ઊભા રહ્યા, બીજા ચોગાનમાં ભેગા થઇ ગયા.

ખરી મૂંઝવણ તો સર્વેના યજમાન બનેલા અંત્યજોઓને થઇ. મોટા માણસ તેમના વાસમાં પધારે, તેમના માનમાં તેમણે પોતાના ઝૂંપડા અને આગણાં વાળીઝૂડીને સાફ કરેલા અને આખો વાસ ધજા-તોરણોથી શણગારેલો. મહેમાનોને આવવાનો સમય થયો. તેમના દિલમાં ગભરામણ થવા લાગી. આવા બ્રાહ્મણ-વાણિયા આપણે ઘરે ભલે આવે પણ આપણાથી કંઇ તેમને અડકાય ? પહેલા કોઇવાર શહેરની બજારમાં ભૂલથી કોઇને અડકાઇ ગયેલું ત્યારે તેમના ચામડા રંગાયેલા તે કેમ ભુલાય ? અંદર અંદર ચર્ચા કર્યા પછી એ હજારો વરસના ગુલામોએ ઠરાવ્યું કે સારી વર્ણ આવે તે પહેલાં બધાએ પોતપોતાના છાપરે ચઢી જવું અને ગાંધીજીનું ભાષણ ત્યાં બેસીને આપણે સાંભળવું.

ઉપરોક્ત વર્ણન પરથી ગોધરાના હરિજનોની ભયંકર લઘુતાગ્રંથિની સહજ અનુભૂતિ થઇ શકે તેમ છે. તેઓ આવું વર્તન કેમ કરતા હતા તેના કારણો પણ મામાસાહેબ ફડકેની આત્મકથામાંથી મળી રહે છે. તેઓ નોંધે છે તેમ, ગોધરામાં તો રસ્તે ચાલતાં હરિજનોનાં ચામડા રંગાઇ જતા અને ગોધરાની લો-કાસ્ટ સ્કૂલમાં પણ તેઓને પ્રવેશવા દેવામાં આવતા ન હતા.[૧૬] ટૂંકમાં સામાજિક અત્યાચારો અને પોતાની સદીઓ જુની માનસિકતા વચ્ચે જીવતા ગોધરાના અંત્યજો સવર્ણોના આગમન સમયે ઘર ઉપર બેસી જાય એમાં કશું અજુગતું ન હતું.[૧૭]

ઠક્કરબાપા વહેલા આવીને વાસમાં  ફરવા લાગ્યા ત્યારે ચોપાસ બધી શોભા જોઇને અને બધા સવર્ણ ભાઇઓને નિહાળીને તે હરખાયા પણ જે અંત્યજો આગેવાનને આગળ મળી ગયેલા તેની ગેરહાજરી તેમને તરત સાલી. સહેજ વારમાં તેમણે ઊંચે નજર કરી તો બધા

અંત્યજોઓને સ્ત્રી-બાળકો સમેત છાપરા પર ચઢેલા જોઇને તે ચકિત થયા. તેમના પેટમાં તેલ રેડાયું. આમ તો આ સભાનો હેતુ જ માર્યો જાય, તે તેમને અસહ્ય લાગ્યું. ઉપર દોડીને તેમનાથી બધાના હાથ કેમ પકડીનેય ખેંચાય ? પણ ઠક્કરબાપા એમ કંઇ હારે એવા નહોતા. તેમણે પ્રેમનો જાદુ અજમાવ્યો. કરુણાભરી વાણીમાં તેમણે અંત્યજભાઇઓને નીચે ઉતરવા કહ્યું. અંત્યજભાઇઓ બાપાનો પ્રેમ અને સવર્ણોના કાળજાના ભયની વચ્ચે થોડીવાર ઝોલાં ખાતા મૂઢ બની રહ્યા. ઠક્કરબાપા, શ્રીકાંત શેઠ, રતીલાલ દેસાઇ, ડાહ્યાભાઇ લોખંડવાળા, વામનરાવ મુકાદમ, માવલંકરદાદા વગેરેએ ધીરે ધીરે બધાને નીચે ઉતારી અંત્યજ યુવકો સબુરમીઠા, ગીરધર જેઠા, નાના અભા, મથુર નાથા જેવા કેટલાક યુવાનોને સાંતવન આપી પાસે બોલાવ્યા, તેમ છતાં પોતાના જ વિસ્તારમાં આ જાતિના લોકો દુર અંતર રાખીને ઊભા રહ્યા.[૧૮]

ગાંધીજીએ પ્રમુખ સ્થાનેથી અંત્યજ સમાજને ભાષણ આપતા કહ્યું કે, ‘આપણે એવા લોકોની વચ્ચે બેઠા છીએ જેમને ઢેડ, અંત્યજો, અંત્યજ કે એવાં ગમે તે નામ આપવામાં આવે છે. મારી પાસે વકીલો, દાક્તરો અને બીજા ગૃહસ્થો બેઠા છે. આજે આપણે કહેવાતા પછાત વર્ગના લોકો સાથે ભળ્યા છીએ. હવે આપણને સ્વરાજય જરૂર મળવાનું. આપણે હિંદુ-મુસલમાન એક થયા છીએ. અહીં આપણે આ ઢેડ જાતિ સાથે હળીમળી રહ્યા છીએ. આ જાતિ નીચી છે એમ ન માનશો. એમની અને તમારી વચ્ચે એકતા થાય એટલે તમે સ્વરાજયને લાયક થશો. પહેલા આપણે સ્વરાજયનો હક્ક ખોઇ બેઠા હતા, કારણ કે આ જાતિની આવી ઉપેક્ષા કરીને આપણે પાપ કર્યું હતું. અંત્યજોને અડતા આપણે શા માટે અચકાવું જોઇએ ? કોઇ ધર્મગ્રંથમાં લખ્યું નથી કે આ જાતિને ન અડકવું જોઇએ અથવા તેની સાથે આજે વર્તીએ છીએ એ રીતે જ વર્તવું જોઇએ. બધી જગ્યાઓમાં આ જાતિને નીચામાં નીચુ સ્થાન આપવું એ ભૂલ છે. મને વિશ્વાસ છે કે જયાં હૃદયો એક સાથે થાય છે ત્યાં ઇશ્વર હાજર હોય છે. ઇશ્વર સર્વ શક્તિમાન છે, જો કે આપણામાના કેટલાંક એવું માનતા નથી, તેથી આપણે અંદર અંદર લડીએ છીએ. આપણામાં અને આ જાતિમાં શો ફેર છે ? તેમનામાં પણ એ જ હૃદય, એ જ

નાક, એજ જીભ અને એજ લાગણીઓ છે, બધુ સરખું છે જયાં હૃદયોમાં  અંતર હોય ત્યાં ભગવાન રામચંદ્ર ન હોય, ત્યાં ઈમામ ન હોય, રાજકીય પરિષદમાં ઈશ્વર હતો કે નહીં તેની મને ખબર નથી પણ મને ખાતરી છે કે અહીં તો તે છે જ. હું તો અહીં લાબુ ભાષણ કરવા નથી આવ્યો. હું તો એક દાખલો બેસાડવા આવ્યો છું. સમાજ સુધારા વિશે આવો દાખલો બીજે નહી મળે.  અહીં વિશાળ સમુદાય એકઠો થયો છે. એ એક સમુદ્ર સમાન છે. કોઈપણ માણસ આ સમુદ્રનું પાણી પોતાના ભાત પકવવા માટે વાપરી શકે છે. દરેક જણને બોલવા દો.'[૧૯]

ગાંધીજીએ ભાષણ પૂરું કર્યું. એ પછી એક અંત્યજ યુવાને બોલવાની રજા માંગી, તે ગભરાતો ગભરાતો આગળ આવ્યો. તેણે કહ્યું કે, હું ભણેલો માણસ નથી. હું ઢેડનો છોકરો છું. હું મારી જાત તરફથી આ જનસમુદાયનો આભાર માનું છું અને બાવાજી (વિઠ્ઠલભાઇ પટેલ) ને પ્રેમ અને આભારની અંજલિ આપું છું. ધીમે ધીમે તેનો આત્મવિશ્વાસ વધ્યો અને તેણે રજપૂત જાતિમાં પોતાની જ્ઞાતિ આગળ હોવાનો દાવો સાબિત કરવાનો પ્રયત્ન કર્યો. ગાંધીજી તેનો આ ભ્રમ દૂર કરવા માટે તરત ઊભા થયા અને તેને પોતાના વંશ વિશે મોં માથા વગરની વાત નહી માનવાની સલાહ આપી. અંત્યજ લોકોને પોતાની ઉત્પત્તિ વિશે સંતોષ માનવાની સલાહ આપી ને ગાંધીજીએ કહ્યું કે, હવે ઉચ્ચ વર્ગના લોકોએ તેમને મમતાપૂર્વક સહારો આપ્યો છે, એટલે તમે તમારા પોતાના પ્રયત્નથી ઊંચે આવો. ત્યાર પછી બીજા વક્તાઓએ ભાષણ કર્યાં. તેમણે સૌએ અંત્યજજાતિને સાંત્વન અને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો અને છેલ્લે ગાંધીજીએ પોતાના છેવટના ભાષણમાં કહ્યું કે ઉચ્ચ વર્ગના લોકો અંત્યજ લોકો પ્રત્યેની પોતાની સૈધ્ધાંતિક સહાનુભૂતિને અમલી રૂપ આપે અને અંત્યજ બાળકો માટે શાળા ખોલવા અને નિભાવવા ફાળો આપે એમ જણાવ્યું.[૨૦]

સભામાં ઉપસ્થિત બીજા અતિથિઓમાં વિઠ્ઠલભાઇ પટેલ જેઓ સાધુની લાંબી ગેરુ રંગની કફની અને કાનટોપી પહેરીને એક ખૂણામાં બેઠા હતા, તેમને જોતાવેંત ઠક્કરબાપાએ તેમને આગ્રહ કરીને ગાંધીજીની પાસે બેસાડ્યા. તેમનો વિચિત્ર વેશ જોઇ ગાંધીજી અને ત્યાં

ઉપસ્થિત બધા હસી પડ્યા. ગાંધીજીએ વિઠ્ઠલભાઇની કફની પર હાથ ફેરવીને કહ્યું, વિઠ્ઠલભાઇ આજે આ પોશાકમાં આવીને બેઠા છે એટલે હું એમની છાતી તપાસી જોઉ છું કે અંત્યજ પ્રેમ એમના દિલમાં છે કે શું ? જો હશે તો આ કામમાં આપણે ચોક્કસ ફતેહ પામીશું. આવી પરિષદો ઘેર ઘેર થાય, તેમાં ભાષણો થાય અને વીખરાઇ જાય એ મને નથી ગમતું. આજે આપણે આટલા બધા કામ કરનારા ભેગા થયા છીએ. આજે અંત્યજ લોકોનું કંઇ કાયમી કામ શરૂ કરવું જોઇએ. આ સાંભળીને ઠક્કરબાપાએ ઉભા થઇને કહ્યું, ગાંધીજી આ ગામમાં એક લો-કાસ્ટ સ્કૂલ (અંત્યજ શાળા) મ્યુનિસિપાલિટી તરફથી ચાલે છે. તેમાં પણ અંત્યજોના બાળકોને પ્રવેશ આપવામાં આવતો નથી. તેમને માટે એક શાળા શરૂ કરવી જોઇએ. ગાંધીજીને આ વાત ગમી. સભામાં હાજર રહેલા મિલ માલિક અંબાલાલ સારાભાઇના રૂપિયા પાંચસોના ઉઘરાણાથી કામ શરૂ થયું અને તે રૂપિયા અઢારસો સુધી પહોંચ્યું. આ રીતે અંત્યજ શાળાની શરૂઆત થઇ. જો કે કાકાસાહેબ કાલેલકર નોંધે છે તેમ, આ શાળામાં મુસલમાન માસ્તરો કામ કરતા પણ હિંદુ સમાજનું કલંક હિંદુ જ ધોઇ શકે. ઇસ્લામી ભાઇઓ તેમાં મદદ ભલે કરે, પણ પ્રાયશ્ચિત તો જેનું તેણે જ લીધે છૂટકો.[૨૧] કાકાસાહેબ કાલેલકરની ભલામણથી ગાંધીજીના અંતેવાસી મામાસાહેબ ફડકેએ ગોધરામાં નવી અંત્યજ શાળા ચલાવવાનું કામ ઉપાડી લીધું.[૨૨]

એ પછી વિઠ્ઠલભાઇએ ભાષણ કરતાં કહ્યું, અહીંના માણસોને મારો પોષાક જોઇને નવાઇ લાગી હશે ! પણ હું ઘણીવાર આ પોષાકમાં ફરું છું. એનું કારણ એ છે કે હું સાધુ છું, મારે નથી ઉલાળ કે ધરાળ. ગાંધીજીને એટલી ખાતરી આપું છું કે આ પોષાક ઉપર જે દેખાય છે તે જ મારા દિલની અંદર છે. વિઠ્ઠલભાઇએ આગળ ભાષણમાં કહ્યું કે, જો બહારના પોશાક જેવી અંદર પણ સાધુ વૃતિ હશે તો સ્વરાજય વહેલું મળશે. ધારાસભામાં આમ સાધુ વેશથી લડત અપાવશો તો ધારણા વહેલી પાર પડશે. અંત્યજ ભાઇઓને હું કહું છું કે, આજે તમે હિંદુ-મુસલમાન વચ્ચે બેઠા છો. હિંદુ ધર્મમાં એવું છે જ નહી કે જે અમારી ચાકરી કરે, તેને અડકવામાં પાપ ગણાય. આટલી ભીડ હોવા છતાં કોઇનો પગ સરખો દબાયો નથી, જયાં

આવી શાંતી છે ત્યાં જ પરમેશ્વર છે. ઈશ્વર સર્વ વ્યાપી છે.એ સૂત્ર રાજકીય પરિષદ કે સંસાર સુધારા પરિષદમાં સિધ્ધ થયું હતું એમ હું નથી માનતો પણ અહીં તો તે હાજર છે, જયાં પાખંડ, જૂઠ્ઠાણું, ભેદભાવ અને શૂદ્રને નહી અડકવાની માન્યતા હોય ત્યાં વિષ્ણુ ભગવાન, ખુદા કે રસુલ હોય જ નહી એમ કહી વિઠ્ઠલભાઈએ પોતાનું ભાષણ પૂરું કર્યું.

આ અંત્યજ પરિષદના મહત્ત્વ વિશે અને તેના કારણરૂપ ગાંધીજીએ કહ્યું, નરસિંહ મહેતાએ ગાયુ છે કે, પક્ષાપક્ષી ત્યાં નહિ વસે પરમેશ્વર ! એટલે અહીં પરમ દિવસથી જે રાજકીય પરિષદ થઈ તેમાં પરમેશ્વર હતાં કે નહિ એ કહી શકાય નહિ પણ આ પરિષદમાં ચોક્કસ એમની હાજરી છે. જે ઈન્દુલાલ યાજ્ઞિકે તેમની આત્મકથામાં નોંધ્યું છે કે, સેંકડો નહિ બલકે હજારો વર્ષમાં દેવોનેય દુર્લભ એવો હિંદુસ્તાનમાં કોઈએ નહિ જોયેલો એવો આ વિરાટ મેળાવડો સમાપ્ત થયો.[૨૩]

અંત્યજ પરિષદના સમાપન પછી ગાંધીજીએ હિંદને કપાળે કલંક એ લેખમાં અસ્પૃશ્યતા બાબતે એક લેખ લખ્યો. જેમાં તેમણે લખ્યું હતું કે, અંત્યજો એ એક જુદો વર્ગ હોય એ હિંદને માથે કલંક છે. નાતજાત એ બંધારણ છે, પાપ નથી પણ અસ્પૃશ્યતા એ તો પાપ છે. સખત ગુનો છે અને હિંદુસ્તાન જો આ નાગનો વેળાસર નાશ નહી કરે તો એ તેને ભરખી જશે. અસ્પૃશ્યોને હિંદુ ધર્મથી અળગા હરગિઝ ન માનવા જોઈએ. તેમની સાથે હિંદુ સમાજના પ્રતિષ્ઠિત માણસો તરીકે વર્તન કરવું જોઈએ અને તેમના ધંધા પ્રમાણે તેઓ જે નાતને લાયક હોય તે નાતના ગણવા જોઈએ.

વર્ણની મારી વ્યાખ્યા પ્રમાણે તો આજે હિંદુ ધર્મમાં વર્ણ ધર્મનો અમલ થતો જ નથી. બ્રાહ્મણ નામ ધરાવનારાઓએ વિદ્યા ભણાવવાનું છોડી દીધું છે. તેઓ બીજા બધા ધંધા કરવા લાગ્યા છે. આ જ વાત થોડે ઘણે અંશે બીજા વર્ગો વિશે પણ સાચી છે. અમલમાં વિદેશી અમલ નીચે હોવાને કારણે આપણે સૌ ગુલામ છીએ અને પશ્ચિમના લોકોની નજરમાં શૂદ્રથી પણ ઊતરતા અસ્પૃશ્ય છીએ.

ઈશ્વર આ જુલમ કેમ ચાલવા દે છે ? રાવણ રાક્ષસ હતો પણ આ અસ્પૃશ્યતારૂપી રાક્ષસ તો રાવણથીયે ભયંકર છે અને આ રાક્ષસની હવે આપણે ધર્મને નામે પૂજા કરીએ છીએ. એથી તો આપણા પાપની ગંભીરતા ઘણી વધી જાય છે. આથી તો હબસીઓની ગુલામી ઘણી વધી જાય છે અને ધર્મ કહીએ તો એવા ધર્મ પ્રત્યે મને ધૃણા થાય છે. આ હિંદુ ધર્મ હોઇ જ ન શકે. હું તો હિંદુ ધર્મ દ્વારા જ ઇસાઇ ધર્મ અને ઇસ્લામી ધર્મનો સાદર કરતા શીખ્યો છું, તો પછી આ પાપ હિંદુ ધર્મનું અંગ શી રીતે હોઇ શકે ? પણ ત્યારે કરવું શું ?

આ પાખંડ અને અજ્ઞાનની સામે જરૂર હશે તો હું એકલો લડીશ. એકલો તપશ્ચર્યા કરીશ અને એ નામ જપતા જપતા મરીશ. કદાચ એવું પણ બને કે હું કોઇ દિવસ પાગલ થઇ જાઉં અને કહેવા લાગુ કે અસ્પૃશ્યતા સંબંધી વિચારોમાં મેં ભૂલ કરી, અસ્પૃશ્યતાને હિંદુ ધર્મનું પાપ કહીને મેં પાપ કર્યું, તો માનજો કે હું ડરી ગયો છું, પડકાર ઝીલી શકતો નથી અને હારીને મારા વિચારો બદલી રહ્યો છું. એ સ્થિતિમાં તમે માનજો કે હું બેશુદ્ધિમાં લવારો કરી રહ્યો છું.

મારી અલ્પ બુધ્ધિ અનુસાર તો અંત્યજોને મેલુ ઉઠાવવાને કારણે જ ગંદકી લાગે છે. તે શારીરિક છે અને તે તરત દૂર કરી શકાય છે, પરંતુ જેમના પર અસત્ય અને પાખંડનો મેલ ચઢી ગયો છે તે એટલો સૂક્ષ્મ છે કે તેને દૂર કરવો બહુ કઠણ છે. જો કોઇને અસ્પૃશ્ય ગણી શકાય તો આવા અસત્ય અને પાખંડ ભરેલા લોકોને જ.

પરંતુ ગોધરામાં ભરાયેલ અંત્યજ પરિષદ વિશે અને ગાંધીજી વિશે ગુજરાતી નામના પત્રે ખૂબ ટીકા કરી હતી. જેના અનુસંધાનમાં ગાંધીજીએ ગુજરાતી પત્રને જવાબ આપતા લેખ લખ્યો હતો કે, હું મને ધર્મના વિષયમાં બાળક નથી માનતો પણ લગભગ ૩૫ વર્ષનો અનુભવી હોવાનો દાવો કરું છું, કેમ કે એટલાં વર્ષો થયા મેં ધર્મ વિશે વિચારો કર્યા છે ને મનન કર્યું છે. વિશેષમાં જયાં જયાં મને સત્ય લાગ્યું ત્યાં ત્યાં મેં તેનો અમલ કર્યો છે. મારી માન્યતા છે કે, 'શાસ્ત્રો વાંચવાથી જ ધર્મનું સ્વરૂપ નથી મળતું.' યમાદિ પાળ્યા વિના શાસ્ત્ર વાંચવાથી માણસ આડે રસ્તે ચડે છે. એમ આપણે હંમેશા જોઇએ છીએ. પંડિતાઇ મેળવવા

સારું જેણે શાસ્ત્ર વાંચ્યા હોય તેની પાસેથી હું શાસ્ત્રનો અર્થ ગ્રહણ નહી કરું. મારા આચરણની રેખા હું ભટ્ટ, મેક્સમૂલરના બહોળા વાંચનથી લખાયેલા શાસ્ત્રોમાંથી ન દોરું. આધુનિક કાળમાં શાસ્ત્ર જાણવાનો દાવો કરનારા ઘણા કેવળ અજ્ઞાની અને દંભી જોવામાં આવે છે. હું ધર્મગુરૂની શોધમાં છું. ગુરૂની આવશ્યકતા છે એમ માનું છું પણ મારી નજરે યોગ્ય ગુરૂ ચડ્યો નથી ત્યાં સુધી હું જ મારો ગુરૂ થઇ બેઠો છું. એ માર્ગ વિકટ છે, તેમ છતાં આ વિષય કાળમાં એ યોગ્ય લાગે છે. હિંદુ ધર્મની વ્યાખ્યા કોઇ આપી શક્યું નથી. એવી એની પ્રૌઢતા અને ઉદારતા છે. વૈષ્ણવ સંપ્રદાયમાં મારો જન્મ છે અને તે વૈષ્ણવ તત્વ મને અતિશય પ્રિય લાગ્યું છે. વૈષ્ણવ ધર્મમાં કે હિંદુ ધર્મમાં અંત્યજો, ઢેડ વગેરે અસ્પૃશ્ય છે એવું મેં અનુભવ્યું નથી. આભડછેટને અખાએ અદકેરું અંગ ગણ્યું છે. હિંદુ ધર્મને અંગે કેટલીક રૂઢિઓ જામેલી છે. તેમાંની કેટલીક સ્તુત્ય છે, બીજી નિંદ્ય છે. અસ્પૃશ્યતા નિંદ્ય છે. તેથી જ ધર્મને નામે બે હજાર વર્ષનું પાપ હિંદુ ધર્મને માથે ચડ્યું છે ને હજુ ચઢતુ જાય છે. તે પાખંડમાંથી આપણે નીકળવું પડશે અને એનું પ્રાયશ્ચિત આપણે કર્યા જ કરીએ છીએ. મનુસ્મૃતિ આદિ શાસ્ત્રોમાંથી આ રૂઢિના ટેકામાં શ્લોકો ટાંકવા નિરર્થક છે. તે શાસ્ત્રોમાં ઘણા શ્લોક ક્ષેપક છે. ઘણાનો કંઇ અર્થ રહ્યો નથી. એવો એક પણ હિંદુ મેં જોયો નથી કે જે મનુસ્મૃતિ ના બધા શાસનોનું પાલન કરતો હોય અથવા ઇચ્છતો હોય. જો તેમ કરે તો તે ભ્રષ્ટ થાય એવું સહેજે સિધ્ધ કરી શકાય તેમ છે. સનાતન ધર્મની રક્ષા શાસ્ત્રોમાં છપાયેલા બધા શ્લોકોના યોગ્ય બતાવવાથી નથી થવાની પણ તે શાસ્ત્રોમાં જે અચલિત સિધ્ધાંતો છે તે મુજબ વર્ણન કરવાથી થવાની છે. જે જે ધર્મના પ્રચારકોની પાસે મને વાર્તા કરવાનો પ્રસંગ મળ્યો છે તેમણે આ વાત કબુલ કરેલ છે. કેટલાંક વિદ્વાન ગણાતા અને લોકોમાં પૂજાતા ધર્મપ્રચારકોને પૂછતાં તેઓએ જણાવ્યું છે કે રૂઢિ સિવાય અંત્યજો ઇત્યાદી તરફની આપણી વર્તણૂકનો કંઇ જ બચાવ નથી.

હકીકતમાં ઉપલી રૂઢિ કોઇ પાળતું નથી. આગગાડીમાં તેઓનો સ્પર્શ થાય છે. મિલોમાં તેઓ નોકર છે, તેને આપણે અડીએ છીએ. ફર્ગ્યુસન કોલેજમાં તથા વડોદરાની કોલેજમાં અંત્યજો દાખલ થયા છે તે સૌ સાંખી રહે છે. અંગ્રેજો તેમ જ મુસલમાનોને ત્યાં

તેઓ માન પામે છે ને અંગ્રેજો તેમજ મુસલમાનોને અડકતા આપણે અચકાતા નથી. તેમનામાં ઘણાની સાથે ભેટી આપણે માન પામીએ છીએ. ખ્રિસ્તી થયા પછી તેમને અસ્પૃશ્ય ગણવાની આપણી હિંમત પણ નથી ચાલતી. આમ, જે રૂઢિ પાળી શકાય તેવી નથી તે રૂઢિનો બચાવ શાણા હિંદુ પોતાની જુદી માન્યતા હોય તો પણ ન કરે.

આ અસ્પૃશ્યતામાં તિરસ્કાર નથી. એ કથનને કયું વિશેષણ લગાવવું એ મને સુઝતું નથી. આગગાડીમાં જો જાણ્યે અજાણ્યે આપણા ડબામાં ઢેડ આવે છે, તો તેની ઉપર પ્રહાર થાય છે અને ગાળોનો વરસાદ વરસે છે. તેને ચા વાળા ચા ન વેચે, દુકાનદારો તેને માલ ન આપે ને મરતા હોય તો પણ તેને આપણે ન અડકીએ. તેને આપણે પોતાનો એઠવાડ ખાવા ન આપીએ, આપણા ઉતરેલા મેલાં કપડા પહેરવા આપીએ, તેને ભણાવવા કોઇ હિંદુ જાય નહિ, તેનાથી સારા મકાનમાં રહેવાય નહી, મને ન અડશો એવો ઉચ્ચાર તેના મોં માંથી કઢાવીએ. આનાથી વિશેષ નિશાનીઓ તિરસ્કારની શી હોઇ શકે ? તેઓની દશા શું સૂચવે છે ? જેમ યુરોપમાં છેવટ સુધી ગુલામીનો બચાવ બાઇબલમાંથી કરનારા નીકળતા, તેમ હું આ પવિત્ર બચાવ જોઉ છું. તે બચાવમાં એક પુરાણું, પ્રખ્યાતિ પામેલું પત્ર રોકાય એ શોકજનક છે.

અસ્પૃશ્યતાનો દોષ આપણે હઠપૂર્વક ધર્મમાંથી કાઢવો પડશે. તે વિના દેશમાંથી મરકી, કોલેરા વગેરે રોગોનો નાશ થવો અસંભવિત છે. ધંધામાં તો નીચતા નથી જ. દાક્તરો, આપણી માતાઓ મેલુ ઉપાડવાનો ધંધો કરે છે. આપણા કોઇ ટીકાકારે લખ્યું છે કે, તેઓ તો પાછા સાફ થાય છે. જો અંત્યજો તેમ નથી કરતો તો તે કલંક તેઓની ઉપર નથી, આપણી ઉપર છે. જયારે આપણે તેઓને પ્રેમભાવે ભેટીશું ત્યારે તેઓને સાફ રાખવાનો પ્રયત્ન પણ કરીશું.

પ્રિતીભોજનની સાથે આપણે આ હિલચાલને ઘસડવાની જરૂર નથી. તેની સાથે તેનો સંબંધ નથી. આ હિલચાલમાં વર્ણાશ્રમ ધર્મનો લોપ નથી. તેની અતિશયતા દૂર કરી તેનો બચાવ કરવાનો આશય છે. અંત્યજો પોતાનો ધંધો છોડે એવું પણ આ હિલચાલ કરનારા ઇચ્છતા નથી પણ મેલુ ઉપાડવાનો ધંધો વૈષ્ણવને છાજે એવો પવિત્ર અને આવશ્યક છે. એમ

બતાવવાનો આશય છે. એ ધંધો કરનારા હલકા નથી પણ બીજા ધંધાદારીઓની સાથે સરખો હક ધરાવનારા છે ને તેઓની પ્રવૃતિથી દેશ રોગોમાંથી બચે છે, તેથી તેઓ વૈદ્યાદિની જેમ માનનીય છે.

આ દેશ જેમ તપશ્ચર્યા, પવિત્રતા, દયા ઈત્યાદીથી પ્રેરિત છે, તેમ જ સ્વચ્છંદ, પાપ, ક્રૂરતા આદિથી ભરપુર છે. આવે સમયે આપને અને આપણા લેખકોને ઘટે છે કે પાખંડની સામે થવામાં આપ અને તેઓ કટિબધ્ધ થાઓ, ગોધરામાં થયેલા પવિત્ર કાર્યને વધાવી તે પુણ્યના ભાગીદાર થાઓ, છ કરોડની વસ્તી હિંદુ ધર્મથી નિરાશ થઇ તેનો ત્યાગ ન કરે એમ કરવામાં સહાય કરો.

મારી ધાર્મિક જવાબદારી પૂરી સમજીને હું આ હિલચાલમાં ભાગ લઉં છું. કાળ જતાં નર્મદાશંકરની જેમ વિચારો બદલાય તેવું ભવિષ્ય મારે વિશે પણ એક ટીકાકારે ભાખ્યું છે. જો તેવો સમય આવે તો તે વેળા મેં હિંદું ધર્મનો, ધર્મ માત્રનો જ ત્યાગ કર્યો સમજવું. હિંદુ ધર્મને ઉપર્યુક્ત કલંકમાંથી છોડાવતાં આ દેહ પડે તો પણ તેમાં વિશેષ કંઇ નથી. એવી મારી દઢ માન્યતા છે. જે ધર્મમાં નરસિંહ મહેતા ઈત્યાદિ થયા છે તે ધર્મમાં અસ્પૃશ્યતાને અવકાશ ન જ હોય.[૨૪]

પહેલી અંત્યજ પરિષદ ગુજરાતના અંત્યજોના ઈતિહાસમાં મહત્ત્વની પરિષદ હતી. કેમ કે પહેલી અંત્યજ પરિષદની સફળતા પછી જ આખા ગુજરાતમાં અંત્યજ પરિષદો ભરવાની શરૂઆત થઇ અને અંત્યજોની સમસ્યાઓ, પ્રશ્નોને રાજકીય રંગમંચ પર લાવવાનો પ્રયત્ન થયો હતો. આમ જોતા પહેલી અંત્યજ પરિષદ ઘણી રીતે મહત્ત્વની સાબિત થઈ છે. જેમ કે, ગોધરાની આ પરિષદની ગુજરાતના રાજકીય જીવનમાં એક નવા યુગની શરૂઆત થઈ. આ પરિષદ ગાંધીજીના વિચારો પ્રજા સમક્ષ રજુ કરવા માટેનું માધ્યમ પણ રહી હતી એવું કહી શકાય. ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, ઈ.સ. ૧૯૧૭ની પહેલી અંત્યજ પરિષદનું રાષ્ટ્રીય સ્મારક જયાં પરિષદ ભરાઇ ત્યાં હયાત છે. ગુજરાતના રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ, જ્યારે જ્યારે ગોધરાની મુલાકાત લે છે ત્યારે આ સ્મૃતિ

સ્મારકની મુલાકાત લેવાનું ગૌરવ અનુભવે છે. જે ભૂતકાળના કાર્યોનો જીવંતરૂપ ઇતિહાસ બનેલો છે.[૨૫] પરિષદની બીજી એક બાબત ધ્યાનમાં રાખવા જેવી છે કે, ઇ.સ. ૧૯૧૭ પછી અસ્પૃશ્યતા નાબૂદી સહિતની દલિત વર્ગોની સમસ્યા સામાજિક કરતાં વધુ ને વધુ રાજકીય બની ગઇ હતી. ગાંધીજીએ આ સુધારાને સંપૂર્ણપણે સામાજિક સુધારા તરીકે ગણવા કરતા તેને સ્વરાજ મેળવવા માટેના જરૂરી સાધન કે માધ્યમ તરીકેનું મહત્ત્વ આપ્યું હતું.

## ➢ અંત્યજ સેવા મંડળ

આગળ જોઇ ગયા તેમ, ઇ.સ. ૧૯૧૭ના નવેમ્બર મહિનામાં ગોધરાના અંત્યજ વાસમાં કેટલાય સૈકાઓથી ગુજરાતમાં તો નહી જ જોવામાં આવેલો એવો બધી હિંદુ કોમોનો એક ભવ્ય મેળાવડો ગાંધીજીની પ્રેરણાથી થયો હતો અને તેનો લાભ લઇને અંત્યજો માટે કંઇ સ્થાયી કાર્ય કરવાનું મૂર્હુત કરવાનું નક્કી થયું. તરત જ અંત્યજ કોમના જુના સેવક અમૃતલાલ ઠક્કરે કહ્યું કે, ગોધરાની મ્યુનિસિપાલિટી તરફથી એક અંત્યજ શાળા ચાલે છે. છતાં તેમાં અંત્યજોને પ્રવેશ મળી શકતો નથી. માટે એમની કેળવણીની કંઇક ગોઠવણ કરવી જોઇએ. આ સૂચના અમલમાં લાવવા માટે ત્યાં ને ત્યાં આશરે ૨,૦૦૦/- રૂપિયાનું ઉઘરાણું કરવામાં આવ્યું અને એક બે મહિના પછી ગોધરામાં એક અંત્યજ શાળા ખોલવામાં આવી. ગુજરાતની વ્યવસ્થિત અંત્યજ પ્રવૃત્તિની હિલચાલ ત્યારથી જ શરૂ થઇ ગણાય.

ઇ.સ. ૧૯૧૮માં ઉપર મુજબની જ એક સભા નડિયાદમાં થઇ અને ત્યાં એક અંત્યજ શાળા શરૂ કરવામાં આવી. ત્યાર પછી તો અંત્યજોની બાબતમાં ગાંધીજીના અખંડ પ્રયત્નથી અને લોકોની સહાનુભૂતિથી અસ્પૃશ્યતા નિવારણ એ અસહકારની, સાધારણ રીતે રાજદ્વારી મનાયેલી હિલચાલનું પણ એક અગત્યનું અંગ બન્યુ અને ગાંધીજીની ખાસ કર્મભૂમિ ગુજરાતમાં ગુજરાત વિદ્યાપીઠે અંત્યજોની દયનીય સ્થિતિ ધ્યાનમાં લઇને એમને સારું ખાસ રાષ્ટ્રીય શાળાઓ ખોલવાનો વિચાર કર્યો અને જુદાં-જુદાં તાલુકાના કાર્યકર્તાઓ તરફથી જયાં-જયાં તેવી શાળા માટે માંગણી તથા ભલામણ આવી ત્યાંની સ્થિતિ વિશે ખાસ તપાસ

કરવાને માટે છગનલાલ જોશી તથા મામાસાહેબ ફડકેને મોકલ્યા હતા. બીજી બાજું ગુજરાતના એક અગ્રગણ્ય નેતા ઈન્દુલાલ યાજ્ઞિકે પણ ઇ.સ. ૧૯૨૧માં અંત્યજ શાળાઓ ખોલી હતી. આવી રીતે જેમ જેમ નવી સંસ્થાઓ ઉભી થતી ગઇ તેમ તેમ તેને ચલાવવાને માટે કંઇક વ્યવસ્થિત રચના કરવાની જરૂર જણાઇ. ઈન્દુલાલ યાજ્ઞિક અને મામાસાહેબ ફડકે આ બંને અંત્યજ  કોમનો બોજો જિંદગીપર્યંત માથે લેતા હોય તો તે વખતે ગુજરાત વિદ્યાપીઠ તથા પ્રાંતિક સમિતિ જોઇતા નાણાં પુરા પાડે એવી ગોઠવણ ગાંધીજીની ભલામણથી થઇ અને તેને અનૂકુળ થઇ. વિદ્યાપીઠ જે અંત્યજ શાળાઓ સ્વતંત્રપણે ખોલવાની ઈચ્છા રાખતું હતું તેને બદલે હવે તેણે જે શાળાઓ ચાલતી જ હતી તેને રીતસર ચલાવવાનું નક્કી કર્યું અને તે કામ ઈન્દુલાલ યાજ્ઞિક  અને મામાસાહેબ ફડકેને સોંપ્યું. તે વખતે ગોધરા તથા નડિયાદની બે અંત્યજ શાળાઓ જે વિદ્યાપીઠની દેખરેખ નીચે ચાલતી હતી તેમનો વહીવટ પણ એમને સોંપી દીધો. આવી રીતે પૈસાની સગવડ તો દૂર થઇ પણ કામ કરવાને માટે સેવાભાવવાળા માણસો મળવા એ બહુ સહેલું નથી અને જેમાં સમાજનો વિરોધ વહોરીને પણ કામ કરવાનું છે એવા અંત્યજ ખાતામાં તો તે સગવડ વિશેષ ભાસે એમાં નવાઇ નહી. તેથી ૧૬મી જાન્યુઆરી, ૧૯૨૩માં જુદી-જુદી શાળા તથા આશ્રમોમાં કામ કરનારા પ્રમુખ કાર્યકર્તાઓની સભા આ બાબતમાં શા પગલા લેવા તેનો વિચાર કરવા મળી હતી. તે ઉપરથી એક સ્થાયી સંસ્થાની સ્થાપના થઇ, જે અંત્યજ સેવામંડળ ને નામે ઓળખાય છે.[૨૬] સભામાં જે ઠરાવો થયા હતા તેમાના મુખ્ય ઠરાવો આ પ્રમાણે છે.

(૧) સંસ્થાનું નામ અંત્યજ સેવા મંડળ રાખવું.

(૨) મંડળ સોંપે તે કામ ત્રણ વર્ષ સુધી કરવાનું જે કબુલ કરે તેઓ મંડળના સભાસદ થઇ શકે.

(૩) અમૃતલાલ ઠક્કર અને ઈન્દુલાલ યાજ્ઞિકને મંડળના ખાસ સભાસદ ગણવા.

(૪) અમૃતલાલ ઠક્કર મંડળના પ્રમુખ નિમાયા અને મામાસાહેબ ફડકે તથા યાજ્ઞિક મંત્રીઓ નિમાયા.

(૫) બીજી કલમ મુજબ, અત્યાર સુધીમાં ૧૧ સભાસદો આ મંડળમાં જોડાયા છે. તેમાં છેલ્લા પાંચ વર્ષથી તનતોડ મહેનત કરી ભીલ લોકોની સેવા કરનાર સુખદેવ વિશ્વનાથ ત્રિવેદી પણ છે. તેમજ અસહકારની ચળવળથી સરકારી હાઈસ્કૂલની ૧૦૦/- રૂપિયાની નોકરી છોડનાર મનસુખરામ કાશીરામ પંડ્યા પણ આ મંડળમાં જોડાયા. તેઓ તમામ અંત્યજ સંસ્થાઓના સંયોજક અને નિરિક્ષકનું કામ કરતાં.[૨૯]

### ➢ અંત્યજ સેવા મંડળના ઉદ્દેશ્યો અને નિયમો

આ મંડળનું ધ્યેય અસ્પૃશ્ય ગણાતી કોમની સેવા કરીને હિંદુ ધર્મમાં સેંકડો વર્ષથી ચાલતી આવેલી અસ્પૃશ્યતાની ક્રૂર રીતિને નાબૂદ કરી પોતે શુધ્ધ હિંદુ બનવાનું છે. એના ઉપાય તરીકે અંત્યજોનો સામાજિક દરજ્જો વધારવો, ધર્મશાળા, કૂવા, મંદિર વગેરે જાહેર સંસ્થાઓનો તેમને બિનહરકતે લાભ મળે તેમ વ્યવસ્થા કરવી, તેમનાં બાળકોને કેળવણી આપવી, દવા વગેરેનો બંદોબસ્ત કરવો, એવો ત્રણ વર્ષ સુધી કેવળ અંત્યજસેવા કરવાને બંધાય તેવો કોઈ પણ ઈસમ તેનો સભાસદ થઈ શકે છે. (જો કે અમૃતલાલ ઠક્કર તથા ઈન્દુલાલ યાજ્ઞિક કેવળ અંત્યજોની સેવા નથી કરતા. છતાં તેમનાં જ્ઞાન તથા અનુભવનો લાભ નવા યુવાન સેવકોને મળે તેટલા ખાતર બંનેને ખાસ સભાસદો તરીકે લીધેલા છે.) સભાસદ થયેલા માણસને તથા મંડળના કોઈ પણ કાર્યકર્તાને મંડળ કહે તે ગુજરાત-કાઠિયાવાડ-કચ્છના કોઈપણ ભાગમાં જવાને તૈયાર રહેવું પડે છે.

### ▪ અંત્યજસેવા મંડળના સભ્યો

ઠરાવ પ્રમાણે તા. ૧૬/૧/૧૯૨૩ને દિવસે નીચેના સભાસદો બન્યા હતા.[૨૮]

| | | |
|---|---|---|
| ૧. | અમૃતલાલ વિ. ઠક્કર (લુહાણા) | હિંદ સેવક સમાજ, સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી, મુંબઈ |
| ૨. | ઈન્દુલાલ ક. યાજ્ઞિક (નાગર) | યુગધર્મ, અમદાવાદ |
| ૩. | વિઠ્ઠલ લ. ફડકે (બ્રાહ્મણ) | સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી |

| | | |
|---|---|---|
| ૪. | રામપ્રસાદ ભોગીલાલ વ્યાસ (બ્રાહ્મણ) | માતર (ખેડા) |
| ૫. | ચૂનીલાલ આશારામ ભક્ત (પૂ. મોટા) (ભાવસાર) | કાલોલ (પંચમહાલ) |
| ૬. | પ્રભાકર બિહારીલાલ (નાગર બ્રાહ્મણ) | અમદાવાદ |
| ૭. | હિરાભાઈ ચિકાભાઈ (ખ્રિસ્તી) | આણંદ |
| ૮. | મણિલાલ અ. પંડ્યા (બ્રાહ્મણ) | દહેમાઈ (અમદાવાદ) |
| ૯. | બમીરભાઈ હ. મહેતા (બ્રાહ્મણ) | દહેમાઈ (અમદાવાદ) |
| ૧૦. | મનસુખરામ ક. પંડ્યા (બ્રાહ્મણ) | શિહોર (કાઠિયાવાડ) |

નીચેના સભ્યો પાછળથી જોડાયા હતા.

| | | |
|---|---|---|
| ૧. | સુખદેવ વ. ત્રિવેદી (બ્રાહ્મણ) | દાહોદ |
| ૨. | ડાહ્યાભાઈ જી. નાયક (અનાવિલ બ્રાહ્મણ) | પીંજરત (સુરત) |
| ૩. | નંદલાલ હ. ઠાકોર (બ્રાહ્મણ) | બોરસદ |
| ૪. | મણિલાલ ન. પટેલ (પાટીદાર) | રઘવાણજ (ખેડા) |
| ૫. | ચૂનીલાલ ચ. પટેલ (પાટીદાર) | નડિયાદ |
| ૬. | ભગવતપ્રસાદ જ. પંડ્યા (બ્રાહ્મણ) | ઉમરેઠ |

### ➢ અંત્યજ સેવા મંડળની કામગીરી

(૧) શાળાઓ તપાસવા જવાબદાર કાર્યકર્તા, નિરીક્ષક કે મંત્રી, દોઢ-બે મહિને જાય છે. શિક્ષણનું ધોરણ ધીરે ધીરે ઊંચુ થાય છે. જ્યાં કામ સંતોષકારક ન થતું હોય ત્યાં તેનાં કારણો સમજી તેના ઉપાયો સૂઝે છે.[૨૯]

(૨) અંત્યજ સેવામંડળના સભ્યોને જુદી જુદી શાખાઓના કામનો અહેવાલ દર મહિનાની આખરમાં મોકલવામાં આવતો. તેમાંથી સૂચનાઓ લઈ અને અરસ-પરસનું સંગઠન મજબૂત કરવામા આવતું હતું.[૩૦]

(૩) મહેમદાવાદ તથા ત્રાણની શાળાના શિક્ષકો આ કામને યોગ્ય ન નીવડવાથી તેમને દૂર કરવામાં આવ્યા છે. તેની સાથે દિલગીરીની વાત છે કે એ બંને શાળાઓ પણ બંધ કરવી પડી છે.[૩૧]

(૪) ઘણાખરા કાર્યકર્તાઓ ખેડા જિલ્લામાંથી મળતા હોવાથી અને હાલના સુશિક્ષિત લોકોનું વલણ શહેરોની સગવડ શોધવા તરફ હોવાથી સારોદ (તા. જંબુસર) ની શાળા ચલાવવામાં ઘણી જ મુશ્કેલી પડે છે.[૩૨]

(૫) સ્વતંત્રપણે ચાલતી અંત્યજ સંસ્થાઓને ગ્રાંટ આપવાનું ધોરણ શરૂ કર્યું છે. કાઠિયાવાડમાં વધુ શાળાઓ પ્રત્યક્ષ સેવા મંડળ તરફથી ચલાવવાનું ન બની શક્યું હોવાથી ત્યાંની શાળાઓને વધારેમાં વધારે ૫૦% ખર્ચ જેટલી ગ્રાંટ આપવામાં આવે છે. એવી રીતે હાલ ૧.વરતેજ, ૨. લીમડી તથા ૩. લખતરની શાળાઓને ગ્રાંટ અપાય છે તથા એ શાળાઓ ઉપર મંડળ તરફથી સાધારણ દેખરેખ રાખવામાં આવે છે.[૩૩]

(૬) અંત્યજોને દવાઓ આપવાનું કામ ગોધરા, અબ્રામા, નડિયાદ વગેરે આશ્રમોમાં રીતસર કરવામાં આવે છે. તેનો લાભ સારી રીતે લેવાય છે. રિલૅપ્સિંગ ફીવર જેવા ભયંકર ચેપી રોગમાં ગોધરામાં ઘણી જ સારી સેવા થઈ શકી હતી. બીજા ગામોનાં લાયક ડૉક્ટર કે વૈદ્યની ખાસ મદદ ન મળેલી હોવાથી સાધારણ દવાઓ જ આપવામાં આવે છે.[૩૪]

(૭) મામાસાહેબ ફડકે અંત્યજ સેવા મંડળની કામગીરી વિશે નોંધે છે કે, તેમને માટે બને તેટલું દવાખાનાનું અને કૂવાનું કામ કરવું જોઈએ. ઉપરાંત નડિયાદના અંત્યજ આશ્રમની મારફત ગઈ સાલ ભજન મંડળીની કંઈક રચના કરવામાં આવી હતી, તે ઉપરથી એવી ખાતરી થઈ છે કે, અંત્યજોની ભજન મંડળીઓને સારી તાલીમ આપવાથી અને તેમની મદદથી અંત્યજોની ધર્મપ્રવૃત્તિ જાગૃત કરવાથી તેમનો સુધારો સત્વરે થઈ શકે એમ છે, માટે તે ખાતે પણ કેટલોક ખર્ચ કાર્યાલયના અંદાજમાં સમાવવામાં આવ્યો છે.[૩૫]

(૮) ગાંધીજીની ખાસ સૂચના મુજબ મુખ્યત્વે કરીને ઉચ્ચ વર્ણના હિંદુઓને જ શિક્ષક તરીકે રાખવામાં આવ્યા છે. તેમ કરવાથી જ અસ્પૃશ્યતાનું નિવારણ કરવાનો મૂળ ઉદ્દેશ્ય સાધી શકાય. બે જ અંત્યજ શિક્ષકોને અત્યાર સુધીમાં રોક્યા છે અને એક ખ્રિસ્તી ભાઈને અને તેની સ્ત્રીને નડિયાદમાં અપવાદરૂપે મદદનીશ શિક્ષકો તરીકે નીમ્યાં છે. આ મંડળની સહાયથી ભાવનગર, લીંબડી, વઢવાણ, વગેરે સ્થળોએ પણ શાળાઓ સ્થપાઈ છે. કૂવા અને દવા વગેરેનું કામ પણ શાળાઓમાં અને બીજે સ્થળે શરૂ કરવામાં આવ્યું છે. અંત્યજોને ભાઈ ગણીને તેમની સેવા કરવાનું વ્રત ૧૧ ભાઈઓએ લીધું છે. ગુજરાત પ્રાંતિક સમિતિએ તો જાણે પ્રજા ઉપર શ્રધ્ધા રાખી આ મંડળને જોઈતી રકમ આપી છે. હવે સૌ સખીજનો પ્રાંતિક સમિતિને રકમ બનતી ત્વરાથી પૂરી કરી આપશે એવી આશા છે.[૩૬]

(૯) ગુજરાતમાં ઠેર ઠેર પ્રવાસો કરી અસ્પૃશ્યોની મુશ્કેલીની માહિતી મેળવી. એ દૂર કરવા અનેક કૂવાઓ ખોદાવ્યા. એમની સેવા માટે બે આશ્રમો સ્થાપવામાં આવ્યા. ૩૦ શાળાઓ ચાલુ કરવામાં આવી. ઈ.સ. ૧૯૨૭માં રેલસંકટ વખતે અંત્યજોના કૂવાઓ પુરાઈ જવાને કારણે એમને પાણીનો ભારે ત્રાસ પડેલો. એ જોઈ ઠક્કરબાપાએ એમના કૂવા ગળાવવા રેલરાહત સમિતિના ફંડમાંથી ૫૦,૦૦૦/- રૂપિયા જેટલી રકમ ફાળવી. બીજા ફંડોમાંથી પૈસા મેળવી કુલ ૯૨,૦૦૦/- રૂપિયા ખર્ચી ઘણા જૂના કૂવાઓનું સમારકામ કરાવ્યું અને ૨૦૦ જેટલા નવા કૂવા ગળાવ્યા. અંત્યજોની સહકારી મંડળી સ્થાપવામાં અને જૂની મંડળીઓને વ્યવસ્થિત કરવામાં ઠક્કરબાપાએ સુંદર કામગીરી બજાવી હતી.[૩૭]

અંત્યજ સેવા મંડળની કામગીરી ઈ.સ. ૧૯૨૩ થી ઈ.સ. ૧૯૩૬ સુધી ચાલી હતી. અંત્યજ સેવા મંડળ તેના ઉદ્દેશ્યમાં સફળ થઈ હતી. તેમ છતાં, તેને ઘણી વખત સામા પવને ચાલવાનો વારો આવ્યો હતો. ઘણીવાર અંત્યજ શાળા માટે શિક્ષક મળતા ન હતા. જો શિક્ષક મળે તો અંત્યજ વિદ્યાર્થીઓ મળતા ન હતા. આવા ઉતાર-ચઢાવ અને

સવર્ણોનો વિરોધ હોવા છતાં અંત્યજ સેવા મંડળ એક દાયકા સુધી કાર્યરત રહ્યું. એ જ તેની સિધ્ધિ ગણી શકાય.

## ➢ સત્યાગ્રહ આશ્રમ

સત્યાગ્રહ આશ્રમની સ્થાપના ૨૫મી મે, ૧૯૧૫માં થઈ હતી. કોચરબમાં જીવણલાલ બૅરિસ્ટરના મકાનને ભાડે રાખી ત્યાં આશ્રમ શરૂ કર્યો. આશ્રમનો અનુભવ તો ગાંધીજીને દક્ષિણ આફ્રિકાનો હતો જ. ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમના ખ્યાલોમાં, જાતમહેનત, સર્વધર્મ સમભાવ, વ્રતમય જીવન વગેરે તો તેમના આશ્રમવાસીઓ માટે સહજ હતા. ગાંધીજીના આશ્રમમાં જાતમહેનત કરતા જોઈ, દળવા-ખાંડવાનું જાતે કરતા જોઈ લોકો આશ્ચર્ય અનુભવતા હતા. ગાંધીજી નાનપણથી જ અસ્પૃશ્યતાના વિરોધી હતા. ગાંધીજી પોતાની આત્મકથા સત્યના પ્રયોગોમાં લખે છે કે, અમદાવાદના મિત્રોની સાથે સંવાદમાં અસ્પૃશ્યનો પ્રશ્ન ચર્ચાયો હતો ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે, જો કોઈ લાયક અંત્યજ ભાઈ આશ્રમમાં દાખલ થવા માગશે તો હું તેને જરૂર દાખલ કરીશ. જો કે એક વૈષ્ણવ મિત્રએ પોતાના મનને સંતોષ આપવા કહ્યું કે, 'તમારી શરતનું પાલન કરી શકે એવા અંત્યજ ક્યાં રેઢા પડ્યા છે.[૩૮] જોતજોતામાં અમૃતલાલ ઠક્કરનો કાગળ મળ્યો કે, 'એક ગરીબ અને પ્રામાણિક અંત્યજ કુટુંબ છે. તેની ઈચ્છા તમારા આશ્રમમાં આવીને રહેવાની છે. તેને લેશો ?' ગાંધીજી પોતાની આત્મકથામાં લખે છે કે, હું ભડક્યો ખરો. ઠક્કરબાપા જેવાની ભલામણ લઈને આવનાર અંત્યજ કુટુંબ આટલું વહેલું આવે એવી મેં મુદ્દલ આશા રાખી નહોતી. સાથીઓને કાગળ વંચાવ્યો. તેમણે વધાવ્યો. તે કુટુંબ આશ્રમના નિયમ પાળવા તૈયાર હોય તો તેને લેવાની તૈયારી ભાઈ અમૃતલાલ ઠક્કરને જણાવી એટલે દૂધાભાઈ, તેમના પત્ની દાનીબેન અને રીખતી ધાવણી લક્ષ્મી આવ્યાં. દૂધાભાઈ મુંબઈમાં શિક્ષકનું કામ કરતા હતાં. નિયમોનું પાલન કરવા તૈયાર હતા. તેમને આશ્રમમાં પ્રવેશ આપ્યો પણ જેવો આ અસ્પૃશ્ય પરિવાર આશ્રમમાં દાખલ થયો કે અસ્પૃશ્યતાનું સ્વરૂપ

પ્રગટ થયું. સહાયક મિત્રમંડળમાં ખળભળાટ થયો. જે કૂવામાં બંગલાના માલિકનો ભાગ હતો તે કૂવામાંથી પાણી ભરવામાં જ અડચણ આવવા લાગી. કોશવાળાને પાણીના છાંટા અડે તો તે અભડાય. તેણે ગાળો શરૂ કરી. દૂધાભાઈને પજવવાનું શરૂ કર્યું. ગાળો સહન કરવાનું ને દૃઢતાપૂર્વક પાણી ભરવાનું જારી રાખવાનું ગાંધીજીએ બધાને કહી દીધું હતું. મકાન માલિકનો વિરોધ જોઈ ગાંધીજીએ સાથીઓની સાથે વિચારી મેલ્યું હતું કે, 'જો આપણો બહિષ્કાર થાય ને આપણી પાસે કશી મદદ ન રહે તોયે આપણે હવે અમદાવાદ નહીં છોડીએ. અંત્યજવાડમાં જઈને તેમની સાથે રહીશું ને જે કંઈ મળી રહેશે તેની ઉપર અથવા મજૂરી કરીને નિર્વાહ કરીશું.'[૩૯]

આંતરિક ખળભળાટ શાંત થયો ન હતો. જેઓએ આશ્રમને આર્થિક મદદ આપવાની પ્રતિજ્ઞા લીધી હતી તેમાંના મુખ્ય સહાયકે મદદ તરત બંધ કરી. જો કે ગાંધીજી તેમના પુસ્તકમાં લખે છે કે, આર્થિક મદદ વિશે 'નરસિંહ મહેતાની હૂંડી' સ્વીકારાયા જેવો બનાવ બન્યો. અણધારેલે ઠેકાણેથી ઓચિંતી તેર હજાર રૂપિયાની નોટ આવી પડી. આ તેર હજાર રૂપિયા શહેરના જાણીતા શેઠ અંબાલાલ સારાભાઈ આવીને આપી ગયા હતા. અણધારેલે ઠેકાણેથી ઓચિંતી તેર હજાર રૂપિયાની નોટ આવી પડી એટલે, આશ્રમવાસીઓએ ગમે તે સંકટે સહન કરીને પણ દૂધાભાઈને વળગી રહેવાની પ્રતિજ્ઞા કરેલી. તે ભારે સંકટો ખમ્યા સિવાય પળાઈ ગણી શકાય. આમ, આશ્રમ અસ્પૃશ્યતા નિવારણ બાબતમાં પાસ થયું. ગાંધીજી લખે છે કે અસ્પૃશ્ય કુટુંબ છૂટથી આવજા કરે છે, આશ્રમમાં વસે છે. દૂધાભાઈની લક્ષ્મી કુટુંબની જ હોય એમ થઈ ગઈ છે.[૪૦]

સુમંત મહેતા નોંધે છે કે, અંત્યજના (આશ્રમમાં અને તેની આસપાસ) પ્રશ્ન વિશે ખુબ ચર્ચા ચાલતી હતી અને એમની (ગાંધીજીની) આત્મકથામાં આશ્રમનાં અંત્યજ છોકરાઓને લીધે આસપાસના પાણી ભરનારા લોકો સાથે જે ઝઘડો થવાનું વર્ણન લખ્યું છે. તેનો ઉત્તરાર્ધ એમાં લખેલો નથી. તે મારા સાંભળવામાં આવ્યો હતો. અંત્યજોને આશ્રમમાં રાખે અને બધા સાથે જમે એ ભ્રષ્ટાચાર કસ્તૂરબાને ગમતો નહોતો અને તેથી

ગાંધીજી અને કસ્તૂરબા વચ્ચે ગરમ ચર્ચા થયેલી. ગાંધીજીએ એમ કહ્યું કે, 'જેને આ આશ્રમમાં રહેવું હોય તેમને અંત્યજો સાથે રહેવું પડશે અને એ અંત્યજ લોકો રસોડામાં કામ કરશે.' કસ્તૂરબાને વાંધો એટલો હતો કે એ લોકો રસોડામાં કામ ન કરે. કસ્તૂરબાએ ગાંધીજીને કહ્યું કે, 'હા, તમે જાણો છો કે મારાથી તમને મૂકીને જવાશે નહિ. હિંદુ સ્ત્રી પોતાના ધણીને મૂકીને જતી રહે નહિ. પછી તે ગમે તેવો હોય, તેથી જ તમે મારા પર જૂલમ કરો છો.' કસ્તુરબાએ આવું ગુસ્સે થઈને કહ્યું હતું અને ગાંધીજીએ બધા પુરૂષોની માફક અડધી મશ્કરીમાં ઉડાવ્યું હતું કે, 'તમને જો એ અસહ્ય હોય તો જતા જ રહેવું જોઈએ.' હું અસ્પૃશ્યતામાં માનતો નહોતો. હું ખુલ્લી રીતે વર્ષોથી અડકતો હતો પણ કસ્તૂરબાના વાક્યની અસર મારા પર ઘણી થતી હતી. હું તેમની ચર્ચા કરવા બેસતો નથી. કોઈ પણ જોઈ શકે છે કે ગાંધીજીની દલીલ એટલી જ હતી કે હું મારી માન્યતા પ્રમાણે વર્તીશ. જે તેવી રીતે વર્તવા ખુશ હોય તે મારી સાથે રહે, નહિ તો ચાલતી પકડે. હું તેનો વિરોધ નહિ કરું.[૪૧] આ પછી આભડછેટને પાડનાર સગાઓએ કસ્તુરબાને સમજાવ્યું કે, પતિની પાછળ ચાલતાં પત્નીને પાપ ન જ લાગે, ન ચાલવામાં લાગે. આ માન્યતાએ અસર કરીને કસ્તુરબા શાંત થઈ ગયા.[૪૨] ગાંધીજી અહીં એક સરસ વાક્ય લખે છે કે, હું પોતે એવું માનતો નથી કે, પત્નીનો પતિના પાપમાં તેને સાથ દેવાની કોઈ પણ રીતે ધર્મ હોય પણ અહીં મેં પત્નીના સહયોગનો સ્વીકાર કર્યો, કેમ કે હું અસ્પૃશ્યતા નિવારણને પુણ્યકર્મ સમજતો હતો.[૪૩]

ગાંધીજીના નિકટના સાથી અને આશ્રમના રહેવાસી મગનલાલ સાથે પણ અંત્યજ પરિવારને રાખવા બાબતે પ્રશ્ન હતો, જેને ગાંધીજીએ કળથી કામ લઈ સરળતાથી તેમને સમજાવી દીધા હતા. આ રીતે દૂધાભાઈના પરિવારના આવવાથી આશ્રમમાં જે આંતરિક અશાંતિ ફેલાઈ હતી તેને શાંત કરવામાં આવી હતી.

આવો આંતરિક ખળભળાટ હોવા છતાં ગાંધીજીની અંત્યજ પરિવાર પ્રત્યેની લાગણીમાં કે વ્યવહારમાં સહેજપણ ફરક પડ્યો નહોતો. સત્યાગ્રહ આશ્રમમાં ગાંધીજીએ દૂધાભાઈના

પરિવારને રાખ્યો હતો તેટલું જ પૂરતું નહોતું, સાથે અંત્યજોના ત્રણ ધંધા ગણવામાં આવે છે તે પણ આશ્રમમાં ચાલતા હતા અને પળાતા હતા. તેમાં ધીરે-ધીરે સુધારા થઈ રહ્યા હતા. આશ્રમમાં રહેતા બધાએ અછૂતોનું કામ કરવું જ રહ્યું. ખરું જોતા તેને ધંધો નથી ગણતા પણ ગાંધીજીના મતે પ્રત્યેકનું કર્તવ્ય માનવામાં આવતું હતું. તેથી પાયખાના સાફ કરવાનું હાથોહાથ થાય છે. તે દા. પૂરે બતાવેલી પધ્ધતિ પ્રમાણે થાય છે. મળ આશ્રમની જમીનમાં છીછરો દાટવામાં આવે છે. એથી થોડા જ દિવસમાં તેનું ખાતર બની જાય છે. દા.પૂરનું કહેવું છે કે બાર ઈંચ લગીની જમીન જીવતી છે. તેમાં અસંખ્ય જંતુઓ રહે છે. તેઓનું કામ મેલી જમીનને સાફ કરવાનું છે, ત્યાં લગી હવા અને સૂર્યના કિરણો પહોંચે છે. તેથી તેટલામાં મળ દાટવાથી તે માટીમાં જલદી મળી જાય છે.[૪૪] પાયખાના એવી રીતે બનાવવામાં આવ્યા છે કે તેમાં બદબો ન આવે ને સાફ કરવામાં મુદ્દલ મુશ્કેલી ન આવે. દરેક જણ ઉપયોગ કર્યા પછી તેમાં પુષ્કળ સૂકી ધૂળ નાંખે છે, તે એટલી કે જયારે જુઓ ત્યારે ઉપર સૂકું જ જોવામાં આવે. ગાંધીજીના બધા આશ્રમોમાં પહેલી કુશળતા પાયખાનાં સફાઈની શીખવાતી. માત્ર સ્થાયી આશ્રમવાસીઓને જ નહીં પણ થોડાક દિવસ સારું આવીને રહેવા ઈચ્છનારા મહેમાનોને માટે પણ એ જ કામ સર્વપ્રથમ સોંપાતું. આમા મુખ્ય પ્ર-શિક્ષણ તો સફાઈ-પાયખાના-સફાઈ વિશેના માનસિક પૂર્વગ્રહો અને અવરોધો દૂર કરવાનું હતું. તે વખતે ડોલ જાજરૂ વપરાતા. એમ તો એને સાફ કરવાની પધ્ધતિ પણ દક્ષિણ આફ્રિકાના અનુભવને કારણે ઘણી સુઘડ અને જરાયે ચીતરી ન ચડે એવી કરી દેવામાં આવી હતી.

બીજો ધંધો વણાટનો. જાડી ખાદી ગુજરાતમાં તો અસ્પૃશ્ય વણકરો જ બનાવતા. તેઓનો ધંધો લગભગ નાશ પામ્યો હતો ને ઘણા વણકરો અંત્યજોનું કામ કરતા થઈ ગયા હતા. આશ્રમવાસીઓને વસ્ત્રવિદ્યા શીખવવા માટે સૌરાષ્ટ્રના સારાં વણકર કુટુંબોને ગાંધીજીએ આશ્રમમાં લાવીને વસાવ્યા હતા. એમણે અસ્પૃશ્ય ગણાતા કુટુંબોને ગુરૂસ્થાને બેસાડ્યા અને આશ્રમના કડક નિયમ પાલનમાં અનેક છૂટછાટ આપવામાં આવી હતી.[૪૫] આ રીતે

ગાંધીજીએ વણકરોના ધંધાનો જીર્ણોધ્ધાર કરી તેમને આર્થિક રીતે પગભર બનાવવાની રચનાત્મક પ્રવૃતિનો કાર્યક્રમ સફળ બનાવ્યો ગણાય.

ત્રીજું, ચમારનું કામ આશ્રમમાં દાખલ કરાયું હતું. મહત્ત્વની બાબત તો એ છે કે, ગાંધીજીએ વણકરોના ધંધાનો જીર્ણોધ્ધાર કરી તેમને તથા ચમારોના ચમારકામને આશ્રમમાં શરૂ કરવાથી આ અસ્પૃશ્ય પરિવારોને આર્થિક રીતે પગભર બનાવવાની રચનાત્મક પ્રવૃતિનો કાર્યક્રમ સફળ બનાવ્યો ગણાય.

ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમની રસપ્રદ વાત એ છે કે, આશ્રમ મારફતે અસ્પૃશ્યો માટે નિશાળો ખોલવાનો અને કૂવા ખોદાવવાનો પ્રયાસ પણ ચાલતો હતો. આમાં આશ્રમની પ્રવૃતિ મુખ્યત્વે દ્રવ્ય એકઠું કરવાની છે. અસ્પૃશ્યતા બાબતમાં આશ્રમની ખરી પ્રવૃતિ તો આશ્રમવાસીના પોતાના આચાર સુધારાની છે. આશ્રમમાં ઊંચનીચપણાને કોઈ પણ પ્રકારે સ્થાન જ નહોતું.[૪૬]

સામાન્ય રીતે કહી શકાય કે દુધાભાઈના પરિવારને આશ્રમમાં રાખીને આશ્રમને ઘણા પાઠ મળ્યા છે. શરૂઆતથીજ અસ્પૃશ્યતાને આશ્રમમાં સ્થાન નથી જ એમ સાવ સ્પષ્ટ થઈ જવાથી, આશ્રમની મર્યાદા અંકાઈ ગઈ ને તેનું કામ એ દિશામાં બહુ સરળ થઈ ગયું. આમ છતાં, આશ્રમને તેનો ખર્ચ, વધતો જતો હોવા છતાં મુખ્ય ભાગે ચુસ્ત ગણાતાં હિંદુઓ તરફથી જ મળતો આવ્યો છે. એ કદાચ સ્પષ્ટ રીતે સૂચવે છે કે અસ્પૃશ્યતાની જડ સારી પેઠે હલી ગઈ છે. આના બીજા પુરાવા તો ઘણાયે છે જ પણ અંત્યજની સાથે જ્યાં ખાવા સુધીના વહેવાર રાખવામાં આવે છે ત્યાં પણ પોતાને સનાતની માનતા હિંદુ મદદ આપે એ સામાન્ય પુરાવો ન ગણાય.

આશ્રમના અધ્યાત્મપરાયણ, વ્રતનિષ્ઠા અને પરિશ્રમી સામુદાયિક જીવન દ્વારા ગાંધીજીએ અનેક રચનાત્મક કાર્યકરો પેદા કરેલા. દેશભરમાંથી અનેક સેવાપરાયણ લોકો આશ્રમમાં આવ્યા હતા અને ત્યાં તાલીમ લઈને પોતપોતાના ક્ષેત્રમાં રચનાત્મક કામો શરૂ કરેલા. આમ, સાબરમતીનો સત્યાગ્રહ આશ્રમ દેશભરના સ્વયંસેવકોને દેશ સેવાના યજ્ઞ સારું

તાલીમ આપવા માટેની પ્રયોગશાળા બની રહી હતી. ગાંધીજીના મત મુજબ સત્યાગ્રહીની તાલીમની શરૂઆત આશ્રમ સાથે સંકળાયેલા સર્વ નિયમો આંતરિક શુધ્ધિ સાથે સંબંધિત હતા. કહી શકાય કે ગાંધીજીનું હિંદુધર્મ અને સમાજ અંગેનું ક્રાંતિકારી અને સત્યાગ્રહી પગલું સફળ થયું. ધીમે ધીમે પ્રજામાં હરિજનોને અપનાવવાની પ્રવૃતિ વેગ પકડતી ગઈ અને એકાદ દસકા પછી તો ગાંધીજી હરિજન પ્રવૃતિ મોટા પાયા પર ચલાવીને હિંદુ ધર્મની અને સમાજની સેવા કરવામાં સારી પેઠે સફળ થનાર હતા. આ રીતે ગાંધીજી પોતાના આશ્રમવાસીઓને કસતા અને સમાજને અહિંસક આંચકા આપતા તથા સત્યાગ્રહ માટેનું વાતાવરણ તૈયાર કરી રહ્યા હતા. ગાંધીજીએ મહત્ત્વનું કાર્ય એ પણ કર્યું કે સત્યાગ્રહ આશ્રમ હરિજન સંઘને આપી દીધો, ત્યારથી તેનું નામ સત્યાગ્રહ આશ્રમને બદલે હરિજન આશ્રમ રાખવામાં આવ્યું.

➢ **પ્રથમ ગોળમેજી પરિષદ**

સાયમન કમિશનની ભલામણો મુજબ ભારતને કેવા સુધારા આપવા તેની ચર્ચા કરવા ઈંગ્લેન્ડમાં ગોળમેજી પરિષદો ભરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ભારતમાં આ સમયે સવિનય કાનૂન ભંગનું આંદોલન ચાલતું હોવાથી કોંગ્રેસે તેમાં ભાગ લીધો ન હતો. પ્રથમ ગોળમેજી પરિષદનો સમયગાળો ૧૨/૧૧/૧૯૩૦ થી ૧૯/૧/૧૯૩૧ સુધીનો હતો. પ્રથમ ગોળમેજી પરિષદના ઈતિહાસ પર નજર કરીએ તો, આ પરિષદમાં અસ્પૃશ્યોના અલગ મતદાન અંગે કે હિંદના અલગ મતદાન અંગે કોઈ ખાસ નિર્ણયો લેવાયા ન હતા.તેમ છતાં અસ્પૃશ્યોના ઈતિહાસમાં આ પરિષદનું મહત્ત્વ ઓછું ન હતું. પ્રથમ ગોળમેજી પરિષદમાં બ્રિટીશ પક્ષોના ૧૬, હિંદના દેશી રાજ્યોના ૧૬ અને બ્રિટીશ હિંદના ૫૭ સભ્યો મળી કુલ ૮૯ સભ્યો હાજર રહ્યા હતા.[૪૭] તેમાં આંબેડકરે હરિજનોને અલગ કોમ ગણવાનું સ્પષ્ટ વલણ દર્શાવ્યું હતું. જો કે પ્રથમ ગોળમેજી પરિષદમાં હિંદને આપવાના બંધારણ અંગે પાયાની વાતો થવા પામી હતી, પરંતુ આખરી નિર્ણયો લેવાયા ન હતા.

નોંધવા જેવું છે કે, આ પરિષદમાં કોંગ્રેસ પક્ષે ભાગ લીધો ન હતો. પરિષદની પાંચમી પ્લેનરી બેઠકમાં તા. ૨૦/૧૧/૧૯૩૦ના દિવસે ડૉ. બાબા સાહેબ આંબેડકરે અસ્પૃશ્યોના રાજકીય અધિકારો અંગે જે પ્રથમ ઐતિહાસિક પ્રવચન કર્યું, તે ખરેખર ચિરસ્મરણિય હતું. ડૉ. આંબેડકરની દલિતો માટેની સિંહગર્જના હતી. બહુશ્રુત બૅરિસ્ટરો, વૈભવી રાજા, મહારાજા અને નવાબો, વિચક્ષણ રાજપુરૂષો, જનપ્રિય આગેવાનો, સરકારી સંગઠનોના સરસેનાપતિઓની મળેલી આ પેચીદી પરિષદમાં ભારતના બહિષ્કૃત, મૂંગા, દુઃખી દલિતોના દુઃખને વાચા આપતા ડૉ. આંબેડકરે કહ્યું, 'ભારતના ભાવિ બંધારણ બાબતે અસ્પૃશ્યોના દષ્ટિકોણ અને તેમના અધિકારો અંગેની રજૂઆત કરવા હું આ પરિષદ સમક્ષ ઉપસ્થિત થયો છું. મારા સાથી કાર્યકરશ્રી રાવબહાદુર શ્રીનિવાસ અને મને (આંબેડકર) – અમને બંનેને અસ્પૃશ્યોની કેફિયત વ્યક્ત કરવા તક મળી છે. તે ઐતિહાસિક ઘટના છે. અસ્પૃશ્યોની કેફિયત એટલે ચાર કરોડ ત્રીસ લાખ લોકોની વાત છે. એટલે કે બ્રિટિશ ભારતના ૧/૫ (પાંચમાં) ભાગની જનસંખ્યાની, જે ફ્રાન્સ દેશની જનસંખ્યા જેટલી છે તેની આ કરુણ કથની છે. આ અસ્પૃશ્ય લોકો મુસલમાનોથી અલગ છે.'[૪૮]

આ પ્રથમ ગોળમેજી પરિષદમાં મહત્ત્વના નિર્ણયો થયા નહિં. તેમ છતાં આ પરિષદ ઐતિહાસિક બની હતી. પ્રથમ ગોળમેજી પરિષદની ફલશ્રુતિ એટલે દલિતોના પ્રશ્નોનો રાષ્ટ્રીય સમસ્યા તરીકે થયેલો સ્વીકાર, દલિત વર્ગના અલગ અસ્તિત્વનો સ્વીકાર અને સૈકાઓથી બહાર ઊભા રાખેલા દલિતોનો અંદર પ્રવેશ એમ નિઃસંકોચ કહી શકાય.

પ્રથમ ગોળમેજી પરિષદની પૂર્ણાહૂતિ પછી બીજી ગોળમેજી પરિષદની તૈયારીઓ શરૂ થઈ ચૂકી હતી. કોંગ્રેસ અને સરકાર વચ્ચે ૫મી માર્ચ ૧૯૩૧ના દિવસે ગાંધી-ઈર્વિન કરાર થયા હતા. બીજી પરિષદમાં કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે ગાંધીજીને પસંદ કરાયા હતા. તે મુજબ કોંગ્રેસ અને ગાંધીજીએ ગોળમેજી પરિષદ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી.[૪૯] ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૩૧માં કોંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજી લંડન ગયા.

લંડનમાં તેમણે 'ઇસ્ટ એન્ડ' ના મજૂર લત્તામાં રહી લોકસેવામાં રત રહેલાં કુ. મ્યુરિયલ લેસ્ટરના મહેમાન બની તેમને ત્યાં રહેવાનું પસંદ કર્યું. તો અંગ્રેજોએ પોતાની સલ્તનત ચાલુ રાખવા મુસ્લિમ લીગ તરફથી ઝીણા અને દલિતો તરફથી આંબેડકરને પ્રતિનિધિઓ તરીકે આમંત્રણ આપ્યું હતું.

## ➢ બીજી ગોળમેજી પરિષદ

આ પરિષદમાં આગળ જોયું તેમ કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે ગાંધીજી, દલિતોના પ્રતિનિધિ તરીકે આંબેડકર, મુસ્લિમોના પ્રતિનિધિ તરીકે જિન્હાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ડૉ. આંબેડકરે રાજકીય પ્રભુત્વ દ્વારા અસ્પૃશ્યોની ઉન્નતિ માટેનો તેમનો મરણિયો પ્રયાસ આરંભ્યો. અંગ્રેજ સરકારની  વહીવટની નીતિ જ 'ભાગલા પાડો અને રાજ્ય કરો' ની હતી. તેઓને તો હિંદુ અને મુસલમાન, તેમજ હિંદુ સવર્ણો અને અસ્પૃશ્યો, એમ અખંડ ભારતમાં જેટલા ભાગલા પડે તેટલા આવકારદાયક હતા. મિ. જિન્હાની મુસલમાન માટેની, તેમજ ડૉ. આંબેડકરની દલિત કોમો માટેની માંગણી સ્વાભાવિક રીતે અંગ્રેજોને ગમી ગઈ. તેમણે કોંગ્રેસ વિરુદ્ધ મુસ્લિમ લીગ અને દલિતવર્ગ સંઘને મહત્ત્વ આપ્યું.

બીજી ગોળમેજી પરિષદ વખતે બ્રિટિશ સરકાર હરિજનોને હિંદુ જાતિમાંથી અલગ પાડવાની કોશિશ કરવા લાગી હતી અને તે જોઈને ગાંધીજીએ ગોળમેજીમાં જ પડકાર કરેલો કે એવા કોઈપણ પ્રયાસનો તેઓ પ્રાણને ભોગે પણ સામનો કરશે. કોમી ચુકાદો બહાર પડવાની તૈયારીમાં હતો, તે પહેલાં જ સરકારને ફરીથી ચેતવવા માટે ગાંધીજીએ તા.૧૧/૩/૧૯૩૨ના રોજ ભારત મંત્રી સેમ્યુઅલ હોરને પત્ર લખી જણાવ્યું કે, હરિજનોને અલગ મતાધિકાર આપવામાં આવશે તો તેઓ આમરણાંત ઉપવાસ કરનાર છે.

ગાંધીજીની અલગ મતદાનના વિરોધમાં સામાજિક અને સાંપ્રદાયિક ચર્ચાઓ ઘણી દૃઢતાપૂર્વક રહી. તેમ છતાં આ બધી જાહેર અને ખાનગી ચર્ચાઓ સફળ થઈ ન હતી. ત્રણ ત્રણ વખત બેઠકો સ્થગિત કરવી પડી અને છેલ્લે તો આ અલગ મતદાનની માંગણી

કરનાર સમિતિએ સૂચના મોકલાવી દિધી કે તેઓ કોઈપણ નિર્ણય લઈ શક્યા નહીં. ડૉ. આંબેડકર દલિતો માટે અલગ મતદાન મંડળ માંગતા હતા. શિખો સિવાયના બીજા બધા અલ્પ સંખ્યકોનું તેમને સમર્થન હતું. આંબેડકરે એમ પણ જણાવ્યું હતું કે, બ્રિટીશ સરકાર હિંદુસ્તાનિયોને સત્તા આપી દે તેની પણ ચિંતા દલિતોને નથી. તેમણે ક્યારેય માંગી નથી અને ક્યારેય આંદોલન પણ કર્યું નથી. શિખો અને મુસલમાનોએ કહ્યું કે, જ્યાં સુધી આ જાતિય અને સાંપ્રદાયિક પ્રશ્નનો નિર્ણય ના થાય ત્યાં સુધી તેઓ સંઘયોજનાને સંમતિ આપે નહીં. આગાખા બધા અલ્પસંખ્યક લોકોનું નેતૃત્વ કરતા હતા. પ્રધાનમંત્રીએ આ બધી જાતિઓ તરફથી મહંમદ આગાખાને એક સ્મૃતિ-પત્ર આપ્યું હતું. જેમાં તેમણે (આગાખાને) બંધારણીય અધિકારો અને જાતિઓનું અલગ પ્રતિનિધિત્વની સાથે અલગ મતદાન મંડળ અને નાગરિક અધિકારોની માંગણીઓ કરી હતી. ગાંધીજીએ સમિતિના અધ્યક્ષને સૂચના આપી હતી કે જ્યાં સુધી હિંદુ, શિખ અને મુસલમાનોની વાત છે તો, તેઓ પ્રધાનમંત્રીના નિર્ણયને માન્ય રાખશે અને કોંગ્રેસને પણ ભલામણ કરી દેશે કે તેઓ પણ સ્વીકાર કરી લે. પરંતુ આગાખાન, જિન્ના, શૌકતઅલી અને મહમ્મદ ઈકબાલે જાહેર કર્યું કે, જ્યાં સુધી બધા અલ્પસંખ્યકોના હસ્તાક્ષર ના થાય ત્યાં સુધી તેઓ કોઈ પણ નિર્ણયનો સ્વીકાર કરશે નહીં.

તા.૧૭ નવેમ્બરે મેકડૉનાલ્ડે અલ્પસંખ્યકોને તેમના ઉપર મુજબના નિર્ણયને મંજુરી આપી દિધી. દલિતોની પણ અલગ મતદાન મંડળની માંગણી હતી, પરંતુ ગાંધીજીએ અલગ મતદાન મંડળના વિરોધમાં કહ્યું કે, ‘બીજાના અલ્પસંખ્યકોના અલગ મતદાન મંડળની માંગને હું સમજી શકું છું, પરંતુ દલિત જાતિઓ માટે અલગ મતદાર મંડળોની માંગ મારા માટે સૌથી વધારે ઘાતક પ્રહાર છે. આનો અર્થ છે સદાને માટે જુદા પડવું. ભારતની આઝાદી માટે હું અસ્પૃશ્યોના હિતોને નથી વેચી શકતો. હું દાવો કરું છું કે જો કદાચ અસ્પૃશ્યોનો મત લેવામાં આવે તો તેઓ મને જ ચૂંટશે, સૌથી વધારે વોટ તેઓ મને જ આપશે. અમે નથી ઈચ્છતા કે અમારી મતદારોની યાદીમાં અસ્પૃશ્યોના નામ અલગથી

લખાય. શિખ, મુસલમાન અને યુરોપિયન હંમેશ માટે અલગ લખાય પરંતુ અસ્પૃશ્ય શું હંમેશ માટે 'અસ્પૃશ્ય' જ લેખાશે ? આ અસ્પૃશ્યને અમર બનાવવા કરતા હું ઈચ્છું કે આ હિંદુ ધર્મ જ નાશ પામે. આખા સંસારનું રાજ્ય મળે તો પણ તેમના અધિકારોને નહીં વેચું. જે લોકો અસ્પૃશ્યોના રાજકીય અધિકારોની વાતો કરે છે, તેઓ ભારતીય સમાજની રચનાને જ નથી ઓળખતા. એટલા માટે હું મારી પૂરી તાકાતથી કહું છું કે આ વિરોધમાં હું એકલો પણ રહી જોવ, તો તેના વિરોધમાં મારા પ્રાણોની બાજી લગાવી દઈશ.[૫૦]

અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે, પોતાને એક સપૂત તરીકે ઓળખાવનાર ગાંધીજીએ શા માટે અસ્પૃશ્યોને મળતા અધિકારોનો વિરોધ કર્યો ? ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું હતું કે,'જો અલગ મતદાર મંડળોથી અસ્પૃશ્યતા દૂર થતી હોય તો તેમ કરનારો હું સૌથી પ્રથમ હોત પરંતુ અલગ મતદાર મંડળોથી ન તો હરિજનોનું કલ્યાણ છે કે ન હિંદુઓનું.'[૫૧]

બ્રિટીશ વડાપ્રધાન મેકડોનાલ્ડે ૨૭મી ઓગષ્ટ, ૧૯૩૨ના રોજ કોમી ચુકાદો બહાર પાડ્યો. એ મુજબ મુસલમાન, શીખ, યુરોપિયનો, ખ્રિસ્તીઓ, એંગ્લો ઈન્ડિયનો અને દલિત વર્ગો બધાને અલગ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હતું. એક રીતે જોઈએ તો આ એવોર્ડથી ડૉ. આંબેડકરની દલિત વર્ગોના હિતો અને ઉન્નતિ માટેની વિચારસરણી સફળ નીવડી એમ કહી શકાય. આ એવોર્ડ અનુસાર પછાત વર્ગોને બેવડો મતાધિકાર મળ્યો. એક તેમની અલગ બેઠકો માટે અને બીજો સામાન્ય બેઠકો માટે. આ ઉપરાંત અલગ મતદાર મંડળો અને અનામત બેઠકો ૨૦ વર્ષ સુધી રહેશે તેમ જાહેર કર્યું.[૫૨] હરિજનોને અલગ મતાધિકાર આપવાનું જાહેર થતા ગાંધીજીએ તા. ૧૮/૮/૩૨ના રોજ બ્રિટીશ વડાપ્રધાનને જાણ કરી કે તા. ૨૦/૯/૩૨ સુધી આ પ્રશ્ન યોગ્ય રીતે નહીં પતે તો પોતે આમરણ ઉપવાસ કરનાર છે. વડાપ્રધાને જવાબ આપવામાં ઘણો સમય લીધો અને તા. ૨૦/૯/૩૨ના રોજ સરકારના ચુકાદાનો બચાવ કરતો જવાબ વાળ્યો. ગાંધીજીએ વડાપ્રધાનને પોતાના નિશ્ચયને વળગી રહેવાનો પત્ર લખી તેમની સાથેનો પત્રવ્યવહાર પ્રગટ કર્યો.[૫૩]

તેઓ સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા કે ઉપર મુજબના અધિકારોથી અંગ્રેજ સરકારનો હેતુ હિંદુઓનાં ભાગલા પાડવાનો છે. જ્યાં સુધી ભારતના લોકો એક અને અવિભાજ્ય નહીં થાય ત્યાં સુધી આઝાદી મેળવવી અસંભવિત છે. વળી હિંદુઓ અને મુસલમાનો વચ્ચે અંગ્રેજ સરકાર તિરાડ પાડવામાં સફળ નીવડી હતી. કોમ્યુનલ એવોર્ડ દ્વારા હિંદુ, મુસલમાન, શીખ, ખ્રિસ્તી, અસ્પૃશ્યો એવી અનેક કોમોમાં તેઓ દેશને અસરકારક રીતે વિભાજિત કરી શકત. હિંદુઓ અને દલિત વર્ગોના ભેદો દ્વારા દેશમાં પણ ભાગલા પાડવાનું દેશ માટે ગાંધીજીને અત્યંત હાનિકારક લાગ્યું. તેમણે રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખી તેનો વિરોધ કર્યો. તેઓ દલિતોને પ્રતિનિધિત્વ આપવાના વિરોધી હતા જ નહીં. ગાંધીજીએ અલગ મતાધિકારનો વિરોધ કરતા જણાવ્યું કે, 'અંગ્રેજોએ ચાલબાજીથી દલિતોને ભયંકર દલદલમાં રાખી મુક્યા છે, તેમાંથી તેમને બહાર કાઢવા માટે ભારતને સ્વતંત્રતા પછી વર્ષો સુધી સતત કાનૂન-નિયમો બનાવવા પડશે. જો તેમને આ દલદલમાંથી કાઢીને રાષ્ટ્રીય સરકાર પોતાના ઘરને વ્યવસ્થિત કરવા માગે છે તો સૌ પ્રથમ તેમણે તેમનો બધો જ ભાર ખભા પરથી હટાવો પડશે. જેની નીચે તેઓ આજે પીસાય છે. એટલું જ નહીં, સતત તેમને રક્ષણ પણ આપવું પડશે. એટલા માટે આજે જે-જે લોકો વધુ પડતો સ્વાર્થી લાભ ઊઠાવે છે તેઓ બધા – જેમ કે જમીનદાર, જાગીરદાર હોય કે ધનિક હોય, અંગ્રેજ હોય કે હિંદુસ્તાની – જો અનુભવ કરે કે તેમની સાથે વધારે ખરાબ વ્યવહાર થાય છે તો તેમની સાથે મારી સહાનુભૂતિ તો હશે જ પરંતુ શક્તિ અને શક્ય હશે તો પણ હું કોઈપણ પ્રકારે તેમની મદદ કરી શકું નહીં, કેમ કે આ કામ માટે મને એમની જ મદદની જરૂરત હશે. તેમની મદદ વગર આ ગરીબોને દલદલમાંથી બહાર કાઢવા અસંભવ છે.'[૫૪] તેઓ કહેતા હતા કે, અસ્પૃશ્યોની સ્થિતિ પર નજર તો નાખો કે તેઓ આજે ક્યાં છે. આજે એમની પાસે જમીન નથી. તેઓ ઉચ્ચ વર્ગના લોકો અને આના લીધે મને કહેવાદો – રાજ્યની દયા પર જીવે છે એમને એક જગ્યાએથી હટાવીને કોઈપણ જગ્યાએ ખદેડી શકાય છે. આની શિકાયત અસ્પૃશ્યો કોઈને પણ કરી શકતા નથી અને

કાયદો પણ તેમની સહાયતા કરી શકતો નથી. કોઈપણ પ્રકારની સમાનતા લાવવા માટે અસ્પૃશ્યોને મફતમાં જમીન આપવી જોઈએ પરંતુ જેમની પાસે વધારે જમીન છે અથવા બીજા ઘણા સંપત્તિના સાધનો છે, તેમની પાસેથી લઈને એમને આપવી જોઈએ, આમા હિંદુસ્તાનની પણ હશે અને અંગ્રેજની પણ. આ નિયમ તો બધાને લાગુ થવો જોઈએ. અંગ્રેજ હોય કે જાપાની હોય, ભારતીય હોય કે અન્ય કોઈ હોય.[૫૫]

અધ્યક્ષ સ્થાનેથી મેકડૉનાલ્ડે અલગ મતાધિકારની જાહેરાત કરી હતી. તે મુજબ આખાય ભારતમાં પ્રાંતની ધારાસભામાં કુલ ૭૧ બેઠકો થતી હતી પણ આંબેડકરની માંગણી તો ૯૭ બેઠકોની હતી. કોમી ચુકાદો (૧૭મી ઓગષ્ટ,૧૯૩૨) આવ્યા પછી તો સામાજિક સુધારાની પ્રવૃતિ રાજકીય અને રાષ્ટ્રિય દૃષ્ટિએ અનિવાર્ય બની ગઈ, કારણ કે મુસ્લિમ લીગનું કોમવાદી રાજકારણ દલિત વર્ગોને પોતાના અલગ રાજકીય અધિકારો માટે પ્રોત્સાહિત કરતું હતું. પરિણામે દલિતોનો ઉધ્ધાર રાષ્ટ્રવાદ માટે અનિવાર્ય બની ગયો. તેથી સામાજિક સુધારાનું આંદોલન રાષ્ટ્રીય આંદોલનનો એક ભાગ બની ગયું.[૫૬] અસ્પૃશ્યતાની નાબૂદી માટે પ્રવૃતિઓ કરી રહેલા સમાજસુધારકોના કાર્યને, ઉપસ્થિત થયેલાં કેટલાક પરિબળોએ, ખૂબ પ્રેરણા આપી. મુસ્લિમ લીગે, તેની રાજકીય માંગણીઓમાં હિંદુઓ વિરુદ્ધ એક મુદ્દો ઉઠાવ્યો. તેણે જણાવ્યું કે, હિંદુઓ પોતાની બહુમતીનો દાવો કરી વધારે બેઠકો મેળવવાની રજૂઆત કરે છે. તે છીછરી છે, કારણ કે દલિત વર્ગોને (કે જેઓની વસ્તી હિંદુસમાજમાં ખૂબ મોટી ટકાવારી ધરાવે છે.) ખરેખર હિંદુઓ ગણાવી શકાય નહીં. વસ્તીગણતરીના કમિશ્નર એડવર્ડ ગેટે દલિત પ્રજાને હિંદુ પ્રજાથી અલગ ગણીને આ વિવાદને ટેકો આપ્યો. મુસ્લિમ લીગે કોમી મતદાર મંડળોની માગણી મૂકીને હિંદુઓના પ્રમાણમાં તેને (મુસ્લિમોને) કેન્દ્ર અને પ્રાંતિક ધારાસભાઓમાં ઓછી બેઠકો - ઓછું પ્રતિનિધિત્વ ન મળે તે માટે ચૂંટણીમાં દલિત વર્ગોને હિંદુઓથી અલગ ગણવાની સરકાર સમક્ષ રજૂઆત કરી. સરકારે પણ હિંદુ સમાજમાં ભાગલા પાડવાના બદઈરાદાથી પ્રેરાઈને મુસ્લિમ લીગની માગણીને સ્વીકારી લીધી. પરિણામે

આવા અશુભ ચિન્હોએ, દલિત વર્ગોને થતા અન્યાય દૂર કરવા માટે, હિંદુઓના ઉત્સાહને નિઃશંકપણે ઝડપી અને અસરકારક બનાવ્યો કે જેથી દલિતોને હિંદુ સમાજના એક અને અવિછિન્ન ભાગ તરીકે બનાવી શકાય.[૫૭]

બીજી ગોળમેજી પરિષદમાં સૌથી વધારે મહત્ત્વની લઘુમતિ સમિતિ હતી. તા.૧૩મી નવેમ્બર, ૧૯૩૧ ના રોજની લઘુમતિ સમિતિની છેલ્લી બેઠકમાં ભાષણ કરતા ગાંધીજીએ સ્પષ્ટ કર્યું હતું કે, હિંદુસ્તાનની અન્ય લઘુમતિનાં પ્રશ્નો અને દાવાઓ એ જુદી બાબત હતી, જ્યારે અસ્પૃશ્યોના દાવાઓ જુદી બાબત હતી. ગાંધીજીને માટે ડૉ. આંબેડકરનો અસ્પૃશ્યો વતીનો દાવો 'વજ્રઘાત' સમાન હતો અને તેનાથી હિંદુ સમાજના ભાગલા થઈ શકતા હતા. ડૉ. આંબેડકર આ બાબતે ભયંકર ભૂલ કરી રહ્યા છે અને અસ્પૃશ્યો વતી માત્ર તેમને એકલાને જ બોલવાનો અધિકાર નથી તેવું ગાંધીજીને લાગ્યું હતું. ગાંધીજી માનતા હતા કે, 'અસ્પૃશ્યતા જીવતી રહે તેના કરતાં તેનો નાશ થઈ જાય એમ વધારે ઈચ્છતા હતા. છેલ્લે આ ભાષણની પૂર્ણાહૂતિ કરતાં તેમણે કહ્યું કે, આ વસ્તુનો વિરોધ કરનાર હું એકલો હોઈશ તો પણ મારા પ્રાણાર્પણથી હું તેનો વિરોધ કરીશ.[૫૮]

બ્રિટીશ વડાપ્રધાન મેકડોનાલ્ડે સાંપ્રદાયિક ચુકાદાની જાહેરાત કરી હતી. એ મુજબ, દલિતોની અલગ મતાધિકારની ન્યાયી માંગણી સ્વીકારી હોવાથી દલિતોમાં સર્વત્ર આનંદ વ્યાપી ગયો હતો. આ અલગ મતાધિકારના સંદર્ભમાં ગાંધીજીએ ડૉ. આંબેડકર સમક્ષ ગોળમેજી પરિષદની, નિરજા ઈસ્માઈલના નિવાસ સ્થાને અસ્પૃશ્યોની માંગણી સંદર્ભે સમાધાનનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. આ ફોર્મ્યુલા મુજબ અસ્પૃશ્ય ઉમેદવારોએ સિધ્ધ કરવાનું હતું કે, માત્ર અસ્પૃશ્ય હોવાને લીધે તે ચૂંટાયો નથી.[૫૯] ડૉ. આંબેડકરને ગોળમેજી પરિષદની કાર્યવાહીથી ખ્યાલ આવી ગયો હતો કે, 'અલગ મતાધિકાર' મળવાનો છે પછી તેમને આવા છીછરા સમાધાનમાં રસ ન હોય એ સ્વાભાવિક હતું. અત્યંત મહત્ત્વની એવી લઘુમતિ સમિતિ કોઈ સર્વમાન્ય તારણ પર નહીં આવી શકતા, આ બાબતે બ્રિટિશ વડાપ્રધાન સર્વાનુમતે લવાદ નીમીને તેનાં નિર્ણયને સર્વપક્ષોને માન્ય રાખવો તેવા

સૂચનનો આ સમિતિના સર્વે સભ્યોએ માન્ય રાખવો તેવા સૂચનનો આ સમિતિના સર્વે સભ્યોએ લેખિતમાં સ્વીકાર કર્યો હતો. આ સહમતી ગાંધીજીએ પણ આપી હતી.[૬૦] (આ લેખિત આધારને કારણે જ બ્રિટિશ વડાપ્રધાને આ ચૂકાદો જાહેર કર્યો હતો.) તો પછી ગાંધીજીએ આ ચૂકાદાનો વિરોધ શા માટે કર્યો ? તેનો જવાબ એ હતો કે ગાંધીજીએ પોતાની ભૂમિકા અસ્પૃશ્યતાના જીવન પરત્વે પહેલેથી જ સ્પષ્ટ કરી દીધી હતી. ગાંધીજીએ આ પ્રશ્નમાં ૧૧ માર્ચ, ૧૯૩૨ના દિવસે ભારત સચિવ સર સેમ્યુઅલ હોરને પત્ર લખી જણાવ્યું હતું કે, 'અલગ મતાધિકાર એ હિંદુઓનું અંગ કાપવા બરાબર છે.' તે પછી ૯મી સપ્ટેમ્બર, ૧૯૩૨ના દિવસે ઈંગ્લેન્ડના વડાપ્રધાન મેકડૉનાલ્ડને પત્ર લખ્યો. તેમાં જણાવાયું કે, 'હું ખુબ જ દ્રઢતાપૂર્વક કહું છું કે આ મામલો મારા માટે શુધ્ધ ધાર્મિક છે. અસ્પૃશ્યોને અલગ મતાધિકાર અપાશે તો હું તેનો પ્રાણપણે વિરોધ કરીશ.'[૬૧]

બીજી ગોળમેજી પરિષદમાંથી ભાગ લઈને ગાંધીજી ભારત પાછા આવ્યા. આ સમયે ભારતના સમાચાર પત્રોમાં બીજી ગોળમેજી પરિષદની ચર્ચાઓ અને તેનાં સમાચારોએ ખુબ જોર પકડ્યું હતું, ત્યારે 'ફ્રી પ્રેસ જર્નલે' ગાંધીજીના આગમન અસ્પૃશ્યો વધાવવાના છે તેવા સમાચાર પ્રસિધ્ધ કરતાં, ગાંધીજી તરફી અને વિરોધી માનસ ધરાવતાં બંને પક્ષના સમર્થકો વચ્ચે મુંબઈ બંદરે ગાંધીજીના આગમન સમયે હિંસાત્મક બનાવો બન્યા હતા.[૬૨] બધા પ્રાંતના પ્રતિનિધિઓ તેમનું સ્વાગત કરવા મુંબઈમાં ભેગા થયા. વિધિવત્ત સ્વાગત પછી તેમનું વિશાળ સરઘસ નિકળ્યું. આઝાદ મેદાનની સભામાં ખુબ જ ભીડ જામી. આ સભામાં ગાંધીજીએ બધાની સામે ગંભીર અવાજમાં હ્રદયદ્રાવક રીતે કહ્યું કે, 'હું શાંતિ માટે મારાથી થતી કોશિશ કરીશ અને પોતાની તરફથી કોઈ વાતને વળગી રહીશ નહીં.' ગાંધીજીએ પ્રતિજ્ઞા લીધી કે, 'હિંદુ જાતિથી અસ્પૃશ્યોને અલગ કરવાના કોઈપણ પ્રયત્નને સહન નહીં કરું, મોકો મળતા જ તેના વિરોધમાં હું મારા જીવનને આપી દઈશ.'[૬૩] એ પછી ગાંધીજીને પકડીને યરવડા જેલમાં પૂર્યા. અલગ મતાધિકારનો નિર્ણય ગાંધીજી માટે ઊંડો ઘા હતો. કારણ તેઓ દ્રઢપણે માનતા કે એથી તો અસ્પૃશ્યતા કાયમ રહે અને હિંદુ

ધર્મનો નાશ થાય એટલે એમણે તા. ૨૦/૯/૧૯૩૨ને દિવસે આમરણ અનશન આદર્યા. એ અગ્નિપ્રવેશ પૂર્વે પરોઢિયે ત્રણ વાગ્યે ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરને પત્ર લખી એમના આશિર્વાદ માગ્યા. તે જ દિવસે ગાંધીજીના બલિદાનની ઊંડી કદર કરતો ટાગોરનો તાર ગાંધીજીને મળ્યો. એમાં એમણે જણાવેલું, 'અમારા દુ:ખી હૃદય તમારી ભવ્ય તપશ્ચર્યાને પૂજ્યભાવ અને પ્રેમ સાથે અનુસરી રહ્યા છે.'[૬૪] સમગ્ર રાષ્ટ્રે આ ઉપવાસની વેદના અનુભવી આખો હિંદુ સમાજ પશ્ચાતાપના અગ્નિમાં તપવા માંડ્યો.

ઉપવાસ શરૂ કરતા પહેલા ગાંધીજીએ બે વક્તવ્યો આપ્યા હતાં.જેમાં કહ્યું હતું કે, જ્ઞાન અને તપ માટે ઉપવાસ કરવાની પ્રથા સદીઓથી ચાલી આવે છે. મુસલમાન અને ખ્રિસ્તી ધર્મમાં પણ સામાન્ય રીતે આનું પાલન થાય છે. હિંદુ ધર્મનો આત્મશુધ્ધિ અને તપસ્યા માટે કરાયેલા ઉપવાસો માટે ઉદાહરણોથી ભરપુર છે. મેં આત્મશુદ્ધિ કરવાની ખૂબ ચેષ્ટા કરી છે. એનું ફળ એ થયું છે કે મને આત્માનો અવાજ સાંભળવાની, ઠીક-ઠીક સાંભળવાની યોગ્યતા આવી ગઈ છે. મેં આ ઉપવાસ મારા અંતરાત્માના અવાજને જ અનુસરીને શરૂ કર્યા છે. ગાંધીજીએ કહ્યું હતું કે, 'જો કોઈ એમ કહે કે ઉપવાસ તો બીજાને ધમકાવવા માટે છે, તો એનો જવાબ એ છે કે, ઉપવાસ ધમકાવતા નથી પણ જેવી રીતે સત્ય અને ન્યાય વિવશ કરે છે એમ હું મારા ઉપવાસને ન્યાયના પલડામાં રાખવા માંગુ છું. ઉપરથી દેખનારને મારા આ ઉપવાસ બાળકોની રમત જેવા લાગતા હશે પણ મને એવું નથી લાગતું. જો કદાચ મારી પાસે અન્ય કશું હોત તો આ પાપનો નાશ કરવા માટે મેં બધું આપી દેતો, પરંતુ મારી પાસે પ્રાણથી વધારે કશું છે જ નહીં.આ ઉપવાસ એમના માટે છે જેમની મારામાં આસ્થા છે – તે પછી ભારતીય હોય કે વિદેશી જેમની મારામાં આસ્થા નથી તેમના માટે આ ઉપવાસ નથી.'[૬૫]

ગાંધીજીએ તેમના આ ઐતિહાસિક ઉપવાસોથી હિંદુ કોમની કેવળ રાજકીય રીતે જ નહીં પણ ધાર્મિક અને આધ્યાત્મિક રીતે સેવા કરી છે. અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું એક મહાકલંક જ નહીં પણ તેના હાડમાં પડેલો એક મહારોગ બની રહ્યો હતો. એ દૂર કરવો તે દરેક સાચા

હિંદુની ફરજ ગણાય. અંત્યજોને અલગ મતાધિકાર મળે તો તેઓ હિંદુઓથી અલગ થાય, એ તો રાજકીય ગેરલાભ બંને પક્ષે ખરો જ. પરંતુ હિંદુ ધર્મ કલંકિત જ રહે, અશુધ્ધ રહે અને મહારોગી બની રહે તે મહામોટી ખરાબી થાય એમ હતી. વિશ્વને કુટુંબ માનીને આચાર કરનાર ગાંધીજી પોતાની કોમ અને પોતાના ધર્મને પૂરા વફાદાર રહીને જ અન્ય કોમ અને ધર્મને ન્યાય આપી શકાય એમ માનતા હતા એટલે તો સર્વધર્મસમભાવને તેમણે પોતાના આશ્રમના વ્રતની નિયમાવલીમાં દાખલ કર્યો હતો. પોતાની કોમની યોગ્ય સેવા કર્યા વિના અન્ય કોમની સેવા કેમ જ થાય ? તેથી ગાંધીજીએ કોમી ચુકાદાનો પ્રસંગ આવી પડતાં હિંદુ કોમને થઈ રહેલા અન્યાયનો સામનો સફળ રીતે કર્યો. ગાંધીજીએ હરિજન પ્રવૃતિ ઉપાડીને શિથિલ થતી જતી સત્યાગ્રહની લડત તરફથી લોકોનું ધ્યાન આ મહાન અને પાયાના રચનાત્મક કાર્ય તરફ દોર્યું અને તે તરફ હિંદુના સેવકોની અને જુવાનોની કાર્યશક્તિ રોકી દીધી. આ રીતે ગાંધીજીએ ચોખ્ખું જ બતાવી દિધું કે ઉપવાસ અંગ્રેજોની વિરૂદ્ધમાં કે ભારતમાં તેમના વિરોધીઓની વિરૂદ્ધમાં ન હતું. આ ઉપવાસનો મુખ્ય ઉદ્દેશ્ય તો હિંદુઓના અંતઃકરણમાં ધાર્મિક કાર્યશીલતાને જગાડવાનો હતો. ઉપવાસનાં બીજા હેતુ મુજબ, 'ટાઈમ્સ ઓફ ઈન્ડીયા' ના પ્રતિનિધિઓને આપેલી મુલાકાતમાં ચર્ચા કરી હતી કે તેમનો ઉપવાસ અલગ મતદાર મંડળ સામે છે, નહિ કે અનામત બેઠકો સામે.'[૬૭]

ગાંધીજીએ ફક્ત આ કોમી મતદાન વખતે જ ઉપવાસ કર્યા હતા એમ નથી, એ સિવાય ઘણી વખત ઉપવાસ કર્યાના ઉદાહરણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, ગાંધીજીએ તા. ૭મી થી ૧૪મી ઓગસ્ટ સુધી આત્મશુધ્ધિના ઉપવાસ કર્યા. તે અંગે એમણે લખ્યું છે કે, 'અજમેરમાં અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃતિ પ્રત્યે સહાનુભૂતિ રાખનારાઓને હાથે સ્વામી લાલનાથ અને એમના મિત્રોને ઈજા થઈ. તેનું પ્રાયશ્ચિત કરવું એ ઉપવાસનો મૂળ અને નામનો ઉદ્દેશ હતો પણ ખરું જોતાં આ ઉપવાસ સૌ કાર્યકર્તાઓ તેમ જ સહાનુભૂતિ રાખનારાઓએ વિરોધીઓ જોડે કામ લેતા અતિશય, ચોક્કસ અને નિર્દોષ રહેવું જોઈએ. તેવી હાકલરૂપ છે. વિરોધીઓ પ્રત્યે અતિશય આદર

અને વિવેક બતાવવો એ જ આ પ્રવૃત્તિનો સારામાં સારો પ્રચાર છે. આપણે વિરોધીઓને દ્વેષથી નહીં પણ પ્રેમથી, વેરથી નહીં પણ અવેરથી જીતી શકીએ. એ સત્ય કાર્યકર્તાઓના મનમાં ઠસાવવાને આ ઉપવાસ કરવામાં આવ્યો છે.'[૬૭] ગાંધીજીના અન્ય ઉપવાસો વિશે એક નોંધવા જેવો મહત્ત્વનો દાખલો છે કે, મહારાષ્ટ્રના તપસ્વી સેવક આપાસાહેબ પટવર્ધને જેલમાં અંત્યજોનું કામ કરવાની પરવાનગી માંગી. સરકારે તેમને આ કામ કરવાની પરવાનગી આપી નહીં. તેથી ગાંધીજીએ આપાસાહેબના વિષયમાં મુંબઈ સરકારને લખ્યું હતું પરંતુ તેની કોઈ અસર થઈ નહીં. છેવટે આપાસાહેબે ક્રમશઃ જમવાનું ઓછું કરી મૃત્યુ સુધી પહોંચવાનો કાર્યક્રમ શરૂ કરી દીધો. આપાસાહેબની સહાનુભૂતિમાં ગાંધીજીએ પણ ઉપવાસ શરૂ કરી દીધાં. હવે સરકાર ઝૂકી અને આપાસાહેબને મેલું સાફ કરવાની મંજૂરી આપી દિધી હતી. ગાંધીજીના અન્ય ઉપવાસોમાં જોઈએ તો, એક બાજુ હરિજનો માટેની સેવા કરવા કાર્યકર્તાઓની સંખ્યા વધી રહી હતી અને આ કાર્યકર્તાઓને પોતાનું કામ પવિત્રતા, સેવાભાવ અને આત્મશુધ્ધિની ભાવનાથી કરવાની પ્રેરણા આપવા માટે ગાંધીજીએ ૮ મે, ૧૯૩૩નાં દિવસે 'આત્મશુધ્ધિ' માટે ૨૧ દિવસના ઉપવાસ શરૂ કરી દિધા હતા.[૬૮] આ ઉપવાસ વિશે ગાંધીજીએ લખ્યું છે, 'આ ઉપવાસ મારી અને મારા સાથીઓની શુદ્ધિ માટે હૃદયથી કરેલી પ્રાર્થના છે, જેનાથી તેઓ હરિજન કાર્ય વધારે જાગૃકતાથી અને સાવધાની સાથે કરી શકે. હું ભારતના અને સંસારના અન્યમિત્રોને અનુરોધ કરું છું કે તેઓ મારી સાથે પ્રાર્થના કરે કે હું આ અગ્નિ પરિક્ષામાં સફળ થાઉં. હું જીવું કે મરું, જે ઉદ્દેશથી ઉપવાસ કર્યાં છે તે પાર ઉતરે. હું મારા સનાતની ભાઈઓને અનુરોધ કરું છું કે, તેઓ પ્રાર્થના કરે કે આ ઉપવાસનું પરિણામ મારા માટે જે હોય તે, કમ-સે-કમ પેલું સોનેરી ઢંકણ ખૂલી જાય જેણે સત્યને ઢાંકી રાખ્યું છે.'[૬૯] ૧લી ઓગસ્ટ, ૧૯૩૩ સુધી ગાંધીજીએ આશ્રમથી રાસ સુધી કૂચ કરવાનો કાર્યક્રમ રાખ્યો હતો એટલે ફરી પકડીને એક વર્ષની જેલની સજા કરી યરવડામાં કેદ કર્યાં. હરિજન કાર્ય માટે પહેલાં જે છૂટ આપવામાં આવી હતી તે સરકારે ગાંધીજીને આ વખતે ન આપી એટલે ઉપવાસને

પાંચમે દિવસે ૨૦મી ઓગસ્ટે તેમને સાચૂન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં, ત્યારે પણ તેઓ કેદી જ હતા. ૨૩મીએ તેમણે પ્રજાને આ ઉપવાસ વિશે જણાવતા લખ્યું, 'હું જેલમાં હોઉં કે જેલ બહાર, હરિજનોની સેવા એ જ મારી પ્રિયમાં પ્રિય વસ્તુ હશે, એ મારા પ્રાણરૂપ હશે. અન્ન કરતાં વધારે જીવદાયી હશે. અન્ન વિના હું થોડા દિવસ તો જીવી શકું પણ હરિજન સેવા વિના મારે ક્ષણ પણ જીવવું અશક્ય છે. મારી પરમાત્માને અખંડ પ્રાર્થના છે કે હિંદુ ધર્મમાંથી આ અસ્પૃશ્યતાનુ કલંક ભૂંસાઈ જાઓ અને કરોડો સવર્ણ હિંદુઓને સત્ય સૂર્યનું દર્શન થાઓ.'[૭૦]

ગાંધીજીએ જે હેતુથી ઉપવાસ કર્યા હતા તે દિવસ આવી ગયો આ દિવસનું વર્ણન કરતાં મહાદેવભાઈ પોતાની ડાયરીમાં લખે છે કે, 'સવારે વાતવાતમાં ક્યાંક ક્યાંક વાક્યો નિકળતા હતા, 'લઘુમતિ કરારમાં જે હતું તે જ કર્યું છે.' મહાદેવભાઈએ કહ્યું, મોન્ડફર્ડ સુધારા કરતાં આ નવું બંધારણ વધારે ભૂંડુ છે. બાપુ, એમાં શંકા જ નથી પેલા સુધારામાં તો લખનૌ કરાર આધાર તરીકે લેવાયો હતો. આ તો દેશના એવા ભાગલા પાડ્યા છે કે જેથી દેશ ઊભો જ ન થઈ શકે.'[૭૧] આગળ જોઇ ગયા તેમ ઈ.સ. ૧૯૩૧માં લઘુમતિ સમિતિની પેટા સમિતિમાં લઘુમતિઓનો કરાર રજૂ થયો હતો. જેમાં અન્ય અધિકારોની સાથે અસ્પૃશ્યોને કેન્દ્રિય અને પ્રાંતિય ધારાસભાઓમાં પ્રતિનિધિત્વ આપવાની વાત કરવામાં આવી હતી. જો કે આ કરારમાં અસ્પૃશ્યોની ૧૭૦ બેઠકોની હતી, પરંતુ કોમી ચુકાદામાં તેમને માત્ર ૭૧ બેઠકો જ આપવામાં આવી હતી. એટલે કે અડધાથી પણ ઓછી! છતાં અલગ મતાધિકારની તેમની માગણીનો બ્રિટીશ સરકારે આ ચૂકાદામાં સ્વીકાર કર્યો હતો.

કોમી ચૂકાદો જાહેર થવાના બીજા દિવસે ગાંધીજીએ બ્રિટીશ વડાપ્રધાનને પોતાનો પ્રાણ ત્યાગ કેવી રીતે કરશે તે અને ઉપવાસ શરૂ થવાની તારીખ તથા સમય પણ જણાવી દીધો હતો. કાગળમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, બીજે કોઈ રસ્તે આ ચુકાદાનો વિરોધ કરી શકવાની મને આશા નથી. વળી માન ભરેલા માર્ગ સિવાય બીજી કોઈ પણ રીતે છૂટકારો સાધી લેવાની મારી ઈચ્છા નથી.[૭૨] ઉપર્યુક્ત પત્રના જવાબમાં બ્રિટીશ વડાપ્રધાને ગાંધીજીને પત્ર લખી

પોતાનો બચાવ કર્યો હતો. તે મુજબ આ અલગ મતદાર મંડળ બીજા અલગ મતદાર કરતાં જૂદું છે. આમાં અંત્યજોને બે મત મળવાના હતા, એક સામાન્ય મતદાર મંડળમાં અને એક તેમના ૨૦ વર્ષ સુધી રહેનાર અલગ મતદાર મંડળમાં. આ તબક્કે તેમણે સ્પષ્ટતા કરી કે, 'જેને તમે કોમી મતદાર મંડળો કહો છો એવા અંત્યજ વર્ગના મતદાર મંડળો ન રચવાનો અમે ઈરાદાપૂર્વક પ્રયાસ કર્યો છે અને તમામ અંત્યજ મતદારોને સામાન્ય અથવા હિંદુ મતદાર મંડળમાં દાખલ કર્યાં છે. જેથી ચૂંટણી વખતે સવર્ણ ઉમેદવારોને અંત્યજોના મત માંગવા જવું પડશે અથવા તો અંત્યજ ઉમેદવારોએ સવર્ણના મત માંગવા જવું પડશે. આમ બન્ને રીતે હિંદુ સમાજની અખંડિતતા જળવાઈ રહે છે.' ચૂકાદો શા માટે આપવામાં આવ્યો તેનું કારણ આપતા વડાપ્રધાન મેકડૉનાલ્ડે કહ્યું કે, આજે ભયંકર અધિકાર હિનતાઓ ભોગવી રહેલા અંત્યજોને ભવિષ્યમાં તેમના જીવન ઉપર મોટી અસર પાડનારી ધારાસભાઓમાં તેમના વતી બોલનારા તેમની પસંદગીના થોડા માણસો મળે છે તે અટકાવવાને માટે છે.[૭૩] તો ગાંધીજીએ વળતો જવાબ આપ્યો કે, અંત્યજ વર્ગોને વધારે પ્રતિનિધિત્વ મળે તેની વિરૂદ્ધ હું હોઈ શકુ નહીં. તેમનો વિરોધ માત્ર તેમને હિંદુ સમાજથી અલગ પાડે તે બાબતે હતો.[૭૪] અહીં ગાંધીજીએ સમજૂતીનો સંકેત આપી દિધો હતો. સાથે સાથે તેમણે ૧૫મી સપ્ટેમ્બરના મુંબઈ સરકાર પરના નિવેદનમાં જણાવ્યું હતું કે, 'સમજૂતી થાગડ થીગડ નહિ પરંતુ ખરા દિલની હોવી જોઈએ.'[૭૫]

આ સમસ્યાના ઉકેલ માટે માલવિયાએ ૧૯મી સપ્ટેમ્બરના રોજ મુંબઈમાં એક પરિષદ બોલાવતા ડૉ. આંબેડકરની મુશ્કેલી વધી હતી. આથી તેમણે આગળના દિવસે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતું નિવેદન બહાર પાડ્યું હતું. આ પરિષદમાં ડૉ. આંબેડકરે કહ્યું કે, 'ગાંધીજીએ અસ્પૃશ્યોના હિત વિરૂદ્ધ આમરણ ઉપવાસ કરવા એ દુઃખદ છે. ગાંધીજીના અમૂલ્ય પ્રાણ બચાવવા દરેકે ભારે પ્રયાસ કરવા જરૂરી છે, પરંતુ ગાંધીજીએ સ્પષ્ટ યોજના બનાવી ન હોવાથી આ બાબતમાં માર્ગ કાઢવાનું મુશ્કેલ છે. માત્ર ગાંધીજીના પ્રાણ બચાવવા માટે જ મારા સમાજની હિતની વિરૂદ્ધ યોજના હશે તો હું તેનો સ્વીકાર કરીશ નહિ.'[૭૬]

હા, એ વાત સ્વીકારવી પડે કે ગાંધીજી અને ડૉ. આંબેડકર વચ્ચે પાયાના મતભેદો હતા. ગાંધીજી વર્ણવ્યવસ્થાના ઢાંચામાં રહીને ધીમે ધીમે અને ક્રમે ક્રમે હરિજનોની સ્થિતિ સુધારવાના આગ્રહી હતા. તો ડૉ. આંબેડકર ઉદ્દામવાદી હતા. તેમને ખાતરી હતી કે ભારતમાં વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથાનાં મૂળિયા એટલા તો ઊંડા અને વ્યાપક છે કે જ્યાં સુધી આ અન્યાયી સામાજિક વ્યવસ્થા સામે ઝુંબેશ નહિ કરીએ ત્યાં સુધી હરિજનો સામેના જુલમો એક યા બીજા સ્વરૂપમાં ચાલુ જ રહેશે. આમ આંબેડકરને ગાંધીજીની વિચારસરણીમાં શ્રધ્ધા નહોતી અને તેઓ ખુદ દલિતોમાંથી જ નેતાગીરી ઊભી કરવાના આગ્રહી હતા.

આવા સમયે ૧૬ જુલાઈએ પુનામાં દેશની રાજકીય સ્થિતિ પર વિચાર કરવા માટે એક બેઠક બોલાવાય. અનેક પ્રશ્નો પર ચર્ચા થઈ. સરકાર સાથે સમજુતી કરવા માટે વાઈસરોયને મળીને વાતચીત કરવાનો અધિકાર ગાંધીજીને આપવામાં આવ્યો. તે પ્રમાણે ગાંધીજીએ વાયસરોયને મળવા માટેની મંજુરી માંગી પરંતુ આ પુના-પરિષદ વિશે વાયસરોય પાસે જે ખોટી ભ્રમવાળી માહિતી પહોંચી હતી તેથી વાયસરોયે મળવાનો ઈન્કાર કરી દિધો. પરિણામે દેશે પોતાના સન્માનને સુરક્ષિત રાખવા માટે પુનઃ આંદોલન કરવા માટે વિવશ થવું પડ્યું. આ સમયે સામૂહિક સત્યાગ્રહ બંધ કરી દિધા અને જે લોકો વ્યક્તિગત સત્યાગ્રહ માટે તૈયાર હતા તેમને ગાંધીજી દ્વારા સલાહ આપવામાં આવી.

માલવિયાજીની પરિષદના બીજા દિવસે ગાંધીજીને મળી આવેલા પ્રતિનિધિ મંડળના નેતા ચુનીલાલે જણાવ્યું કે ગાંધીજીને અનામત બેઠકો વિશે કશો વાંધો નથી. બીજા દિવસે સર તેજબહાદૂર સપ્રુએ અનામત બેઠકો અંગે પ્રાથમિક અને નિર્ણાયક તબક્કાવાળી ચૂંટણીની સમજૂતી રજુ કરી. જેમાં અનેક અનામત બેઠક માટે અંત્યજ વર્ગમાંથી પ્રથમ ત્રણ પ્રતિનિધિઓ ચૂંટવામાં આવે અને ત્યારબાદ સંયુક્ત મતદાર સંઘ દ્વારા તેમાંથી એક પ્રતિનિધિને ચૂંટવામાં આવે. આ પ્રકારની રજૂઆત કરી. આ પછી તરત જ આંબેડકરે કહ્યું, 'મહાત્માજી, તમે અમને મોટો અન્યાય કરતા આવ્યા છો. હું અન્યાયી હોઉં એવું લાગે એવો જ કાયમ પ્રસંગ આવે એવા મારા નસીબ છે. એમાં મારો કોઈ ઉપાય નથી.'[૭૭] આંબેડકરે

ગાંધીજીને સર્વ પરિસ્થિતિથી પૂરેપૂરા વાકેફ કરીને એ માટે પોતાનું કહેવું શું છે એ સમજાવ્યું. આંબેડકરની માગણીઓની યથાર્થતા તેમને ગળે ઉતરી. છેલ્લે ગાંધીજીએ આંબેડકરને કહ્યું, 'તમારી વાત પ્રત્યે મને પૂરેપૂરી સહાનુભૂતિ છે. ડૉક્ટર, તમે જે કહો છો તેમાંથી ઘણી વાતો મને યોગ્ય લાગે છે પણ તમે કહ્યું હતું કે, મારા જીવવાનો તમને પણ ખપ છે.'[૭૮] આંબેડકરે જવાબ આપ્યો, 'હા, મહાત્માજી તમે જો તમારું જીવન અસ્પૃશ્ય વર્ગના હિત માટે ખર્ચી નાખો તો તમે અમારા વીરપુરૂષ બનશો.'[૭૯] એ સાંભળીને ગાંધીજી બોલ્યા, 'ઠીક છે મારો જીવ કેમ બચાવવો એ તો તમે જાણો છો તો તે રીતે મારો જીવ બચાવો. કોમી નિર્ણય પ્રમાણે તમારા લોકોને મળેલા અધિકારો છોડવા તમે તૈયાર નથી. એ હું જાણું છું. તમે સૂચવેલી પેનલની રીત હું માન્ય કરું છું પણ એ તમારી પેનલ પદ્ધતિ તમારી અનામત બેઠકને પણ લાગુ કરવી એમ મારું કહેવું તમે માન્ય રાખો. તમે જન્મથી અસ્પૃશ્ય છો અને હું મનથી અસ્પૃશ્ય છું. આપણે બધા એક છીએ. અભિન્ન અને અવિભાજ્ય છીએ. હિંદુ સમાજમાં આવી પડનારી તિરાડો ટાળવા માટે હું મારા પ્રાણ અર્પણ કરવા તૈયાર છું.' આંબેડકરે ગાંધીજીના આ સૂચનને માન્ય કર્યું. મુલાકાત પુરી થઈ અને પેનલ પધ્ધતિમાં કેટલા ઉમેદવારો હોવા જોઈએ. પ્રત્યેક પ્રાંતોમાં અસ્પૃશ્યોને કેટલી જગ્યાઓ મળવી જોઈએ, પ્રાથમિક ચૂંટણીની રીત કેટલાં વર્ષો સુધી ચાલુ રાખવી. અનામત બેઠકોની સગવડ કેટલાં વર્ષો સુધી હોવી જોઈએ, હોદ્દાની જગ્યાઓ કેવી રીતે વહેંચવી સાથે પેનલના ઉમેદવારો અંગે ચર્ચા થઈ. ડૉ. આંબેડકર ત્રણના આગ્રહી હતા. જ્યારે સામા પક્ષે પાંચનો આગ્રહ રાખ્યો. ડૉ. આંબેડકરની માગણી ૧૯૭ બેઠકો અને કેન્દ્રિય ધારાસભામાં વસ્તીના ધોરણે બેઠકો જોઈતી હતી. સામા પક્ષે ૧૨૫ કરતાં વધારે બેઠકો આપવાની તૈયારી ન હતી. બીજો પ્રશ્ન અનામત પ્રથાની પુનઃ વિચારણાનો હતો. ડૉ. આંબેડકર પ્રાથમિક ચૂંટણી દશ વર્ષે થાય તે અંગે સંમત હતાં, પરંતુ રેફરન્ડમ બાબતે ૧૫ વર્ષના આગ્રહી જ્યારે ગાંધીજી પાંચ વર્ષની મુદત આપવા માંગતા હતા. ૨૪મી સપ્ટેમ્બરના રોજ બધા મુદ્દા અંગે સમજૂતી સંધાઈ ગઈ હતી, પરંતુ રેફરન્ડમ વાળો મુદ્દો ઊભો હતો. બન્ને પક્ષ પોતાની માગણી પર અડગ હતા. આથી રાજાજીએ વચલો માર્ગ કાઢ્યો કે

કરારમાં આ બાબતનો ઉલ્લેખ કરવો નહિ. શનિવારે રાત્રે જ આ મુસદ્દો તૈયાર થતાં દલિતો વતી ડૉ. આંબેડકરે સહી કરી અને હિંદુઓ વતી માલવિયાજીએ સહી કરી. રાજાજી આ કરારથી એટલા બધા ખુશ થયા કે તેમણે ડૉ. આંબેડકર સાથે પેનની અદલાબદલી કરી હતી.[૮૦]

## ➢ પૂના કરારની શરતો

પૂના કરારને યરવડા કરાર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેની મુખ્ય શરતો નીચે મુજબ છે.[૮૧]

૧) સામાન્ય મતદાર મંડળમાં અંત્યજ વર્ગો માટે અમુક બેઠકો અનામત રાખવામાં આવશે. પ્રાંતિક ધારાસભામાં નીચે મુજબ બેઠકો અનામત રાખવામાં આવશે. મદ્રાસ-૩૦, મુંબઈ અને સિંધ-૧૫, પંજાબ-૮, બિહાર અને ઓરિસ્સા-૧૮, મધ્ય પ્રાંતો-૨૦, આસામ-૭, બંગાળ-૩૦, યુક્ત પ્રાંતો-૨૦ એમ કુલ ૧૪૮ બેઠકો.

૨) આ બેઠકો માટેની ચૂંટણી સંયુક્ત મતાધિકારના ધોરણે કરવામાં આવશે પણ તે નીચેની પધ્ધતિ અનુસાર થશે. સામાન્ય મતદાર મંડળના મતપત્રકમાં નોંધાયેલા અંત્યજ વર્ગના તમામ મતદારોનું એક ચૂંટણી મંડળ બનશે. અંત્યજ વર્ગના ઉમેદવારમાંથી, તેમને માટે અનામત રાખેલી દર એક બેઠક દીઠ ચાર-ચાર ઉમેદવાર, દરેક ઉમેદવારને એક એક મત આપે એ પધ્ધતિએ તે ચૂંટી કાઢશે. આવી રીતની પ્રાથમિક ચૂંટણીમાં ચૂંટાયેલા ઉમેદવારો સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારો તરીકે ઊભા રહેશે.

૩) વડી ધારાસભામાં પણ અંત્યજ વર્ગનું પ્રતિનિધિત્વ સંયુક્ત મતદારમંડળના અને અનામત બેઠકોના સિધ્ધાંત પ્રમાણે તથા પ્રાંતિક ધારાસભાઓમાં તેમના પ્રતિનિધિઓની ચૂંટણી માટે ઉપર કલમ-૨માં જણાવવામાં આવેલી પધ્ધતિ પ્રમાણે રાખવામાં આવશે.

૪) વડી ધારાસભામાં બ્રિટીશ ઈન્ડિયાના સામાન્ય મતદાર મંડળ માટે જ બેઠકો આપવામાં આવી છે. તેની ૧૮ બેઠકો અંત્યજ વર્ગો માટે અનામત રાખવામાં આવશે.

૫) વડી તથા પ્રાંતિક ધારાસભાઓમાં ચૂંટણી માટે પ્રાથમિક ચૂંટણીથી અમુક વધારે ઉમેદવારો ચૂંટવાની પ્રથા દશ વર્ષે બંધ થશે, સિવાય કે નીચેની કલમ-૬માં જણાવ્યા પ્રમાણે પરસ્પર સમજુતીથી તે વહેલી બંધ કરવામાં આવે.

૬) પ્રાંતિક તથા વડી ધારાસભાઓમાં અનામત બેઠકો દ્વારા અંત્યજ વર્ગોના પ્રતિનિધિત્વની પ્રથા, જેની જોગવાઈ કલમ ૧ તથા ૪ માં કરવામાં આવી છે. તે આ કરારનામાં સાથે સબંધ ધરાવતી કોમો વચ્ચે પરસ્પર સમજૂતીથી બંધ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

૭) વડી તથા પ્રાંતિક ધારાસભાઓમાં અંત્યજ વર્ગોનો મતાધિકાર લોથિયન કમિટીના રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે.

૮) સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટણી પરત્વે તથા સરકારી નોકરીમાં નિમણૂંકોને અંગે, માણસ અંત્યજ વર્ગનો હોય તે કારણે તેને કોઈ પણ જાતની અધિકાર હિનતા લાગુ પડશે નહિ.

૯) અંત્યજ વર્ગના માણસોને કેળવણી લેવાની સગવડો આપવા માટે દરેક પ્રાંતમાં કેળવણી માટે નક્કી થયેલી ગ્રાંટમાંથી યોગ્ય રકમ ખાસ અલગ રાખવામાં આવશે.

ઉપર મુજબના કરારમાં કુલ ૪૧ પ્રતિનિધિઓએ સહિ કરી હતી.

સર તેજબહાદુર સપ્રુની યોજના અને આ કરારની શરતો વચ્ચે બહુ અંતર ન હતું. આથી જ ડૉ. આંબેડકરે આ કરાર બાદ સપ્રુનો ખાસ આભાર માન્યો અને કહ્યું કે, ‘ભારતમાં સાંપ્રદાયિકતાથી જો કોઈ વ્યક્તિ પર હોય તો તે તેજબહાદુર સપ્રુ છે.’[૮૨] આ કરાર દ્વારા આંબેડકર અંત્યજો માટે પ્રાંતિક ધારાસભામાં ૧૪૮ બેઠકો મેળવી શક્યા હતા, પરંતુ તેમને કોમી ચુકાદા મુજબની અલગ મતાધિકાર સાથેની ૭૧ બેઠકો જતી કરવી પડી હતી. ઉપર્યુક્ત કરારની કલમ નં.-૨ ખુબ મહત્ત્વની હતી, કારણ કે તેમાં અંત્યજોને પોતાનો ઉમેદવાર પસંદ કરવાનો એકાધિકાર મળતો હતો અને સંયુક્ત મતદાર મંડળના મતદારે તેમાંથી માત્ર એક જ ઉમેદવારને ચૂંટવાનો હતો. એક રીતે જોઈએ તો આ બાબત અલગ મતાધિકારનું સુધારેલું રૂપ જ હતું. તેને ડૉ. આંબેડકર દશ વર્ષ પછી રદ કરવા માગતા હતા. કોમી ચુકાદો માત્ર પ્રાંતિય

ધારાસભાને જ લાગું પડતો હતો. છતાં આ કરાર દ્વારા અંત્યજોને કેન્દ્રિય ધારાસભામાં પણ ૧૮ % પ્રતિનિધિત્વ મળ્યું હતું.

પૂના કરાર પછી પૂનાના એસેમ્બલી હોલમાં ડૉ.આંબેડકરને મશ્કરીના રૂપમાં રાવબહાદુર ચિતબેએ કહ્યું કે, 'બાબાસાહેબ તમે ઘણું ગજર્યા, પરંતુ છેવટે તો ગાંધીજી જોડે સમાધાન કર્યું.' ડૉ. આંબેડકરે જવાબમાં કહ્યું કે, 'શું કરું રાવસાહેબ મારી પાછળ હાથમાં ખંજર લઈને જયકર ઊભા હતા અને આગળ છાતી ઉપર પિસ્તોલ રાખી સપ્રુ ઊભા હતા. હું નાઈલાજ હતો. પૂના કરારમાં જેની આગવી ભૂમિકા રહી હતી તેવા સપ્રુએ પોતાની આત્મકથામાં એકરાર કર્યો હતો કે, 'પૂના કરાર બંદૂકની અણીએ પાર પાડ્યા હતા.'[૮૩]

પૂના કરાર થયા બાદ કરારનો મુસદ્દો લઈને બિરલા યરવડા જેલ આવ્યા. તેમની પાછળ જ ડૉ. આંબેડકર આવ્યા ત્યારે ઠક્કરબાપાએ કહ્યું, 'આંબેડકરનું હૃદય પરિવર્તન થયું છે.' ગાંધીજીએ કહ્યું, 'એ તો તમે કહો છો આંબેડકર ક્યાં કહે છે.' આંબેડકરે જવાબ આપ્યો કે હા, મહાત્માજી થયું છે. તમે મને બહું મદદ કરી, તમારા માણસોએ મને સમજાવવાનો જેટલો પ્રયત્ન કર્યો તેના કરતાં તમે મને સમજવાનો વધારે પ્રયત્ન કર્યો. મને લાગે છે કે, એ લોકોના કરતા મારા અને તમારામાં ઘણું સામ્ય છે. આજ દિવસોમાં બાપુએ કહ્યું હતું કે, 'હું ય એક જાતનો આંબેડકર જ છુ ના ? ઝનૂનીના અર્થમાં.'[૮૪]

૨૭મી સપ્ટેમ્બર, ૧૯૩૨ના છાપાજોગ નિવેદનમાં ગાંધીજીએ ડૉ. આંબેડકરનો આભાર માનતા કહ્યું કે, 'એમા હૃદયોનું મિલન છે.' ડૉ. આંબેડકર તરફનું નિવેદન હતું કે, 'કહેવાતા સવર્ણ હિંદુઓ જમાના થયા જે અન્યાય આચરતા આવ્યા છે. તેમને સજા પહોંચાડવાને ખાતર પણ તદ્દન બિનસમાધાનકારી અને વિરોધી વલણ તેઓ અખત્યાર કરી શકતા નથી. હિંદુ સમાજથી બહિષ્કૃત થયેલા લોકોને જે ત્રાસ વેઠવા પડ્યા છે. તે માટે મારો જાન એ તો સાવ નજીવી કિંમત ગણાય, પરંતુ તેમણે ઊંચો માર્ગ પસંદ કર્યો. ગાંધીજીના મતે આ સમજૂતી તો કાર્યનો માત્ર આરંભ હતો. તે કાર્ય હતું અસ્પૃશ્યતા નિવારણ.'[૮૫]

૨૬મી સપ્ટેમ્બર, ૧૯૩૩ના રોજ પૂનાના ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બરમાં માલવિયાના પ્રમુખપદે હિંદુઓની સભા મળી. જેમાં ડૉ. આંબેડકરનો આભાર માનતો ઠરાવ થયો અને જાહેર થયું કે અસ્પૃશ્યોને લઘુમતી કરારમાંના સમાનતાના બધા અધિકારો આપવામાં આવ્યા. સાથે એ બાયધરી પણ આપવામાં આવી કે, આ અધિકારને વહેલી તકે કાયદાની મંજૂરી આપવામાં આવશે. સ્વરાજ્ય મળતા સુધીમાં આવી મંજૂરી નહિ મળી હોય તો સ્વરાજ્યની સંસદનો સૌથી પહેલા કાયદામાંનો એક કાયદો આ હશે.[૮૬] પૂના કરાર બાદ હિંદુઓ તરફથી મળેલી આ બાયધરીનું ખૂબ જ મહત્ત્વ હતું, કારણ કે સ્વતંત્ર ભારતના બંધારણમાં સમાનતાની જોગવાઈઓનો બખૂબી સમાવેશ કરવામાં આવ્યો છે. ડૉ. આંબેડકરે આભાર માન્યો કે તમામના સહકારથી આ ગર્વ સિદ્ધ થયું હતું. તેમણે સ્વીકાર કર્યો કે, ‘જ્યારે હું ગાંધીજીને મળતો ત્યારે વાતચીતમાં મને લાગ્યું કે તેમની અને મારી ભાવનાઓમાં ઘણું સામ્ય છે. જો કે તેનું મને આશ્ચર્ય થયું.’ જ્યારે કોઈ મુશ્કેલ પરિસ્થિતિ આવતી ત્યારે ગાંધીજી અંત્યજના પક્ષનું સમર્થન કરતા. ડૉ. આંબેડકરે આ બાબતે કહ્યું કે, ‘જે વ્યક્તિએ ગોળમેજી પરિષદના પ્રસંગે અમારો જોરદાર વિરોધ કર્યો હતો. તે જ વ્યક્તિ પોતાના પક્ષનું સમર્થન ન કરતાં બીજા પક્ષનું સમર્થન કરતા હતા. તે જોઈને મને ઘણું આશ્ચર્ય પણ થયું હતું. મને એક જ વાતનું દુઃખ છે કે ગોળમેજી પરિષદમાં મહાત્માજીએ આવું વલણ કેમ ન અપનાવ્યું.[૮૭] ડૉ. આંબેડકરની સાથે ઘણાને આ બાબત સમજાતી ન હતી, કારણ કે તેઓનો બ્રિટીશ વડાપ્રધાનની જેમ અનામત બેઠકોના વિરોધી હતા. છતાં આ કરારની રાજકીય કરતા સામાજિક અસર વધુ મહત્ત્વની બની રહી હતી, કારણ કે આ સમજૂતી ગોળમેજી પરિષદમાં જ થઈ ગઈ હોત તો ભારતમાં આ સમસ્યા માટે આટલી સામાજિક જાગૃતિ આવી શકી હોત ?

જો કે એક વાત ચોક્કસ સ્વીકારવી પડે કે આ કરારમાં બંને પક્ષોએ કંઈક ને કંઈક બાંધછોડ કરવી પડી હતી.

યરવડા-પૂના કરારનું સમાધાન સ્વીકારતા બ્રિટીશ સરકારે લખ્યું હતું કે, હજુ કાઉન્સિલના પ્રતિનિધિત્વના મતાધિકારનો પ્રશ્ન વિચારાધીન છે, પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે

સરકાર સમાધાનની વિરૂદ્ધ નથી. આ બાજું ગાંધીજી ઉપવાસ તોડવા માટે રાજી તો થયા, પરંતુ સાથે સાથે એમપણ કહી દિધું કે, ઉચિત સમયમાં અસ્પૃશ્યતા નિવારણ વિશેના સુધારા નીતિનિયમ સાથે પૂરા ના થયા તો મારે ફરી નવા તરીકા સાથે ઉપવાસ કરવા પડશે.[૮૮]

અસ્પૃશ્યતાના ઈતિહાસમાં આ કરારે કહીએ કે ગાંધીજીના ઉપવાસે કહીએ અસ્પૃશ્યતાના મૂળીયાને હચમચાવી નાખ્યા હતા. આ ઉપવાસે અસ્પૃશ્યતાની ભાવના પર અસાધારણ ફટકો લગાવ્યો. સનાતની હિંદુઓના હૃદય પર પણ એની ખૂબ અસર થઈ. કેટલાયે મંદિરો હરિજનો માટે ખુલ્લા થયા. જેલમાંથી પણ ગાંધીજીને હરિજનકાર્ય માટે છૂટ મળી. સવર્ણ સમાજના નેતાઓએ ગાંધીજીની સૂચનાથી હરિજન સેવક સઘની સ્થાપના કરી. જેની ચર્ચા હવે પછી આગળ કરવાના છીએ, એટલે અહીં વિસ્તારથી ચર્ચા ઉચીત ગણાશે નહીં. આમ તો ઉપવાસનો મુખ્ય હેતુ તો વાઈસરોય મેકડૉનાલ્ડના નિર્ણયને બદલવાનો જ હતો, પરંતુ આ હલચલે જોતજોતામાં અસ્પૃશ્યતા વિરોધી વ્યાપક સ્વરૂપ ધારણ કર્યું હતું. ગાંધીજીના ઉપવાસને કારણે અને તેમના સેવકોના પ્રયત્નોથી આખા દેશમાંથી લગભગ ૧૫૦ જેટલાં મંદિરો ખુલી ગયા હતા અને એ જ રીતે કેટલીયે શાળાઓમાં હરિજન વિદ્યાર્થીઓને પ્રવેશ મળવા લાગ્યો હતો. મુંબઈ, દિલ્હી, નાગપુર, પૂના અને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં હરિજનો સાથે સહભોજનના કાર્યક્રમો સફળતાપૂર્વક ગોઠવવામાં આવ્યા હતા.[૮૯]

૧૨ માર્ચ, ૧૯૩૩માં ગુજરાતી સામયિક હરિજનબંધુના પહેલા જ અંકમાં ગાંધીજીએ અસ્પૃશ્યતા વિશેના તેમના ઉપવાસ વિશે લખ્યું હતું કે, ‘પણ યરવડાની સમજૂતીથી એ પ્રવૃતિ પ્રતિજ્ઞાનો વિષય થઈ પડી છે. મારો ઉપવાસ મૃત્યુશૈય્યા હતી, બ્રિટીશ પ્રધાનમંડળે એ સમજૂતીનો સ્વીકાર કર્યો.તે તેના અક્ષરનું પાલન હતું પણ હિંદુ ધર્મને નામે હિંદુ પ્રતિનિધિઓએ કરેલી પ્રતિજ્ઞાનું પાલન એ સમજૂતીનો આત્મા હતો અને છે, એમ મેં નેતાગણને તે જ વેળાએ સમજાવ્યું હતું. એ પ્રતિજ્ઞાનું પાલન પ્રતિક્ષણ થયા જ કરશે. એ વિશ્વાસે મેં ઉપવાસ છોડ્યો. અસ્પૃશ્યતા રહે અને મારે જીવવું એ ઝેરનો પ્યાલો છે.[૯૦] આ ઉપવાસ કેમ કરવા પડ્યા તે વિશે પાછળથી પોતાના અંતરની વાત જણાવતાં તેમણે કહ્યું હતું

કે, 'વિલાયતમાં ગોળમેજી પરિષદ ચાલતી હતી એ વખતે નાની ગણાતી કોમો વચ્ચે જે કરાર થયો તે તમે જાણો છો. એમાં હરિજનોનો પણ સમાવેશ કરવામાં આવેલો. એ વખતે મેં હરિજનોને કારણે પ્રાણ હોડમાં મૂકવાનું જણાવ્યું હતું. દીર્ઘદર્શી માણસ તરીકે મેં જોયું કે કંઈક રાજબંધારણ તો આપવાનું જ છે. તેને માટે મેં આ કરારની યોજના સરકાર સ્વીકારશે તો આપણો હરિજન સાથેનો સબંધ તૂટી જવાનો, હિંદુ ધર્મના ભાગલા પડી જવાના. હરિજનો કાં તો નોંખા પડી નવી કોમ બનશે અથવા બીજી કોમમાં ભળી જશે પણ હિંદુ ધર્મનો નાશ થશે. છ કરોડ માણસો ધર્મ છોડીને જાય તેથી ધર્મનો નાશ થશે એમ નહીં પણ એ છોડી જવાના કારણને લીધે નાશ થશે. કોઈને પણ ધર્મ છોડી જવું હોય તો જઈ શકે છે પણ આપણે સવર્ણો એનું કારણ ન થઈએ એટલે પ્રાણ પાથરીને પણ એ ભાગલા અટકાવવાનો ધર્મ મેં જોયો. બ્રિટિશ પ્રધાન મંડળનો મતમંડળો વિશેનો ચુકાદો પ્રગટ થયો ત્યારે હું જેલમાં હતો. છતાં મને લાગ્યું કે મારે આનો વિરોધ કરવાની પ્રતિજ્ઞાનું પાલન કર્યે છુટકો છે, એટલે ૧૯૩૨ના સપ્ટેમ્બરમાં પ્રાયોપવેશન કર્યું.'[૯૧] નારાયણ દેસાઈ તેમના પુસ્તકમાં લખે છે કે, ગાંધીજીના ઉપવાસે અસ્પૃશ્યતાનું નિર્મૂલન કર્યું નહોતું પણ અપ્રતિષ્ઠિત કરી દીધી હતી. ગાંધીજીના ઉપવાસ પછી અસ્પૃશ્યતાને કોઈ સામાજિક પ્રતિષ્ઠા રહી નહોતી. તે એક શરમનો વિષય ગણાતી થઈ ગઈ હતી. અસ્પૃશ્યોની વાજબી માગણીઓ વિશે પહેલાં તો નરી ઉપેક્ષા થતી. તે હવે શક્ય રહ્યું નહોતું. એમના અવાજમાં ઉપવાસે નૈતિક તાકાત ભરી દીધી હતી. ગાંધીજીના તપે સવર્ણ હિંદુઓને પોતાના સમાજ-શરીરને ખાઈ જતાં સેંકડો વર્ષોથી લાગેલા રોગ વિશે સભાન અને સક્રિય કર્યા હતાં.[૯૨] 'વોટ ધે હેવ ગેઈન્ડ' નામના લેખમાં ઠક્કરબાપા જણાવે છે કે, 'ગાંધીજીનો પ્રાણ બચાવી શક્યો એ એક જ વસ્તુ પૂના કરારનું વાજબીપણું બતાવવા પૂરતી છે પણ કહેવાતા સવર્ણો અને જેમને તેઓ અસ્પૃશ્યો તરીકે ઓળખાવે છે એ અંત્યજો વચ્ચે આ ઐતિહાસિક ઉપવાસે જે એકતા સ્થાપિત કરી એ સિધ્ધિને બાજુએ રાખીએ. બ્રિટનના વડાપ્રધાને પોતાનો ચુકાદો ફેરવવો પડ્યો એ વાતને પણ બાજુએ રાખીએ તો પણ આ કરારનું નૈતિક મૂલ્ય ઓછું આંકવું જોઈએ નહીં. તેમણે બ્રિટનને અને દુનિયાને એ વાત

બતાવી આપી કે હિંદુત્વની અંદર હજી પણ સામાજિક જીવંતપણું અને સાંસ્કૃતિક એકવાક્યતા પડેલી છે અને પોતે જ પોતાના પ્રયત્નથી પોતાનું રાજકીય ભાવિ પણ ઘડી શકે છે.'[૯૩]

પૂના-યરવડા કરારનો પ્રભાવ દલિતો અને સવર્ણોમાં કંઈક જુદા પ્રકારનો જોવા મળે છે. દલિતોના પક્ષે આંબેડકર ખુશ જણાતા હતા. તો સામે પક્ષે સવર્ણો ગુસ્સે, રોષે ભરાયેલા હતા. આંબેડકર પૂના કરાર દ્વારા પોતાના સમુદાય માટે પોતે મેળવી શકે તેના કરતા વધારે મેળવ્યું હોવાનો સંતોષ ધરાવતા હતા. તેઓ ગાંધીજીના સંદર્ભમાં ખુશ હતા અને વાસ્તવમાં એમ માનતા હતા કે સોદાબાજીમાં ગાંધીજીએ તેમને સાથ આપ્યો હતો. એવા તમામ નિર્દેશો મળતા હતા કે મોટા ભાગના સવર્ણ હિંદુ નેતાઓ અંતરમનમાં ગુસ્સે હતા અને રોષે ભરાયેલા હતા, કારણ કે તેમણે મોટી સંખ્યામાં બેઠકો છોડવી પડતી હતી અને તેથી તેમની રાજકીય સત્તા અને  તાકાતમાં ઘટાડો થતો હતો. કોમી ચુકાદામાં ૭૧ બેઠકો મળી હતી. જ્યારે આંબેડકર ધારાગૃહોમાં ૧૪૮ બેઠકો મેળવી શક્યા હતા. સવર્ણ હિંદુ નેતાઓને લાગતું હતું કે તેમણે ગાંધીજીના જીવનના બદલામાં ભારે મોટી કિંમત ચૂકવી છે અને આંબેડકરે તેમની ઉપર બીજો એક વિજય મેળવ્યો છે.[૯૪] મકરંદ મહેતા નોંધે છે કે, આ ઉપવાસનું સ્વરૂપ જોવું હોય તો સૌપ્રથમ તો એ કે અસ્પૃશ્યતાને જાળવી રાખવા માટે અમદાવાદીઓએ નવેમ્બર ૧૯૩૨માં સનાતન વર્ણાશ્રમ ધર્મ સંરક્ષણ સંસ્થાની સ્થાપના કરી. આ કાંઈ અકસ્માતરૂપ નહોતું. આ સંસ્થા હિંદુ ધર્મ બચાવવાના નામે સવર્ણોએ આની રચના ગાંધીજીના ઉપવાસ પછી કરી હતી.[૯૫]

અને છેલ્લે, ખાસ નોંધવા જેવું છે કે, ગાંધીજી અનામત બેઠકોની માગણી સાથે સંમત થયા હતા. પ્રશ્ન એ છે કે ક્યારેય એના વિશે કોઈ ચર્ચા થઈ હતી કે કેમ ? એ સ્પષ્ટ થતું નથી. કરારમાં પણ કોઈ નિશ્ચિત સમયગાળો દર્શાવવામાં આવ્યો નથી. અનામત બેઠકો બંને પક્ષો તેનો અંત લાવવા માંગે ત્યાં સુધી ચાલુ રાખવાની હતી. સંયુક્ત મતદાર મંડળોની કામગીરીથી જો અસ્પૃશ્યોને સંતોષ ના થાય તો અલગ મતાધિકાર તરફ પાછા વળવાના અધિકારોનો મુદ્દો આંબેડકરે ઉઠાવ્યો હતો કે નહિ એ પણ બીજો એક અગત્યનો મુદ્દો છે. આ

મુદ્દે શું તેમણે લોકમતનું સૂચન કર્યું હતું ? ખેરસાહેબના જીવનચરિત્રમાં કે મહાદેવ દેસાઈની ડાયરીમાં, બેમાંથી એકેયમાં એનો ખુલાસો મળતો નથી. હકીકત એ છે કે કરારમાં એનો કોઈ ઉલ્લેખ નથી. જે પ્રકારની પરિસ્થિતિ હતી તેમાં આવો મુદ્દો ઉઠાવી શકાયો હોય એ અશક્ય લાગે છે.

### ➢ હરિજન દિન

આગળ જોયું તેમ, ગાંધીજીના ઉપવાસના લીધે અને પૂના કરારના લીધે અસ્પૃશ્યતા વિરોધી વાતાવરણે જોર પકડ્યું હતું અને આખા દેશમાં અસ્પૃશ્યતા વિરોધી વાતાવરણ આકાર લઈ રહ્યું હતું. ૧૮મી ડિસેમ્બર, ૧૯૩૨ના રોજ 'હરિજન દિન' રાખવામાં આવ્યો હતો અને તે કાર્યને માટે પ્રચાર કરવાનું સેવકોએ ઉપાડી લીધું હતું. ૩૦મી એપ્રિલ, ૧૯૩૩ના દિવસે બીજો 'હરિજન દિન' રાખવામાં આવ્યો હતો. આ હરિજન દિનને આખા દેશમાંથી જે પ્રતિસાદ મળ્યો હતો, તે વિશે ગાંધીજીએ નોંધ લીધી હતી. તેમણે હરિજન દિન વિશે કહ્યું હતું કે, 'ગઈ કાલે આપણા આખા મુંબઈ પ્રાંતમાં હરિજન દિનની ઉજવણી થઈ છે. આપણે ત્યાં દાહોદમાં અને ગામડાંઓમાં પણ એની ઉજવણી થઈ.તમે લોકોએ જે પ્રેમથી હરિજનોને અપનાવ્યા તે માટે તમને ધન્યવાદ આપું છું.'

દેવગઢ બારિયામાં સવર્ણોએ ખાસ રસ બતાવ્યો નથી. એથી હું દિગ્મૂઢ બન્યો છું. ત્યાં ૨૦૦ જેટલા સરકારી માણસોને ફક્ત ચાર જ ગામના માણસો સરઘસમાં આવ્યા હતા. ત્યાં હરિજનો માટે કૂવા અને મંદિર ખોલાવવાની તો વાત જ શી કરવી ? બારિયાના વણિક ભાઈઓએ તો હરિજન દિનની ઉજવણી સામે વિરોધ દર્શાવવા હડતાળ પાડી એ સાંભળી મને દુઃખ થયું પણ એ બધી દુર્ઘટના આપણે વેઠી લીધે જ છૂટકો.

દાહોદ એક વખત પુરાણી પ્રથાનો કિલ્લો ગણાતો પણ એ કિલ્લો આજે જમીનદોસ્ત થયો છે. દાહોદની જનતાએ જે ભાવથી હરિજન દિનની ઉજવણી કરી પ્રેમથી હરિજનોને મંદિરમાં તેડી જઈ ઈશ્વરનાં દર્શન કરાવ્યાં, હોટલમાં ચા-પાણી પીવા આમંત્રણ આપ્યું,

કૂવા ઉપર પાણી ભરાવ્યુ અને દાહોદના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહે એવું મોટું સરઘસ કાઢ્યું એ જાણીને હું ખુશ થયો છું. દાહોદને મારા હજાર હજાર ધન્યવાદ છે. ભાઈ મણિલાલ પાનવાળાની હરિજનભક્તિ અને એનું કામ જોઈને હું ખૂબ જ રાજી થયો છું. દાહોદ જેવા રૂઢિચુસ્ત શહેરમાં જો આ ઘટના બની શકી તો દેવગઢબારિયામાં પણ એવું જ થશે એ વિશે મને શંકા નથી. ફક્ત આપણે એ માટે ધીરજ રાખવી જોઈશે અને જરૂરી એવી તપશ્ચર્યા કરવી પડશે.[૯૬]

## ➤ કોંગ્રેસના કાર્યકરોમાં અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃતિ

અસ્પૃશ્યો માટે કોંગ્રેસે ઈ.સ. ૧૯૧૯માં એક પ્રસ્તાવ કર્યો હતો.જેમાં નક્કી કરાયું હતું કે, 'આ કોંગ્રેસ ભારતવાસીઓને આગ્રહપૂર્વક કહે છે કે સદીઓથી અસ્પૃશ્ય જાતિઓ પર જે પ્રતિબંધ, અત્યાચારો કરાય છે, તે ખુબ જ દુઃખદાયી છે. જેના લીધે દલિત જાતિઓએ ખુબ જ મુશ્કેલીઓ અને તકલિફોનો સામનો કરવો પડે છે. એટલા માટે ન્યાય અને સમજદારી રાખીને દલિતો પરથી તમામ રોક-ટોક ઉઠાવી લેવાય.'[૯૭] આ અસ્પૃશ્યતા નિવારણના આંદોલનની કલ્પના એ રીતે કરાય છે કે, કોઈ પણ કોંગ્રેસી કાર્યકર્તાઓએ પોતાનું કામ ન છોડવું પડે. જેમની પાસે બીજુ કોઈ કામ ન હોય અથવા જે બીજું કામ ના કરતા હોય, એવા માણસો માટે જ આ કામ છે. જે કોંગ્રેસી કાર્યકર્તાને લાગે કે મેં પ્રતિજ્ઞા લીધી છે અને મારે તેનું પાલન કરવાનું જ છે તે પોતાના કામમાં લાગ્યા રહે.'[૯૮]

કોંગ્રેસે ઈ.સ. ૧૯૨૪માં સુધરાઈના પાયાનું કામકાજ શરૂ કર્યું હતું. સુધરાઈના પ્રમુખપદેથી સરદાર પટેલે હરિજન નોકરો માટે મકાનોની સગવડ કરવા જેવું પાયાનું કામકાજ-પાયાના અને અગત્યના મુદ્દાઓ નક્કી કરીને સુધરાઈમાં દાખલ થયા અને તેનો સારી રીતે અમલ કર્યો.[૯૯] કલકત્તાની કોંગ્રેસ પછી તેની કારોબારી સભાએ વિવિધ સમિતિઓ નીમેલી. જેમાં સ્વયંસેવક સમિતિ અને અસ્પૃશ્યતા નિવારણ સમિતિએ

પોતપોતાનું કામ બરાબર કર્યું અને તેથી દેશમાં જાગૃતિ વધી, લોકોનો જુસ્સો વધતો જ ગયો અને કંઈક કરી બતાવવાની તમન્ના વ્યાપક બનતી ગઈ.

ગાંધીજીએ ૧૯૨૧માં કોંગ્રેસના બધા જ કાર્યકરો પાસે તેમના અંગત જીવનમાં અસ્પૃશ્યતા પાળશે નહીં તેવી પ્રતિજ્ઞા લેવડાવી હતી. ઈ.સ. ૧૯૨૨માં ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃતિનો કોંગ્રેસના કાર્યક્રમના એક અગત્યના ભાગ તરીકે સ્વીકાર કરાવ્યો. તેઓ એ જોઈ શકતા હતા કે, જ્યાં સુધી હિંદીઓમાં ઉંચનીચના ભેદો હશે ત્યાં સુધી દેશમાં એકતા સંભવિત નથી. જ્યાં સુધી દેશમાં અસમાનતાઓ અસ્તિત્વમાં હશે, જ્યાં સુધી એકતા દેશમાં સ્થપાશે નહીં ત્યાં સુધી દેશની આઝાદી અસંભવ છે. નોંધવા જેવું છે કે, ગાંધીજી સ્પષ્ટપણે માનતા હતા કે રાજકીય આઝાદી વિના સામાજિક પરિવર્તન અસંભવ છે. તેથી તેમણે દેશની આઝાદીને હંમેશા પ્રથમ સ્થાન આપ્યું હતું. તેમ છતાં સામાજિક જાગૃતિ વગર આઝાદીની ચળવળને જોર મળશે નહીં તે પણ તેઓ સ્પષ્ટ રીતે સમજી શક્યા હતા. જો કે તેમની અસ્પૃશ્યતા નિવારણની ઝૂંબેશને કેટલાક અંગ્રેજો સામેની લડતના ભાગરૂપે, એક રાજકીય પગલાં તરીકે ઓળખાવે છે. ગાંધીજીની અસ્પૃશ્યતા નિવારણની લડતના હેતુ માટેની આ જાતની શંકા સેવવી એ કોઈ રીતે યોગ્ય નથી. શ્રીમતી સુનંદા પટવર્ધન લખે છે કે, ગાંધીજી મુખ્યત્વે સમાજ સુધારક ન હતા, તેમ છતાં અસ્પૃશ્યોને સમાનતા આપવાની તેમની લાગણીને ફક્ત રાજકીય ગણાવવી એ તેમને ભારોભાર અન્યાય કરવા જેવું છે.[૧૦૦] જો કે કાકાસાહેબ કોલેલકર આવા પગલાની કેવી અસર થઇ હતી તે વિશે નોંધે છે કે, અસ્પૃશ્યતા દૂર કરવા માટે કેટલાયે મહાસભા સેવકોએ પોતાના ઘરમાં કજિયા-કંકાસ ઘાલ્યા, પતિ-પત્ની વિખૂટાં પડ્યાં, અંત્યજોનું ઉપરાણું લેવાને કારણે કેટલીયે રાષ્ટ્રીય શાળાઓ તૂટી ગઈ અથવા ઉજ્જડ થઈ. અસ્પૃશ્યતાની બાબતમાં મતભેદને કારણે કેટલીયે પૂજ્ય વ્યક્તિઓનો ત્યાગ કરવા સુધી મહાસભા સેવકોને જવું પડ્યું હતું.[૧૦૧] ટૂંકમાં, ઉપરના ઉદાહરણ દ્વારા જોઇ શકાય છે કે તત્કાલિન સમયના વાતાવરણમાં અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય સહેલું ન હતું.

➢ **હરિજન યાત્રા**

ગાંધીજીની પહેલી હરિજનયાત્રા ઇ.સ. ૧૯૨૧માં કચ્છ યાત્રાથી શરૂ થઇ ગણાય. સરદાર પટેલ તેમની સાથે હતા. આ યાત્રાએ અંત્યજોદ્ધારના કામને કચ્છમાં સારો વેગ આપ્યો હતો. તત્કાલિન સમયમાં કચ્છના હરિજનોને ભારે અન્યાયકારી 'ભૂંડી-ભૂંછીને' નામે ઓળખાતો કાળો કાયદો પાળવો પડતો હતો. હરિજન યાત્રા સમયે ગાંધીજી અને પરીક્ષિતભાઈના દબાણથી મહારાવે ભૂંડી-ભૂંછીનો કાયદો રદ કર્યો હતો.[૧૦૨]

આ પછી ગાંધીજીએ દલિતોદ્ધાર માટે વ્યવસ્થિત રીતે, આયોજનબધ્ધ રીતે હરિજન યાત્રાનો કાર્યક્રમ શરૂ કર્યો હતો. ૧લી ઓગષ્ટ, ૧૯૩૩ને દિવસે આશ્રમમાંથી રાસ તરફ કૂચ કરી જવાનો કાર્યક્રમ નક્કિ થયો હતો પણ આગલી રાતે જ સરકારે ગાંધીજી અને ૩૪ આશ્રમવાસીઓને પકડી લીધા અને યરવડા લઈ જઈ ૪થી ઓગષ્ટે મુક્ત કર્યાં અને એમને પૂનામાં જ રહેવાની નોટિસ અપાઈ. ગાંધીજીએ એ ન સ્વીકાર્યું એટલે તેમને ફરી પકડીને એક વર્ષની કેદની સજા ફરમાવી. આ વખતે હરિજનકાર્ય માટે પણ છૂટ ન અપાઈ, એટલે ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યાં. પાંચમે દિવસે તેમની તબિયત લથડી. તેમને સાચૂન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ૨૩મીએ તેમણે પ્રજા જોગ નિવેદનમાં જણાવ્યું, 'હું જેલમાં હોઉં કે જેલ બહાર, હરિજનોની સેવા એ જ મારી પ્રિયમાં પ્રિય વસ્તુ હશે. અન્ન વિના હું થોડાક દિવસ તો જીવી શકું પણ હરિજનસેવા વિના મારે ક્ષણ પણ જીવવું અશક્ય છે. મારી પરમાત્માને અખંડ પ્રાર્થના છે કે હિંદુ ધર્મમાંથી આ અસ્પૃશ્યતાનું કલંક ભૂંસાઈ જાઓ અને સત્યસૂર્યનું દર્શન થાઓ.'[૧૦૩] બીજે દિવસે સરકારે એમને છોડી મૂક્યા. આથી ગાંધીજી દ્વિધામાં મુકાયાં. સત્યાગ્રહને કારણે એમને પકડવામાં આવે અને જેલમાં હરિજનકાર્ય સરકાર ન કરવા દે એટલે ઉપવાસ કરવા પડે તો સરકાર છોડી મૂકે. એથી એમણે નક્કી કર્યું કે સજાની એક વર્ષની મુદત પૂરી ન થાય ત્યાં સુધી હરિજનકાર્યમાં જ પુરું ધ્યાન કેન્દ્રિત કરવું. ત્યાર પછી એમણે ૯ મહિનામાં લગભગ સાડા બાર હજાર

માઈલની યાત્રા શરૂ કરી. દોઢ માસ ગાંધીજીએ વર્ધામાં આરામ લીધો અને તે પછી પ્રવાસ વર્ધાથી ૮ નવેમ્બર, ૧૯૩૩થી શરૂ થયો, તે જુલાઈના આખર સુધી ચલાવવાનું નક્કિ થયું. જે હરિજન ફાળો થાય તેમાંથી ૭૫ % ફાળાની જગ્યાએ વપરાય અને બાકીના ૨૫ % હરિજન સેવક સંઘના કેન્દ્રના દફતરને આપવામાં આવે એવી વિચારણા થઈ. સાથે દેશના અનેક ભાગોમાં ફરી એમણે સવર્ણોને હૃદયસ્પર્શી દલીલો કરી. સર્વ પૂર્વગ્રહો છોડી હરિજનો સાથે માનવીય સંબંધો સ્થાપવાનો અનુરોધ કર્યો. હરિજનોને પણ મરેલા ઢોરનું માંસ ખાવું, દારૂ પીવો વગેરે કૂટેવો છોડી સુધરવાની સલાહ આપી. આ યાત્રામાં એમને અનેક અનુભવો થયા. સવર્ણોની ક્રૂરતા અને અસ્પૃશ્યોની અસહાય અને દયનીય સ્થિતિના હૃદયદ્રાવક દશ્યો જોવા મળ્યાં. તેમણે ‘હરિજનોની દયનીય સ્થિતિ પત્રોમાં આલેખી પ્રજાની આંખ ઊઘાડી. યાત્રા દરમિયાન ગાંધીજીએ કેટલાક નિયમો પાળવાના નક્કિ કર્યા હતા. જેમ કે,

૧) દરરોજ બપોરે ચાર કલાક – બની શકે ત્યાં સુધી ૧૦ થી ૨ જાહેર કામ બંધ રખાય જેથી નાહવા-ધોવા, જમવા અને પત્રવ્યવહાર માટે વખત મળે.

૨) દિવસના કામનો આરંભ સવારે ૮.૩૦ થી વહેલો ન થાય ને રાતના ૮ થી મોડું ન ચાલે.

૩) મોટર કરતાં રેલવેમાં પ્રવાસ થઈ શકે ત્યાં સુધી રેલવેનો પ્રવાસ જ પસંદ કરવો પણ જ્યાં મોટરની મુસાફરી કર્યા વિના ન જ ચાલે ત્યાં તે મુસાફરી રોજના ૭૫ માઈલ કરતાં વધારે ન હોવી જોઈએ.[૧૦૪]

## <u>પ્રવાસ ક્રમ</u>

| પ્રાંત | કુલ દિવસ | તારીખો | કામના દિવસો |
|---|---|---|---|
| મધ્ય પ્રાંત | ૩૧ | ૮ નવે. થી ૮ ડિસે.<br>(૯મી ડિસેમ્બર ટ્રેનમાં તથા ઝાંસી) | ૨૩ |
| દિલ્હી | ૦૫ | ૧૦ ડિસે. થી ૧૪ ડિસે. (૧૫મી | ૦૩ |

| | | | |
|---|---|---|---|
| | | ડિસેમ્બર ટ્રેનમાં – દિલ્હીથી બેઝવાડા) | |
| આંધ્ર | ૧૪ | ૧૬મી ડિસે.થી ૨૯ ડિસે. | ૧૦ |
| મદ્રાસ શહેર | ૦૫ | ૩૦ ડિસે.થી ૩ જાન્યુ. | ૦૩ |
| મૈસુરમલબાર | ૧૦ | ૪ જાન્યુ. થી ૧૩ જાન્યુ. | ૦૮ |
| કોચીન ત્રાવણકોર | ૦૭ | ૧૪ જાન્યુ. થી ૨૦ જાન્યુ. | ૦૫ |
| તામિલનાડુ | ૨૦ | ૨૧ જાન્યુ. થી ૯ ફેબ્રુ.<br>(પૂર્ણ આરામના છ દિવસ)<br>૧૦મી ફેબ્રુ. ટ્રેનમાં મદ્રાસથી ઉત્કલ | ૧૦ |
| ઉત્કલ | ૦૭ | ૧૧ ફેબ્રુ. થી ૧૭ ફેબ્રુ. | ૦૫ |
| બંગાળ | ૨૮ | ૧૮ ફેબ્રુ. થી ૧૭ માર્ચ | ૨૦ |
| આસામ | ૦૭ | ૧૮ માર્ચ થી ૨૪ માર્ચ | ૦૫ |
| બિહાર | ૧૪ | ૨૫ માર્ચ થી ૭ એપ્રિલ | ૧૦ |
| યુક્ત પ્રાંત | ૩૫ | ૮ એપ્રિલ થી ૧૨ મે<br>(આરામના ૭ દિવસ સાથે) | ૨૦ |
| પંજાબ | ૧૪ | ૧૩ મે થી ૨૬ મે | ૧૦ |
| સિંધ | ૦૭ | ૨૭ મે થી ૨ જૂન | ૦૫ |
| રજપૂતાના | ૦૭ | ૩ જૂન થી ૯ જૂન | ૦૫ |
| અમદાવાદમાં વિશ્રાંતિ | ૦૭ | ૧૦ જૂન થી ૧૬ જૂન | - |
| ગુજરાત કાઠિયાવાડ | ૧૪ | ૧૭ જૂન થી ૩૦ જૂન | ૧૦ |
| મુંબઈ | ૦૭ | ૧ જુલાઈ થી ૭ જુલાઈ | ૦૫ |
| મહારાષ્ટ્ર-નિઝમ રાજ્ય | ૧૭ | ૮ જુલાઈ થી ૨૪ જુલાઈ | ૧૧ |
| કર્ણાટક | ૦૭ | ૨૫ જુલાઈ થી ૩૧ જુલાઈ | ૦૫ |

હવે, ગાંધીજીએ પવનવેગે મુસાફરી કરવા માંડી અને બધે અસ્પૃશ્યતા નિવારણનું, દલિતોદ્ધારનું, સવર્ણોએ કરવાના પ્રાયશ્ચિતનું, હરિજનોએ કરવાના સુધારાની પ્રવૃતિ

કરતાં રહ્યાં. ફરતાં ફરતાં તેઓ મલબાર આવ્યા. ત્યાં દલિતો અસ્પૃશ્ય તો હતા જ, તે ઉપરાંત તેમણે સવર્ણોથી અમુક અંતરે રહેવું પડતું. તેમના પડછાયાથી પણ સવર્ણો અભડાતા હતાં. આ દૃષ્ટિદોષ ખાસ કરીને નય્યાડી નામના હરિજનો માટે હતો. નય્યાડી જો ગામમાં પ્રવેશ કરે તો તેને દૂરથી અમુક અવાજ કરવો પડતો અને સવર્ણોએ ઉદ્ધતાઈથી નાખેલી મૂઠી મૂઠી ચોખાની ભિક્ષા પર તેણે પેટ ભરવું પડતું. આ નય્યાડીઓની આંખોમાં ભારોભાર ભય ભરેલો રહેતો હતો. વળી ગાંધીજીએ પોતે પાલઘાટમાં જે દૃશ્ય જોયું તેનું કરૂણ હૃદયદ્રાવક વર્ણન કરતાં જાહેરસભામાં તેમણે કહ્યું, 'સવારના દસ-અગિયારનો સુમાર હતો. અસ્પૃશ્યતા, ક્રૂરતા, દૃષ્ટિદોષ વગેરે જેવા બધા રૂપો જગતમાં એક મલબારમાં જ જોવા મળે છે. તેની ચર્ચા ચાલતી હતી. ત્યાં એક ચીસ સંભળાઈ. જે માણસો મારી સાથે વાત કરતા હતા. તેમણે કહ્યું, નય્યાડી કેવો હોય એ જોવું હોય તો બતાવીએ. જાહેર રસ્તાઓ બિચારાઓ માટે નહોતા. અડગ પગે ને ખેતરોમાં થઈને ચૂપચાપ ચાલ્યો આવતો હતો. પેલા મિત્રની સાથે બહાર આવીને એ નય્યાડીને જોયો. મેં એને મારી પાસે આવીને વાત કરવા બોલાવ્યો. એ તો ભયથી ધ્રુજતો હતો. માથા પર ક્યારે પ્રહાર પડશે એની એને ખબર ન હતી. થથરતાં-થથરતાં તેણે મારી જોડે વાત કરી.મેં એને કહ્યું, જાહેર રસ્તાઓ ઉપર જઈને ચાલવાનો જેટલો અધિકાર મને છે, તેટલો જ તને છે.

બીજી એક ઘટના જોઈએ તો, ૨૫મી જૂન ૧૯૩૪ને દિવસે મહારાષ્ટ્રની યાત્રા શરૂ કરવા ગાંધીજી પૂના ગયા હતા. ત્યાં મ્યુનિસિપાલિટીના હોલ તરફ જતા હતા. ત્યારે એમની ગાડી ધારીને તેની પર બોમ્બ ફેંકવામાં આવ્યો. તેઓ તો બચી ગયા હતા કારણ કે મોટરમાં તેઓ નહોતા પણ એમના કેટલાક સાથીઓ ઘાયલ થયા હતા. એ અંગે ગાંધીજીએ કહ્યું હતું કે, 'મને શહીદ થવાની તાલાવેલી નથી ઉપડી પણ જેને હું મારો પરમ ધર્મ સમજું છું એવા કર્તવ્યને આચરતા અને કરોડો હિંદુઓની સાથે જેને હું મારો પરમ ધર્મ સમજું છું તેની રક્ષા કરતા જો મારે શહીદ થવાનું વાટમાં આવતું હશે તો તે ખરી

કમાણી જ હશે અને ભવિષ્યનો ઈતિહાસકાર કહેશે કે, અસ્પૃશ્યતાને નિર્મૂળ કરવાના પ્રયત્નમાં જરૂર પડ્યે હરિજનોને સારું પ્રાણ પણ આપવાની મેં કરેલી પ્રતિજ્ઞા અક્ષરશ પળાઈ.'[૧૦૫] ગાંધીજી બોમ્બથી બચ્યા. એમના સાથી મિત્રો ઘાયલ થયા. આ વખતે ગાંધીજીએ કહ્યું હતું કે, 'શહીદ થવાની મને જરાયે ઈચ્છા નથી પણ મારા વિશ્વાસનું રક્ષણ અને કર્તવ્યનું પાલન કરતાં મરવું પડે તો તેને હું મારું સૌભાગ્ય સમજીશ.'[૧૦૬]

ગાંધીજી ત્રાવણકોરમાં ફરતા હતા. તે વખતે એમને બિહારના ધરતીકંપના સમાચાર મળ્યા. આ ધરતીકંપનું કારણ ગાંધીજીએ ભૌતિક ઉપરાંત અસ્પૃશ્યતારૂપી કલંક ગણાવ્યું. ધરતીકંપગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી અને ધરતીકંપને ઈશ્વરની ચેતવણીરૂપ ગણાવી. ઊંચનીચના ભેદભાવ દૂર કરવાનો અનુરોધ કર્યો. ૧૯૩૪ના મે માસમાં તેઓ પુરી પહોંચ્યા, ત્યાંથી ઓરિસ્સા સુધી તેમણે પદયાત્રા કરી. બીજી એક ઘટના અજમેરમાં બની ત્યાં એક ગરમ દિમાગના સુધારકે બનારસના લાલનાથજીનું માથું ફોડી નાંખ્યું, જેઓ હરિજન કાર્યના વિરોધી હતા. આ ઘટના પછી ગાંધીજીએ લાલનાથજીને સભામાં પોતાની મનોવ્યથા દર્શાવવા કહ્યું. જયારે લોકોએ આ સાંભળવાની ના પાડી તો ગાંધીજીએ કહ્યું કે, આ સભામાં બોલવાનો જેટલો હક્ક મને છે એટલો જ હક્ક લાલનાથજીને છે. જો તમે તેને બેસવા નહી દો તો હું પણ નહી બોલું. છેવટે આ ઘટનાને લઈને ગાંધીજીએ સાત દિવસના ઉપવાસ કર્યા હતા.[૧૦૭] આ યાત્રાનો અંત પણ ગાંધીજીએ ઉપવાસથી કર્યો. આ ઉપવાસ વર્ધામાં ૭મી ઓગષ્ટથી ૧૪મી ઓગષ્ટ ૧૯૩૪ સુધી ચાલ્યા હતા. તેમણે આ ઉપવાસને આત્મશુધ્ધિના ઉપવાસ તરીકે જણાવ્યા છે. તેને અંગે ઉપવાસ પછી એક લેખમાં લખતા જણાવ્યું છે કે, અજમેરમાં અસ્પૃશ્યતા નિવારણ પ્રવૃતિ પ્રત્યે સહાનુભૂતિ રાખનારાઓને હાથે સ્વામી લાલનાથ અને એમના મિત્રોને ઈજા થઈ તેનું પ્રાયશ્ચિત કરવું એ ઉપવાસનો મૂળ અને નામનો ઉદ્દેશ હતો પણ ખરું જોતા આ ઉપવાસ સૌ કાર્યકર્તાઓએ તેમજ સહાનુભૂતિ રાખનારાઓને વિરોધીઓ જોડે કામ લેતા અતિશય આદર અને વિવેક બતાવવો એ જ આ પ્રવૃતિનો સારામાં સારો પ્રચાર છે. આપણે

વિરોધીઓને દ્વેષથી નહી પણ પ્રેમથી, વેરથી નહી પણ અવેરથી જીતી શકીએ એ સત્ય કાર્યકર્તાઓના મનમાં ઠસાવવાને આ ઉપવાસ કરવામાં આવ્યો છે.[૧૦૮] આમ, ૧૯૩૨માં ઉપવાસથી શરૂ થયેલું હરિજનકાર્ય આ ચોથા ઉપવાસથી પૂરું થયું.

ગાંધીજીની ઉપર મુજબની અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃતિને સવર્ણ સમાજે સાંખી લીધી હતી એમ માની શકાય નહી. તેમણે પ્રતિક્રિયારૂપે વિરોધ કર્યો જ હતો. જેના ઘણા ઠેકાણે ઉદાહરણો મળે છે. સવર્ણો તરફથી અસ્પૃશ્યો પર પરંપરાથી થતા આવતા અત્યાચારો પર ગાંધીજીએ ખૂબ પ્રહારો કર્યા. સનાતનીઓએ પણ ગાંધીજી સામે જૂઠ્ઠો પ્રચાર આરંભ્યો. એમને નાસ્તિક, પાખંડી, પાપી, ભ્રષ્ટાત્મા વગેરે અનેક ઉપાલંભોથી નવાજ્યા. કેટલીક જગ્યાએ એમની સભામાં ભંગાણ પડ્યું. એમને બોલતા અટકાવવામાં આવ્યા તથા એમને કાળાવાવટા દેખાડવામાં આવ્યા પણ ગાંધીજી અને એમના સાથીઓએ ખૂબ ધીરજ અને સહિષ્ણુતા દાખવી, બહુ સહન કર્યું હતું. ગાંધીજીની આ હરિજનયાત્રાથી રૂઢીચુસ્ત હિંદુઓ નારાજ થયા. યાત્રાના સ્વયંસેવકો પર હુમલા થયા. આથી આ યાત્રામાં ગાંધીજીની ખરી કસોટી થઇ. કાનપુરમાં ગાંધીજીને કાળાવાવટા બતાવવામાં આવ્યા હતા. સનાતનીઓના વિરોધના કારણે દલિતો આવેશપૂર્ણ ભાષાનો પ્રયોગ કરવા લાગ્યા હતા.આવા સમયે ગાંધીજીએ પોતાના સ્વયંસેવકોને સમજાવ્યા હતા કે દલિતો માટે આવો વ્યવહાર થવો એ તેમને માટે સાવ સ્વભાવિક હતું.[૧૦૯]

મીરાબહેન ગાંધીજીની ઐતિહાસિક હરિજનયાત્રામાં સાથે હતા. પોતાની આત્મકથામાં મીરાબહેને આ કષ્ટદાયી યાત્રાનું વર્ણન કર્યું છે કે, અસ્પૃશ્યતા દૂર કરવા માટે બાપુએ કરેલા અવિરત પ્રયત્નોનું ફળ હવે દેખાવા લાગ્યું. ધર્મઝનુની રૂઢિચુસ્ત હિંદુઓને ખરેખરી બીક પેઠી. ગાંધીજીની હરિજન યાત્રાના કારણે જ અલ્હાબાદમાં તમામ મંદિરો અસ્પૃશ્યો સારું ખૂલી ગયા. કલકતાનુ વિખ્યાત કાલિઘાટ મંદિર ખૂલ્યું. મુંબઇનું વિઠોબા-રૂકમણિ મંદિર અસ્પૃશ્યો સારું ખુલ્લુ મુકવામાં આવ્યું. અસ્પૃશ્યતા વિરોધી જાગૃતિ લાવવા તેમણે દેશભરમાં ઠક્કરબાપાને સાથે રાખી ૧૨૫૦૦ માઇલનો

પ્રવાસ કર્યો. પગે ચાલીને થતા આ પ્રવાસમાં અસ્પૃશ્યો વચ્ચે રહેવાની, તેમની વેદનાઓ નજરોનજર જોવાની અને તેમના દુઃખમાં સહભાગી થવાની તેમને તક મળી. દલિતોદ્ધારની પ્રવૃતિઓ માટે આઠ લાખ રૂપિયા પ્રવાસ દરમિયાન એકત્રિત કર્યા. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં લોકોએ તેમને અદમ્ય ઉત્સાહથી વધાવી લીધા. અનેક મંદિરો, શાળાઓ, કૂવા, તળાવો, જાહેર રસ્તા અને મકાનો તેમને માટે ખુલ્લા મુકાયા. તેમને હરિજન સેવાનું કાર્ય કરનાર અનેક નિષ્ઠાવાન સેવકો મળ્યા. તેઓનો આગ્રહ હતો કે અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃતિ હરિજનોએ નહીં પણ સવર્ણોએ જ ચલાવવી જોઇએ અને તે હરિજનો પર કોઇ દયા કરવાની દૃષ્ટિએ નહિ પણ સદીઓ સુધી તેમના પર ગુજારેલા અત્યાચારોના પ્રાયશ્ચિત રૂપે અને તેથી જ તેમણે હરિજન સેવક સંઘમાં ફક્ત સવર્ણો જ જોડાય તેવો આગ્રહ સેવ્યો હતો. ગાંધીજીના પ્રયત્નોને કારણે જ સવર્ણોમાં અસ્પૃશ્યોને અપનાવવાની ભાવના જાગ્રત થઇ. ગાંધીજી અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતાના કામ પ્રત્યે કેટલા સજાગ અને જાગ્રત હતા તે એક ઘટના પરથી જણાઇ આવે છે કે, માર્ગારિટ નામની પત્રકારે ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે ગાંધીજીના લીધેલા સંભવતઃ છેલ્લા ઇન્ટરવ્યુની. ઓટોગ્રાફ લેવાની શોખીન નથી એવું જાહેર કર્યા પછી માર્ગારિટે લખ્યું છે કે, ગાંધીજીના બે ફોટા બનાવવામાં એટલો કકળાટ પડ્યો હતો કે એ બે પર ગાંધીજીના હસ્તાક્ષર લેવા હતા. તેના માટે ૨૯મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ ગાંધીજીને મળ્યા એટલે ગાંધીજીએ તરત કહ્યું એક (હસ્તાક્ષર) ના પાંચ રૂપિયા થશે. માર્ગારિટે આશ્ચર્યનો આંચકો ખાઇને પર્સમાંથી દસનું પત્તુ કાઢયું, એટલે ગાંધીજીએ સમજાવ્યું કે આ હરિજન ફંડ માટે છે અને એ વિશે થોડી વધુ વાત કરી.[૧૧૦]

ગાંધીજીના પ્રયત્નોને કારણે જ સવર્ણોમાં અસ્પૃશ્યોને અપનાવવાની ભાવના જાગૃત થઇ. અહીં ધ્યાને લેવું જોઇએ કે, ડૉ. આંબેડકરની કામગીરી અસ્પૃશ્યોમાં જાગૃતિ લાવવાની હતી. જયારે ગાંધીજીએ સવર્ણો અને અસ્પૃશ્યો બંનેમાં જાગૃતિ આપી. જો ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણની કામગીરીને આટલું પ્રાધાન્ય ન આપ્યું હોત તો કદાચ

ડૉ. આંબેડકર પણ તેમના પ્રયત્નોમાં આટલી સફળતા મેળવી શકત નહીં, એટલું જ નહિ પણ અસ્પૃશ્યોને અનામત બેઠકો આપવાથી તેમના રાજકીયકરણના જે દ્વારો ખુલ્લા થયા તે ન બન્યું હોત. કદાચ સ્વતંત્ર ભારતના બંધારણમાં પછાત વર્ગોને જે વિશેષાધિકારો અપાયા અને અસ્પૃશ્યોને સમાન નાગરિકત્વ મળ્યું તે પરિસ્થિતિ આટલી સહેલાઇથી સર્જાઇ ન હોત.

➢ **હરિજન સેવક સંઘ**

મુંબઇમાં ૩૦ સપ્ટેમ્બર, ૧૯૩૨ને દિવસે દેશના બધા નેતાઓ ભેગા થયા હતા. માલવિયાજીના પ્રમુખપદે ભરાયેલી આ સભામાં જે ઠરાવો થયા તેમાં એક ઠરાવ નીચે પ્રમાણેનો હતો. હિંદુઓની આ જાહેર સભા ઠરાવ કરે છે કે, અખિલ ભારત અસ્પૃશ્યતા નિવારણ સંઘ નામની કે જેનું મુખ્ય મથક દિલ્હીમાં હોય અને જેની શાખાઓ જુદાં જુદાં પ્રાંતોનાં મુખ્ય શહેરોમાં હોય એવી સંસ્થા અસ્પૃશ્યતા વિરૂદ્ધ પ્રચાર કાર્ય ચલાવવા માટે સ્થાપવામાં આવે અને એ ઉદ્દેશોની પૂર્તિને સારું નીચેના પગલાં તત્કાળ લેવામાં આવે,

૧) તમામ સાર્વજનિક કૂવા, ધર્મશાળા, રસ્તા, નિશાળો, સ્મશાનઘર વગેરે હરિજનો માટે ખુલ્લા જાહેર કરવામાં આવે.

૨) તમામ સાર્વજનિક મંદિરો હરિજનોને માટે ખોલવામાં આવે. શરત એટલી કે ૧ અને ૨ ને વિશે બિલકુલ જબરદસ્તી કે બળાત્કારનો ઉપયોગ કરવામાં નહીં આવે. પણ, કેવળ શાંતિથી સમજાવીને જ કામ લેવામાં આવશે.[૧૧૧]

અસ્પૃશ્યતા નિવારણના દેશભરમાં ચાલતા ઉપર મુજબના છૂટાછવાયા પ્રયત્નોને વ્યવસ્થિત કરવાની દૃષ્ટિએ તેમજ સમગ્ર દેશમાં આ કાર્યને વેગ આપવાના ખ્યાલથી રાષ્ટ્રીય ધોરણે અસ્પૃશ્યતા નિવારણ માટેની એક સંસ્થાની જરૂરિયાત જણાઈ. ગાંધીજીએ ઈ.સ. ૧૯૩૨માં એન્ટી અનટચેબિલિટી લીગ ની સ્થાપના કરી. ઘનશ્યામદાસ બિરલાને તેના પ્રમુખ બનાવ્યા. પાછળથી આ સંસ્થાને હરિજન સેવક સંઘમાં ફેરવવામાં આવી.

ત્યારબાદ તા. ૧૩/૧૦/૧૯૩૨ના રોજ અનસૂયાબહેન સારાભાઈના બંગલે હરિલાલ દેસાઈના પ્રમુખપણા નીચે ગુજરાત હરિજન સેવક સંઘની વિધિસર રીતે સ્થાપના થઈ. આ સભામાં વિદ્યાબહેન નિલકંઠ, અનસૂયાબેન સારાભાઈ, શારદાબેન મહેતા, શંકરલાલ બેંકર, પરીક્ષિતલાલ મજમુદાર, મોતીભાઈ અમીન, નૃસિંહપ્રસાદ ભટ્ટ, રામજીભાઈ હંસરાજ, ગટુભાઈ ધ્રુવ, ઠક્કરબાપા, દૂદાભાઈજી, મૂળદાસ વૈશ્ય, કેશવજી વાઘેલા અને સોમાભાઈ બાપુજી-અમદાવાદ અને ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોની પ્રતિનિધિરૂપ આ સભા હતી.[૧૧૨] સંઘની કેન્દ્રીય કારોબારીમાં કુલ નવ સભ્યોમાંથી શરૂઆતમાં ત્રણ સભ્યો ડૉ. આંબેડકર, એમ.સી.રાજા અને રાવબહાદુર શ્રીનિવાસન દલિત વર્ગના હતા. કાર્યક્રમને અમલમાં મુકવાની પધ્ધતિ અને રીતની બાબતમાં દરેક પ્રાંતને એકમોમાં વહેંચી નાંખીને દરેક એકમના સંચાલન માટે સવેતન કાર્યકર નીમવાની યોજના વિચારવામાં આવી. આવા ૧૮૪ એકમો માટે દરેક એકમ દીઠ રૂા. ૩,૦૦૦/- નો ખર્ચ કરવાનું નક્કી કરવામાં આવ્યું. વહીવટી ખર્ચ ઉમેરતા કેન્દ્રીય અને પ્રાંતિય એકમોનો કુલ મળીને વાર્ષિક ખર્ચ રૂા. ૪ લાખ અંદાજવામાં આવ્યો. દિલ્હીમાં મુખ્ય મથક રાખીને સંઘના ૨૬ પ્રાંત કેન્દ્રો રચ્યાં, ૨૦૦ જિલ્લા સમિતિઓ અસ્તિત્વમાં આવી હતી.[૧૧૩]

- **હરિજન સેવક સંઘની સ્થાપનાનો હેતુ**

હરિજન સેવક સંઘનો હેતુ અસ્પૃશ્યતાના કોઈ પણ સ્વરૂપને દૂર કરવાનો, સવર્ણોને અસ્પૃશ્યતાના દૂષણ પરત્વે જાગ્રત કરી દલિતોના નૈતિક, સામાજિક તેમજ ભૌતિક કલ્યાણ માટે કામ કરતા કરવાનો હતો. એ મુજબના હેતુઓને બે વિભાગમાં વહેંચી શકાય.

૧) અસ્પૃશ્યોને સવર્ણો જેટલા જ નાગરિક હક્કો ભોગવવાનો અધિકાર છે તે પ્રત્યે હિંદુઓને જાગૃત કરવા.

૨) અસ્પૃશ્યોના વિકાસ માટે શૈક્ષણિક, આર્થિક અને સામાજિક પ્રગતિ માટેના કાર્યક્રમો યોજવા.

ગાંધીજી માનતા હતા કે સવર્ણોએ અસ્પૃશ્યોને અછૂત રાખીને મોટો અન્યાય કર્યો છે અને તેના પ્રાયશ્ચિતરૂપે સવર્ણોએ અસ્પૃશ્યતા નિવારણની કામગીરી ઉપાડી લેવી જોઈએ. સંઘના મુખ્ય ઉદ્દેશમાં તમામ સાર્વજનિક કૂવા, ધર્મશાળા, રસ્તા, નિશાળ, સ્મશાનઘર વગેરે દલિતોને માટે ખુલ્લા મુકવાનો તથા તમામ સાર્વજનિક મંદિરો તેમને માટે ખુલ્લા જાહેર કરવાનો સમાવેશ કરાયો. દલિતોને સવર્ણો સાથે સંપૂર્ણ સમાનતાવાળો દરજ્જો આપવાનો તથા હરિજનોનું નૈતિક, સામાજિક અને આર્થિક હિત સંધાય એ હેતુઓનો આ સંઘના બંધારણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો. સંઘના મધ્યવર્તિ મંડળે ૨જી જાન્યુઆરી, ૧૯૩૫ના દિવસે નવું બંધારણ ઘડ્યું. તેમાં નીચેની બે બાબતો ધ્યેય તરીકે દાખલ કરવામાં આવી હતી.

૧) સત્ય અને અહિંસાને અનુકૂળ હોય એવાં સાધનો વાપરીને હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતા અને તેને અંગે અસ્પૃશ્ય ગણાતા લોકોને (જેમને હવે પછી હરિજન તરીકે ઓળખવામાં આવશે.) જીવનના સર્વ ક્ષેત્રમાં જે દુઃખ, હાડમારીઓ ભોગવવા પડે છે. તે બધા નાબૂદ કરવા અને હરિજનોને બીજા હિંદુઓની સાથે સંપૂર્ણ સમાનતાવાળો દરજ્જો આપવો એ આ સંઘનું ધ્યેય રહેશે.

૨) હરિજન સેવક સંઘ તેના ઉદ્દેશોની સિધ્ધિને સારું આખા ભારત વર્ષમાં સવર્ણ હિંદુઓની સાથે સબંધ બાંધવાનો પ્રયત્ન કરશે અને તેમને બતાવશે કે, આજે જે અસ્પૃશ્યતા હિંદુ સમાજમાં પળાય છે તે હિંદુ ધર્મના મૂળ સિધ્ધાંતોની અને માનવ ધર્મની વિરોધી છે. આ સંઘ હરિજનોનું નૈતિક, સામાજિક અને આર્થિક કલ્યાણ સંધાય એવી રીતે તેમની સેવા કરવાનો પણ પ્રયત્ન કરશે.[૧૧૪]

સંઘની સ્થાપના થઈ ત્યારે તેનો ઉદ્દેશ બહુ સ્પષ્ટ હતો. સંઘના બંધારણમાં જણાવવામાં આવ્યું હતું કે, ‘આજના ગતિશીલ યુગમાં ઝડપથી અસ્પૃશ્યતાને જડમૂળથી કાઢી

વર્ગરહિત અહિંસક સમાજ રચવાની સિધ્ધિમાં સહાયરૂપ બનવું એવી સંઘની, તેના કાર્યકરોની ઈચ્છા હોય તે સ્વાભાવિક છે. સંઘનું અસ્પૃશ્યતા નિવારણનું આંદોલન એ ધાર્મિક તથા સામાજિક અસમાનતા દૂર કરી સમાનતા સ્થાપિત કરવાનું આંદોલન રહ્યું છે. માનવતાના આ કાર્યમાં દેશના પ્રત્યેક નાગરિક અને ખાસ કરીને સવર્ણ હિંદુઓને વધુમાં વધુ સક્રિય સહકાર આપવા માટે સંઘનું આહ્‌વાન છે. હરિજનો પણ હવે જાગૃત રહી માનવતાના હક્કો મેળવવાનો આ યજ્ઞમાં, સંઘના પ્રયત્નોમાં સહકાર આપતા થયા છે.'[૧૧૫]

- **હરિજન સેવક સંઘની કામગીરી**

સંઘની કામગીરીમાં મુખ્યત્વે દલિતો માટે મંદિરો ખુલ્લા મુકાવવાં, તેમને માટે શાળાઓ અને છાત્રાલયો ચલાવવા, જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં શાળાઓ, કૂવા, તળાવ, દવાખાનાં અને અન્ય જાહેર સ્થળો તેમના વપરાશ માટે ખુલ્લાં મુકાવવાં, તેમના આર્થિક વિકાસ માટે કાંતણ, વણાટ, ચર્મ ઉદ્યોગ તેમજ અન્ય ઉદ્યોગો દ્વારા કામ આપવાની જોગવાઈ કરવી, તેમને ભાગે આવતા ગંદા વ્યવસાયોમાં વધુમાં વધુ સફાઈ જાળવી શકાય તે માટે એટલે કે નિકાલી જાજરૂરની સફાઈ માટે તેમજ ગ્રામ સફાઈ માટે પૂરતાં સાધનો પૂરાં પાડવાં વગેરે કામો મુખ્ય હતા.

હરિજન સેવક સંઘનું કાર્યક્ષેત્ર મોટું હતું. તે મુજબ સૌરાષ્ટ્ર હરિજન સેવા સંઘની સ્થાપના થઈ અને સંગમ નામે સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું. ત્યારબાદ ગુજરાતના દેશી રાજ્યોના પછાત વર્ગોના પ્રશ્નોના અભ્યાસ માટે વાદરેકર સમિતિ નીમવામાં આવી. તેમજ સૌરાષ્ટ્ર પછાતવર્ગ કલ્યાણ બોર્ડની ઢેબરભાઈએ સ્થાપના કરી. એ વખતે તા. ૫/૬/૧૯૩૫ને દિવસે ગુજરાત હરિજન સેવક સંઘ તરફથી 'તરસ્યાને પાણી' એ નામે એક પત્રિકા બહાર પડેલી. એ પત્રિકાની કરૂણાસભર વાણી વાંચવા જેવી છે. 'ધર્મથી માણસ તરી જાય છે પણ ધર્મને નામે માણસ ઘણી વખત નખ્ખોદ પણ વાળે છે. કૂવા-તળાવ ખોદાવવા એ આપણા દેશમાં પરાપૂર્વથી બહુ ભારે ધર્મનું કામ ગણાતું આવ્યું છે અને તેથી

આખા દેશમાં આપણે ઠેર ઠેર સુંદર કૂવાઓ અને તળાવો જોઈએ છીએ પણ ધર્મ તરીકે ખોદાવવામાં આવેલા એ જ કૂવામાંથી ધર્મને નામે જ આપણે અસ્પૃશ્ય ગણાતી કોમોને પાણી ભરવા દેતા નથી. એ કોમોને અને તેમાંયે ખાસ કરીને અંત્યજો કોમને ગામડામાં પાણીની જે હાડમારી વેઠવી પડે છે તે જોઈને ગમે તેવા કઠણ કાળજાના માણસનું હૃદય પણ ભેદાયા વિના નહીં રહે.[૧૧૬] કાળના પ્રવાહને ઓળખી પરીક્ષિતલાલે ગુજરાત હરિજન સેવક સંઘની ૨૪/૯/૧૯૨૯ની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરાવ્યો કે, ‘જેવી રીતે હરિજન બાળકોને સાર્વજનિક શાળામાં દાખલ કરાવવાનો પ્રયાસ થાય છે, તેવી રીતે સાર્વજનિક કૂવાઓનો ઉપયોગ હરિજનો કરતા થાય તે માટે પ્રયત્ન કરવાનો સમય હવે આવ્યો છે અને અખતરારૂપ દરેક જિલ્લામાં ગામેગામ આ પ્રયોગ અજમાવવા માટે પૂર્વતૈયારી કરવી. આમ, સંઘે કૂવા પ્રવેશ અંગે એની વૈચારિક અને વ્યાવહારિક ભૂમિકા તૈયાર કરી. પછી તો વ્યવસ્થિત રીતે જાહેર જળાશયોનો ઉપયોગ કરવા કાર્યક્રમ હાથ ધરાયો. એમાં ભલાડા, વીણા, સામરખા, અંબાલી, ત્રાંસદ, ચંડીસર અને ધોળકા તાલુકાના કેલિયા-વાસણા ગામે ઠીક ઠીક ઘર્ષણો થયેલાં પણ એનાથી હરિજનોમાં સારી એવી જાગૃતિ આવી અને હિંમત વધી. સંઘે હરિજનોના ઉધ્ધાર માટે ઘણું ઉપયોગી કામ કર્યું. સંઘે હરિજનો માટે અલગ પ્રાથમિક શાળાઓ શરૂ કરી અને જ્યાં જરૂર જણાઈ ત્યાં માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટે અને કલા, તજ્જ્ઞ અને વ્યવસાયી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિઓની પણ વ્યવસ્થા કરી. હરિજન વિદ્યાર્થીઓ માટે શાળાઓ શરૂ કરી. જેમાંથી હરિજન વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં કારીગરો તરીકે બહાર આવ્યા. હરિજનો માટે સંઘે કેટલીક અસ્પતાલોની સ્થાપના કરી. જરૂરિયાતમંદોને વૈદકીય સારવાર અને દવા આપવાની વ્યવસ્થા કરી. જૂના કૂવા સમરાવીને, નવા કૂવા ખોદાવીને, ટ્યુબવેલો બનાવી પાણીનાં પંપો બેસાડીને હરિજનો માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવી. સ્થાનિક સરકારો અને બીજી સંસ્થાઓ સાથે મસલત કરીને તેમણે આવાં કામો કરવા માટે પ્રેર્યા.

સામે કામદારપક્ષે કેટલીક માંગણીઓ હતી, જેનો સ્વીકાર કરવાથી તેમની દશામાં ફરક પાડી શકાય તેમ હતો. અંત્યજ કામદારોની માંગણીઓ બાબતે એક અપીલ (પરીક્ષિતલાલ મજમુદારે) બહાર પાડેલી, જેમાં દર્શાવાયું હતું કે,

૧) મ્યુનિસિપાલિટીના હરિજનોને સફાઈ કામ કરતી વખતે અલગ યુનિફોર્મ આપવાની સુધરાઈએ વ્યવસ્થા કરવી.

૨) સુધરાઈના હરિજનોને રહેવાના ઘર બાંધવા માટે સુધરાઈએ જમીન આપવી, અલગ ચાલી બંધાવી આપવી અને રહેવા લાયક જગ્યામાં દીવાબત્તી, પાણીને જાજરૂની વ્યવસ્થા કરવી.

૩) સુધરાઈના હરિજનોને તેમનું અને શહેરનું હિત તથા સ્વચ્છતા સચવાય તેવું શિક્ષણ આપવાનો વ્યવસ્થિત પ્રબંધ કરવો.

૪) સુધરાઈના હરિજનોને દેવામાંથી મુક્ત કરવાની દૃષ્ટિએ સુધરાઈએ સહકારી મંડળીઓ ચલાવવી.

૫) સુધરાઈમાં કામ ન મળવાથી જે હરિજનો બેકાર રહેતા હોય તેમને માટે સુધરાઈના જ ઉપયોગની વસ્તુઓ તૈયાર થાય તેવા ગૃહઉદ્યોગની વ્યવસ્થા કરવી.

૬) સુધરાઈના હરિજનોને સુધરાઈમાં કાયમી નોકર બનાવવા અને રવિવાર, તહેવારો અને હક્કની રજા મળે તેવી ગોઠવણ કરવી.

૭) સુધરાઈનાં (હરિજનો) સ્ત્રી-પુરૂષોના પગાર, સગવડવાળું જીવન જીવી શકે તેટલા કરવા.

૮) સુધરાઈના હરિજનો માટે પ્રૉવિડન્ટ ફંડની યોજના કરવી.

૯) સુધરાઈની હરિજન સ્ત્રીઓને મ્યુનિસિપાલિટીની સ્ત્રી શિક્ષિકાઓને મળે છે તેટલી સગવડ, સુવાવડ પ્રસંગે મળે તેવા નિયમો કરવા.

૧૦) સુધરાઈના હરિજનોને મ્યુનિસિપાલિટીની હાજરી ઑફિસે બેસવાની કે સફાઈના સાધનો મૂકી રાખવાની કોઈ વ્યવસ્થા હોતી નથી તે કરાવવી.

૧૧) સુધરાઈના હરિજનને સુધરાઈના ગમે તે અધિકારી સજા કરી શકે છે. તે પ્રથા નાબૂદ કરવી અને ખાસ માનદ સભ્યને જ એ કામ સોંપવું.

૧૨) સફાઈ કરવાનાં બધાં સાધનો સુધરાઈએ પૂરા પાડવા અને બળદગાડી કે જે બીજા સાધનો પોતાનાં વાપરે છે તે સુધરાઈએ આપવાં ને તેને માટે ઘટતી વ્યવસ્થા કરવી.

૧૩) સુધરાઈએ હરિજનોને ગજા ઉપરનું કામ ન કરવું પડે એ દૃષ્ટિએ દરેક વોર્ડના રસ્તાનાં માપ અને વસ્તીના ધોરણે કામ આપવું.

૧૪) સુધરાઈની વ્યવસ્થા હેઠળના કોઈપણ સ્થાનમાં સુધરાઈના હરિજનોને અસ્પૃશ્યતાના કારણે અટકાયત ન કરવામાં આવે તેવા નિયમો ઘડ્યા.[૧૧૭]

ઉપર મુજબની માંગણીઓ પરથી ખ્યાલ આવે છે કે અંત્યજોને પાયાની સુવિધાઓ મળતી ન હતી. અંત્યજ કામદારોની સ્થિતિ ગુલામોથીયે બદતર હતી, આવી પરિસ્થિતિમાં સુધારો લાવવા, કામદારોના સ્વાસ્થ્યની જાળવણી માટે તથા તેમના હીત માટે ઉપર મુજબની માંગણી સંઘ સમક્ષ કરાય હતી. આથી પણ વિશેષ બીજી બાબત પર દલિતોની ફરિયાદ હતી કે હરિજન સેવક સંઘની કેન્દ્રીય કારોબારીમાંના આઠ સભ્યોમાંથી ત્રણ દલિત જાતિના હતા, પરંતુ પહેલા આંબેડકર અને પછી બીજા બે એમ.સી.રાજા અને રાવ બહાદુર શ્રીનિવાસનકારોબારીમાંથી નિવૃત્ત થયા, ત્યારથી અસ્પૃશ્યોના કોઈપણ પ્રતિનિધિને ક્યારેય કારોબારીમાં લેવામાં આવ્યા નથી. ૧૪મી ઓક્ટોબર, ૧૯૪૪ના Indian Social Reformer ના અંકમાં લખાણ છે કે, 'હરિજનોનું એક પ્રતિનિધિમંડળ સેવાગ્રામમાં ગાંધીજીને મળ્યું. તેમણે ગાંધીજીને વિનંતી કરી કે હરિજન સેવક સંઘના કારોબારી મંડળમાં અનુસૂચિત જાતિઓના સભ્યોના પ્રતિનિધિત્વને પરવાનગી આપવી જોઈએ. ગાંધીજીને એવું કહેતાં ટાંકવામાં આવ્યા છે કે, સંઘ હરિજનોને મદદ કરવા માટે છે અને સંઘ હરિજન સંસ્થા નથી.' તેથી તેમની માંગણીને માન્ય કરવામાં ન આવી.

ડૉ. આંબેડકરે ગાંધીજીની ટીકા કરતા જણાવ્યું કે, ગાંધીજીએ પોતાની સ્થિતિ અને સ્થાનની સલામતી માટે નવો સિધ્ધાંત રજૂ કર્યો. અસ્પૃશ્યો માટે કરવામાં આવતું

કલ્યાણકાર્ય એ હિંદુઓએ કરેલા અસ્પૃશ્યતાના પાપનું પ્રાયશ્ચિત છે. જમાં કરવામાં આવેલી રકમ હિંદુઓએ ઉઘરાવેલો ફાળો છે. બન્ને રીતે એકલા હિંદુઓ જ સંઘનો વહીવટ કરી શકે, (તેથી) સંઘના કારોબારી મંડળમાં પ્રતિનિધિત્વનો દાવો કરવામાં ન તો નૈતિક ધોરણે કે અધિકારની રૂપે અસ્પૃશ્યો વ્યાજબી ઠરે છે.[૧૧૮]

હરિજન સેવક સંઘની સામે થયેલા આક્ષેપોમાં ગંભીરમાંગંભીર આક્ષેપ એ છે કે આ સંઘ કોંગ્રેસની એક પાંખ હતી અને તેનો મુખ્ય હેતુ અસ્પૃશ્યોને ફસાવીને હિંદુઓના અને કોંગ્રેસના અનુયાયીઓ બનાવવાનો હતો. આ મુદ્દાના ટેકામાં આંબેડકરે એક ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. સંઘના સામાન્ય મંત્રીએ કેટલીક સરકારી શિષ્યવૃતિઓ માટે મહાર જાતિના વિદ્યાર્થીઓને ગેરલાયક ઠરાવ્યા હતા. સ્પષ્ટ કારણ એ હતું કે મહાર જાતિના લોકો કોંગ્રેસનો વિરોધ કરતા હતા. સંઘ સામે એવો પણ આક્ષેપ હતો કે, સંઘે હરિજનો માટે ઘણું કલ્યાણ કાર્ય કર્યું હોવા છતાં તેને પોતાનો જે મુખ્ય હેતુ હતો તે હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતાને નાબૂદ કરવા માટે કશું જ ન કર્યું. સંઘના પ્રમુખ તરીકે જી.ડી.બીરલાએ અને મંત્રી તરીકે અમૃતલાલ ઠક્કરે માત્ર બે જ મહિનામાં જાહેર કર્યું કે, સંઘનું મુખ્ય કાર્ય હરિજનોના કલ્યાણ અર્થે રચનાત્મક કાર્યનું છે. મૂળ ઠરાવથી સંઘ આ રીતે ચલિત થયો એવું સ્પષ્ટ દેખાય છે અને આટલું પૂરતું ન હોય એમ દલિત વર્ગોની લાગણી દુભાવવા માટે જાહેરાતમાં એ પણ જણાવ્યું કે, આ પ્રકારના કામ માટે કટ્ટર સનાતની બીજું કંઈ નહીં તો દયા તો દાખવશે.[૧૧૯] હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતાનો રોગ પેદા કરનાર જંતુઓને સાચા સામાજિક સુધારા વડે દૂર કરવાને બદલે સંઘે સનાતનીઓને પ્રસન્ન કરવા વધારે આતુરતા બતાવી. આમ, હરિજન સેવક સંઘે પ્રસંશનીય અને પરોપકારી કાર્યો કર્યાં હોવા છતાં તે રૂઢિચુસ્ત હિંદુઓમાં સામાજિક સુધારણા માટેની મૂળ લાગણી પ્રેરવામાં નિષ્ફળ ગયો અને તેની દલિત વર્ગોએ, પોતાની જાતિના લોકોને સંઘે પૂરી પાડેલી બહુમૂલ્ય સેવાઓની યોગ્ય રીતે મુલવણી ન કરી. સાથે, ગાંધીજીના અભિગમની મર્યાદા હરિજન સેવક સંઘમાં દેખાતી હતી. તેમાં અસ્પૃશ્યોને મદદ કરીને

તેમને અહેસાન હેઠળ લાવવાનું વલણ હતું. આત્મસન્માનની લાગણીને પ્રોત્સાહન મળવાને બદલે તેમાં સવર્ણો કરતાં પોતે ઉતરતી કક્ષાના છે એવી લાગણી મજબૂત બનતી હતી. સવર્ણોમાં અસ્પૃશ્યો તરફ નીચી નજરે જોવાના તેમના પરંપરાગત વલણને પ્રોત્સાહન મળતું હતું. જાણે કે તેઓ બીમાર બાળકો ના હોય. ટૂંકમાં, એ યુગો જૂના આશ્રયદાતા અને આશ્રિતના સબંધો જ ચાલુ રાખવા જેવું હતું. વધુ એક મર્યાદા એ હતી કે તેમાં વર્ચસ્વ અને દમન વચ્ચેનો સબંધ પિછાણવામાં આવતો નહોતો કે જેને અસ્પૃશ્યો રાજકીય સત્તા મેળવે અને સમાન સ્થિતિમાં આવે તો જ સુધારી શકાય તેમ હતા. ગાંધીજીએ જે અભિગમ અપનાવ્યો હતો, તેને સંઘના મોટાભાગના અનુયાયીઓમાં આત્મસંતોષ અને દેખાવના વલણને મહત્ત્વ આપ્યું હતું.

### ➢ ગાંધીયુગમાં દલિતો માટે શાળા અને આશ્રમોની શરૂઆત

શિક્ષણ સામાજિક પરિવર્તનનું મહત્ત્વનું પરિબળ છે. ગાંધીજી અને તેમના અનુયાયીઓ દ્વારા દલિતોને શિક્ષણ અપાવવાની જોગવાઈઓ કરવામાં આવી હતી. છતાં કેટલાક સવર્ણોની રૂઢિજડતાને કારણે શિક્ષણ મેળવી શક્તા નહોતા. ગાંધીજી માનતા હતા કે સવર્ણોના બાળકોને મળે છે તેવું જ શિક્ષણ હરિજન બાળકોને પણ મળવું જોઈએ. આનાથી અસ્પૃશ્યતા નિવારણ થાય અને શિક્ષણની હરીફાઈમાં ઉતરવાની તક મળે અને સાથે સાથે માનસિક જાગૃતિ પણ આવે. આ જ દૃષ્ટિથી ગુજરાતમાં ઠેર ઠેર અંત્યજ શાળાઓ, આશ્રમ શાળાઓ, રાત્રિશાળાઓ શરૂ કરવામાં આવી અને પછી તો તેમાંથી અનેક નવા કામો ઊભા થયા.

ગાંધીયુગમાં સૌપ્રથમ અંત્યજ શાળા ઈ.સ. ૧૯૧૭માં ગોધરામાં શરૂ કરવામાં આવી હતી. ગોધરાના અંત્યજોની સ્થિતિ સુધારવાને કંઈ કાયમનું પગલું લેવાના હેતુથી ગાંધીજીએ ગોધરામાં અંત્યજ શાળા સ્થાપવાનો વિચાર જાહેર કર્યો હતો. પછીથી થોડા જ વખતમાં હિંદ સેવા સમાજના સભાસદ અમૃતલાલ ઠક્કરની સહાયથી અંત્યજ શાળા

સ્થાપવામાં આવી. એકાદ વર્ષ પછી સત્યાગ્રહ આશ્રમ નિવાસી વિઠ્ઠલ લક્ષ્મણ ફડકે ગાંધીજીની સૂચનાથી આ શાળાનું કામ કરવા ગયા, ત્યારથી તેનું કામ પાકા ધોરણ પર મૂકાયું. નોંધવા જેવું છે કે, મામાસાહેબ ફડકેએ અંત્યજોની સ્થિતિનો એકાગ્રપણે ઊંડો અભ્યાસ કર્યો છે, તેથી અંત્યજ સેવા માટે જે નવા સેવકો મળતા તેમને થોડો વખત તાલીમ લેવા માટે મામાસાહેબ પાસે મોકલવામાં આવતા.[૧૨૦] મામાસાહેબ ફડકે પોતાની સાથે થોડા અંત્યજ બાળકો રાખતા હતા. કાળક્રમે તેમને રીતસર અંત્યજ વિદ્યાર્થી આશ્રમ સ્થાપવાની જરૂર લાગી. મામા જ સર્વોત્કૃષ્ટ અંત્યજ સેવક હતા અને તેમની સંસ્થા અંત્યજ પ્રવૃતિનું મુખ્ય ધામ બને એમ હતું. તેથી શેઠ રૂસ્તમજીની રૂા. ૪૦,૦૦૦/- ની સખાવતમાંથી ગાંધીજીએ સારો હિસ્સો ગોધરાના આશ્રમ માટે આપ્યો હતો.[૧૨૧] ઈ.સ. ૧૯૧૮ની આખરમાં વિઠ્ઠલભાઈ પટેલના પ્રમુખપણા નીચે અંત્યજ પરિષદની બેઠક મળી. તે વખતે અતિશય સ્થાનિક વિરોધની સામે થઈને પ્રમુખસાહેબે પરિષદના મંડપમાં જ અંત્યજોની અને આમવર્ગની મિશ્ર સભા મળેલી. તે વખતે નડિયાદમાં શાળા સ્થાપવા માટે સારી રકમ મળી એટલે ઈ.સ. ૧૯૧૯ની શરૂઆતમાં ત્યાં શાળા ઉઘાડવામાં આવી, એટલે કે અસહકારની ચળવળ શરૂ થઈ તે પહેલાં આ બે અંત્યજ શાળાઓ ગુજરાત કેળવણી મંડળને હસ્તક ચાલતી હતી. ઈ.સ. ૧૯૨૧ની શરૂઆતમાં બન્ને શાળાનો વહીવટ ગુજરાત વિદ્યાપીઠને સોંપાયો. ઈ.સ. ૧૯૨૧ના જુલાઈ માસમાં અસહકારની પ્રવૃતિના અંતે અંત્યજોનું કાર્ય વિશાળ ધોરણ પર કરવા માટે ગુજરાત અંત્યજ કાર્યાલયે પ્રવૃતિ શરૂ કરી. નડિયાદની શાળાના વિદ્યાર્થીઓને સારા સંસ્કાર આપવાના હેતુથી થોડોક વખત તેમને માટે એક વસતિગૃહ ચલાવવામાં આવ્યું હતું, ત્યાં તેઓ રાતનો અને સવારનો વખત ગાળતા પણ જમવા ઘેર જતા. આથી બહારગામનાં છોકરાઓને માટે જમવા-રહેવાની પૂરતી ગોઠવણ થાય તો કેટલાય અંત્યજ ભાઈઓએ પોતાના છોકરાઓને મોકલવાનું જણાવ્યું હતું. ઉપરાંત નડિયાદનું અને આખા જિલ્લાનું વાતાવરણ અંત્યજના કાર્યને અનુકૂળ લાગવાથી ૧૫મી ઓગષ્ટ, ૧૯૨૧ના રોજ નડિયાદમાં અંત્યજ વિદ્યાર્થી

આશ્રમ સ્થાપવામાં આવ્યો. તે જ અરસામાં સ્થાનિક કાર્યકર્તાઓની માગણી અને સહાયથી દાહોદ, વરસોડા, સારોદ, મહેમદાવાદ અને નગરામામાં કાર્યાલય તરફથી શાળાઓ ઉઘાડવામાં આવી.[૧૨૨] તે ઉપરાંત જલાલપુર તાલુકાના કેટલાક ગામોના અંત્યજ ભાઈઓએ મળીને ત્યાં શાળા, આશ્રમ જેવી સંસ્થાઓ ઉઘાડવાની અરજી કરી. આ સમયે દક્ષિણ ગુજરાતમાં પણ અંત્યજ શાળા આશ્રમ ખોલવાની પ્રવૃતિ પૂર જોશમાં હતી. જેમ કે, તે વખતે અબ્રામા કેળવણી મંડળની શાળા સુરત જિલ્લા સમિતિને હસ્તક હતી, એટલે તેના છાત્રાલયનું ખાલી પડેલું મકાન સહેલાઈથી મળી શકે તેમ હતું. તેથી ત્યાં ઈ.સ. ૧૯૨૨માં ત્રીજો વિદ્યાર્થી આશ્રમ સ્થાપવામાં આવ્યો અને તેમાંથી બે વિદ્યાર્થીઓને આ સત્યાગ્રહ આશ્રમમાં કાંતવા-વણવાનું કામ શીખવા માટે મોકલ્યા. તે ઉપરથી તે આશ્રમની સફળતાનો ખ્યાલ આવી શકશે. તે જ વર્ષે (ઈ.સ. ૧૯૨૨માં) લાઠીમાં અંત્યજ શાળા ખોલવામાં આવી. ત્યાંના ઢેડ લોકોએ હાથે કાંતેલું સૂતર વણવામાં ખાસ પહેલ કરી હતી. તેથી તેમાંના કેટલાક સત્યાગ્રહાશ્રમમાં કામ કરતા હતા. અમરેલીના ખાદી કાર્યાલયને પણ તે જ કારણસર લાઠીના વણકરોનો સારો પરિચય થયેલો, તેથી તેના તરફથી ઈ.સ. ૧૯૨૧ની આખરમાં ત્યાં અંત્યજ શાળા કાઢવામાં આવી હતી. પછી તે બંધ થઈ હતી.તેથી અંત્યજ કાર્યાલયે તો પાછી તેને સજીવન જ કરી.[૧૨૩] નવા આશ્રમને પૂરતા વિદ્યાર્થી મળતાં વાર ન લાગી. નડિયાદ અને ગોધરાના આશ્રમમાં રહેતા સુરતના ઘણા અંત્યજ ખાસ કરીને ખાલપા કોમનાં વિદ્યાર્થી તરત અબ્રામા ગયા. બીજા તે જિલ્લાની અછૂત પ્રજામાંથી મળી આવ્યા. રામાભાઈ અને તેમના પત્ની કાશીબેને આશ્રમ ચલાવતાં બહુ મહેનત ઉઠાવી. બધા બાળકોને તે પોતાના બચ્ચાની માફક ઘણાં જ વાત્સલ્યભાવથી પાળતા. શરૂઆતમાં નાની ચોરી અને પથરા પડતા તેવા કડવા અનુભવ થયા. નવાસવા વિદ્યાર્થીઓની આવજાવની કનડગત તો હોય જ. વળી ચરોતરના વતનીને સુરત જિલ્લાનાં ગામડાંનો ખોરાક ફાવે નહીં. છતાં વીર દંપત્તીએ આ આશ્રમ પૂરી હિંમત અને એકનિષ્ઠાથી લગભગ દોઢ-બે વરસ સુધી ચલાવ્યો. દરમ્યાન કાશીબેન

અકાળે ગુજરી ગયાં, તેથી સર્વેને ભારે ખોટ પડી. પછીથી એ આશ્રમ અબ્રામાંથી નવસારી ખસેડવામાં આવ્યો, ત્યારથી તેની પ્રગતિ થઈ.

ગાંધીયુગમાં રાત્રિશાળાનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. અનસૂયાબેન સારાભાઈએ છ અંત્યજ શાળાઓ જે રાત્રિશાળા હતી, તે ખોલવાની પ્રક્રિયા ગાંધીજીએ કરી. તે શાળાઓમાં કેશવજી, કહાનજી અને મોહનદાસ માસ્તરો તરીકે જોડાયા હતા. આ બધા સ્વયંસેવકો હતા અને પોતાનો સ્વતંત્ર ધંધો કરે. શાળા ખોલવાના પ્રારંભે રમણભાઈ તથા પ્રો. આનંદ શંકર ધ્રુવ હાજર રહ્યા હતા. પ્રો. ધ્રુવનું ભાષણ નોંધવા લાયક છે. તે પ્રમાણે, 'આપણામાં અસ્પૃશ્ય કોઈ નથી અથવા બધા છીએ. જેનામાં માન, મોહ, મદ, મત્સરાદિ અંત્યજો વસે છે. તે જન્મે બ્રાહ્મણ હોય તો પણ અસ્પૃશ્ય છે. જે કહેવાતા અંત્યજોમાં તે શત્રુઓનો વાસ નથી. તેઓ પૂજ્ય છે. તમારો ત્યાગ કરવો જોઈએ અથવા તમને અમારે ન અડકવું જોઈએ. એવી ભાવનામાં ધર્મ નથી. તેમને હરેક પ્રકારે મદદ કરવી એ બધા હિંદુઓની ફરજ છે. મારો ઘણો કાળ શિક્ષક તરીકે ગયો છે એટલે આ કાર્યમાં હું મારી હાજરી આપી શક્યો છું. એથી હું રાજી થયો છું. કેળવણી પામી તમે સારા થાઓ એ હું ઈચ્છું છું.'[૧૨૪]

હકિકત તો એ છે કે શાળા અને આશ્રમો સ્થાપવાના ઠરાવો કરવા અને કહેવું સહેલું હતું પણ શાળાની શરૂઆત કરવી અને આશ્રમ વસાવવો એ સહેલુ ન હતું. ઘણા ઠેકાણે અંત્યજ શાળાઓ અને આશ્રમોનો ખુલ્લો વિરોધ થયો હતો. જેને કેટલાક ઉદાહરણો દ્વારા જોઈ શકાય છે. વઢવાણ રાષ્ટ્રીય શાળા પુરજોશમાં ખીલી રહી હતી. ૧૮ શિક્ષકોના હાથ તળે ૪૦૦ વિદ્યાર્થીઓ તેમાં સ્વરાજ્યની તાલીમ મેળવતા હતા. તે વખતે અંત્યજ વિદ્યાર્થીઓને શાળામાં દાખલ કરવાના પ્રશ્ન ઉપર ઝળકતી કારકિર્દીવાળી એ સંસ્થા તૂટી પડી. મોટા ભાગનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ શાળા છોડી ગયા. ફુલચંદભાઈ, ચમનલાલ વૈષ્ણવ અને સ્વામી શિવાનાજી તથા પચ્ચીસેક વિદ્યાર્થીઓ સંસ્થામાં રહ્યા. આગળ જતા એ સંસ્થા ફરી ફાલીફૂલી અને પરીક્ષિતલાલની સમજાવટને લીધે તેનું કામ

પાછળથી હરિજન સેવક સંઘને સોંપાયું.[૧૨૫] બીજો એક દાખલો નોંધવા જેવો છે કે, આત્મારામ કેશવજી અને વલ્લભજી હંસરાજ જેવા ભાવનાશાળી નવયુવાનોના પ્રયત્નોથી દશ મોટા ગામોમાં અંત્યજ શાળાઓની સ્થાપના તો થઈ પણ યોગ્ય શિક્ષકોને અભાવે શાળાઓ ચલાવવાનું કામ ઘણું અઘરું થઈ પડ્યું. અંત્યજ બાળકોને ભણાવનાર સવર્ણ શિક્ષકનો તેમની નાત તરફથી બહિષ્કાર થતો અને નાતબહાર મૂકવાની તલવાર તો તેમના માથા પર હંમેશા તોળાતી રહેતી એટલે સામાન્ય રીતે મુસલમાન શિક્ષકો જ અંત્યજ શાળાઓ માટે મળતા.[૧૨૬] તે જમાનામાં અસ્પૃશ્યતાની અનિષ્ટ રૂઢિને લીધે શાળાઓમાં સવર્ણ વિદ્યાર્થી અને સવર્ણ શિક્ષકોને પણ કેટલું વેઠવું પડતું તેનો એક દાખલો ગુરૂદયાળ મલ્લિકજીના શબ્દોમાં જ જોઈએ, 'વાત એમ બની કે એક મહિનાની પહેલી તારીખે નિશાળનો અંત્યજ પોતાનો પગાર લેવા આવ્યો હતો. તે હેડમાસ્તરની ઓફિસના બારણાની પાસે ઊભો હતો. મને હેડમાસ્તરે અમુક કામ માટે બોલાવ્યો હતો. તેથી હું ત્યાં ગયો. નિશાળના અંત્યજને મેં હાથથી આઘા કરતાં કહ્યું ભાઈ જરા ખસો મને અંદર જવા દો. આ જોઈને હેડમાસ્તર સાહેબનો મિજાજ ગયો. તેઓ તરત ખુરશીમાંથી ઉઠ્યા. હાથમાં લાકડી લઈ મારી પીઠ પર ફડાફડ ફટકારતાં તેમણે મને કહ્યું, તે આજે હિંદુ ધર્મને કલંકિત કર્યો છે અને પછી એ બિચારા અંત્યજ પર તૂટી પડ્યા. આ જોઈને હું ચીસો પાડવા લાગ્યો અને હેડમાસ્તરને વારંવાર વિનંતી કરવા લાગ્યો કે, એને મહેરબાની કરીને મારો નહીં . . . મારો નહીં . . .' એ પણ આપણા જેવો જ એક માણસ છે. મારી વિનંતીનું પરિણામ કેવળ એટલું જ આવ્યું કે તે અંત્યજને નિશાળમાંથી કાઢી મૂકવામાં આવ્યો અને મને પણ. પછીથી હું બીજી નિશાળમાં જોડાયો. જ્યાંના હેડમાસ્તર એક મુસ્લિમ ભાઈ હતા, પરંતુ હું એક અંત્યજોને અડ્યો હતો એ વાત જ્યારે અમારા નાના શહેરમાં ફેલાઈ ત્યારે ઘણાં હિંદુ કુટુંબના માણસો મારી બાને માંઠુ કહેવા લાગ્યાં અને બોલ્યા, પોતાને મોટી વૈષ્ણવી કહેવડાવે છે. મંદિરમાં જાય છે પણ હિંદુ ધર્મનું તો કાંઈ સમજતી જ નથી. ભલા એ વૈષ્ણવ કેવા કે જે વર્ણભેદ ન પાળે ? પરંતુ મારી બાએ

એકવાર પણ જવાબ ન આપ્યો. ચાચાજીની ઉપરની હૃદયદ્રાવક કથનીથી હરિજનોને શિક્ષણ માટે કેટલી મુશ્કેલી પડતી હતી તેનો ખ્યાલ આવે છે. એ જ રીતે ખેડા જિલ્લાના નાપા, માતર, દાવડા, અલિંદા અને દેહમી ગામે હરિજન બાળકો શાળાએ જઈ શકતા નહીં. તેથી સ્કૂલ બોર્ડે તે શાળાઓ બંધ કરવાનો ઠરાવ કર્યો. મુંબઈ ઈલાકાના કેળવણી ખાતાના અમલદારોએ શરૂઆતમાં સ્કૂલ બોર્ડના આ પગલાને ટેકો આપેલો પણ સંજોગો બદલાતા તેમણે ઢીલાશ બતાવવા માંડી. મામલો કોર્ટે ચડ્યો. સદ્ભાગ્યે અદાલતનો ચુકાદો સ્કૂલ બોર્ડે લીધેલા પગલાની તરફેણમાં આવ્યો. એને લઈને હરિજન બાળકોને શાળામાં દાખલ કરવાનું કામ સરળ બન્યું. ઈ.સ. ૧૯૩૫માં અંકલેશ્વર તાલુકાના સવર્ણોએ ઠીક ઠીક વિતાડેલું. ખેડા જિલ્લાના રઢુ ગામે એક હરિજન શિક્ષક કુબેરદાસ કે જેઓ પરીક્ષિતલાલની રાત્રિશાળાના વિદ્યાર્થી હતા. એમણે હરિજન બાળકોને શાળામાં દાખલ કરવા સારું ઝુંબેશ ઉપાડેલી, જ્યારે ઈ.સ. ૧૯૩૬માં ભરૂચ પાસેના માટીએડ ગામે હરિજન બાળકો શાળાએ જતાં સવર્ણોએ તેમના બધા જ બાળકોને નિશાળમાંથી ઉઠાડી લીધેલાં છતાં હરિજનોએ તો તેમનાં બાળકોને શાળામાં મોકલવાનું ચાલુ રાખેલું.

ગાંધીજી, ઠક્કરબાપા, મામાસાહેબ ફડકે, પરીક્ષિતલાલ મજમુદાર વગેરેના પ્રયત્નોથી નડિયાદ, ભાવનગર, રાજકોટ, અમદાવાદમાં અંત્યજ શાળા શરૂ થઈ, પરંતુ અસ્પૃશ્યતાની ઝેરી પકડને લીધે એ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઘણું સહન કરવું પડતું. છેવટે અંત્યજો માટે અલગ શાળાઓ ચલાવવી ઉચિત ન લાગતા ગુજરાત હરિજન સેવક સંઘે તા. ૨૨/૯/૧૯૩૫ના રોજ અંત્યજ શાળાઓ ખોલવાનું બંધ કરવા તથા અંત્યજ વિદ્યાર્થીઓને સાર્વજનિક શાળાઓમાં દાખલ કરાવવાનો ઠરાવ કર્યો, પરંતુ રૂઢિચુસ્ત માનસ ધરાવતા હિંદુ સમાજમાં રહીને એ ઠરાવનો અમલ કરાવવો એ લોઢાના ચણા સમાન હતું. તેમ છતાં હરિજન સેવક સંઘના કાર્યકરો તે ઠરાવનો અમલ કરાવવા પ્રયત્નશીલ બન્યા હતા. ઈ.સ. ૧૯૩૫માં અમદાવાદ જિલ્લાના કાવિઠા ગામની સ્કૂલ બોર્ડની શાળામાં અંત્યજ બાળકોને દાખલ કરાવવાની બાબતમાં બંને પક્ષે ખટરાગ થયો.

ગામ લોકોએ એ મુદ્દા પર અંત્યજોનો બહિષ્કાર કર્યો. છેવટે સ્કૂલ બોર્ડે જણાવ્યું કે, જે શાળાઓમાં અંત્યજ બાળકોને પ્રવેશ ન મળતો હોય તે શાળાઓને સદંતર બંધ કરી દેવી. સ્કૂલ બોર્ડની એ જાહેરાત પછી અને સરદાર પટેલની દરમિયાનગીરીથી છેવટે એ બન્ને પક્ષો વચ્ચે સમાધાન શક્ય બન્યું હતું. સ્કૂલ બોર્ડના એ ઠરાવ પ્રમાણે ભરૂચ જિલ્લાની નોંધણી ખેડા જિલ્લાની માતર, અલિંદ્રા, નાયા, પામોલ, અમદાવાદ જિલ્લાની ગોધાવી વગેરે શાળાઓ બંધ કરવી પડી હતી. કારણ કે, રૂઢિચુસ્ત હિંદુ સમાજે અંત્યજ બાળકોને એ શાળામાં દાખલ કરવામાં મચક આપી ન હતી. ગોધાવી ગામનાં હિંદુઓએ તો અંત્યજ બાળકોના શાળા પ્રવેશની બાબતે છંછેડાઈને અંત્યજોનો બહિષ્કાર કર્યો હતો તથા તેમના પાણી ભરવાના વીરડામાં કેરોસીન છાંટી થોર નાખ્યા હતા. તેમનાં ખેતરોના ઊભા પાકને તથા તેમના ઘરોને આગ લગાડી હતી. પરિણામે અંત્યજોએ હિજરત કરીને ત્રણ માસ સુધી ગામ છોડવું પડ્યું હતું. છેવટે પરીક્ષિતલાલ મજમુદારના પ્રયત્નોથી સમાધાન શક્ય બન્યું હતું. તેથી ગોધાવી ગામના ગોવા મોતરને ગામના મુખી દેવા પટેલે સમાધાનના પ્રતિકરૂપે પાઘડી બાંધી હતી.[૧૨૭]

કાકાસાહેબ કાલેલકરના અનુરોધથી તથા ગાંધીજીના આશિર્વાદથી હરિજન કન્યાઓ માટે સાબરમતી આશ્રમમાં કન્યા આશ્રમ શાળા શરૂ કરી. ગામડે ગામડે ફરીને પરીક્ષિતલાલ શરૂઆતમાં માંડ દસ હરિજન કન્યાઓને આશ્રમ શાળામાં પ્રવેશ કરાવી શક્યા. જે સંસ્થા તેમની નિષ્ઠા અને કાર્યપદ્ધતિને લીધે કન્યાઓની સંખ્યા થોડા જ વર્ષોમાં ૨૫૦ ઉપર પહોંચી ગઈ. થોડા જ સમયમાં બુનિયાદી અને ઉત્તર બુનિયાદી શાળામાં હરિજન બહેનોની સંખ્યા ૬૦૦ થી ૭૦૦ થઈ ગઈ. જેમાં અંત્યજ કન્યાઓની સંખ્યા સારી એવી હતી. ગામડામાં પ્રાથમિક શાળાઓ માટે હરિજન શિક્ષિકાઓ મેળવવા પરીક્ષિતલાલે આશ્રમમાં સ્ત્રી-અધ્યાપન મંદિર ખોલ્યું. જેમાં થોડા જ સમયમાં ૧૫૦ શિક્ષિકા બહેનો તૈયાર થઈ હતી.[૧૨૮] બીજા એક કન્યા છાત્રાલય માટે ભારતીય હાઉસિંગ સોસાયટી પાસે એક મોટો સુંદર બંગલો ભાડે રાખવામાં આવ્યો અને ૧૯ એપ્રિલ, ૧૯૩૩ના દિવસે

અંત્યજ કન્યા છાત્રાલયનું ઉદ્દ્‌ઘાટન કરવામાં આવ્યું. ગુજરાત કૉલેજમાં કામ કરતા બે અંત્યજ કુટુંબોમાંથી માંડ માંડ ત્રણ બાળકો ઉદ્દ્‌ઘાટનને દિવસે છાત્રાલયમાં આવી પણ સાંજે ? એકેય કન્યા છાત્રાલયમાં મળે તો ને ! એવી પરિસ્થિતિ હતી. છાત્રાલય ચલાવવું હતું. અંત્યજ બાળાઓ મળતી નહોતી એટલે બધાએ મળી વિચાર્યું કે અંત્યજ છાત્રાલયને બદલે હરિજન કન્યા છાત્રાલય શરૂ કરવું અને હરિજન બાળાઓ આવી તેનાથી હરિજન કન્યા છાત્રાલય શરૂ થયું. તે બસો પચાસ બહેનોના છાત્રાલયમાં પરિણમ્યું હતું.

સૌરાષ્ટ્રમાં પણ અંત્યજ શિક્ષણને વેગ આપવા પ્રવૃતિઓ શરૂ થઇ હતી. એ જ અરસામાં ભાવનગર, વરતેજ અને છાયામાં હરિજન આશ્રમો શરૂ થયા. તેમાં છાત્રાલયો સાથેની શાળાઓ (આશ્રમ શાળાઓ) શરૂ થઈ. આખા સૌરાષ્ટ્રમાં જુદે જુદે સ્થાને અંત્યજ સેવા મંડળ તરફથી ૬૪ શાળાઓ ચાલતી હતી. આ શાળાઓ તથા આશ્રમના ફાળા માટે રામજીભાઈ હિરાણી અને રામનારાયણ ના. પાઠક આફ્રિકા જઈ ત્રીસેક હજાર રૂપિયા જેટલી રકમ લઈ આવેલા.[૧૨૯] જૂનાગઢ, વેરાવળ અને વડાલમાં હરિજન શાળાઓ ચાલતી. તેના સંચાલક દ્વારકાદાસ ત્રિવેદીને નરસિંહ મહેતાના ચોરામાં પ્રવેશ અંગે અને હરિજન કામ અંગે ખૂબ વેઠવું પડ્યું હતું. પોરબંદર ખાતે માધવપુરના તીર્થધામમાં અંત્યજ ભાઈઓ માટે ખાસ આશ્રમ શરૂ થયો હતો. છાયા તથા માધવપુર આશ્રમમાં લક્ષ્મીશંકર પાઠક અને રામનારાયણ ના. પાઠક કામ કરતા હતા. અહીં નોંધવા જેવું છે કે, રેવાશંકર માસ્તરના પ્રયત્નથી અમદાવાદ જિલ્લાના અધારના હરિજનોએ રૂ.૫૦૦/- ઈચ્છાપરાના હરિજનોએ રૂપિયા ૨૦૦/- અને ઈટાદરાના હરિજનોએ રૂ.૩૫૦/- ઈ.સ. ૧૯૩૯માં ગુજરાત હરિજન સેવક સંઘને પોતાના ગામમાં અંત્યજ શાળાઓ શરૂ કરવા આપ્યા હતા. અંત્યજ સેવા મંડળ તથા સૌરાષ્ટ્રની અંત્યજ સેવા સમિતિના સંયુક્ત પ્રયાસોથી તેમજ દેશવિદેશમાંના દાતાઓના દાનથી સૌરાષ્ટ્રમાં વિવિધ સ્થળોએ ૬૪ જેટલી આશ્રમશાળાઓ શરૂ થઈ. (ભૂજ, માંડવી, અંજાર પાસે સનદવાડી વગેરેમાં હરિજન આશ્રમશાળાઓ સ્થપાઈ.) હરિજનોમાં જેમ જેમ કેળવણી વધતી ગઈ તેમ તેમ વધુને વધુ

છાત્રાલયો પણ ખૂલતા ગયા. જાગૃત થયેલા, કેળવાયેલા હરિજનોએ પોતાના મંડળો રચ્યાં અને તેના દ્વારા છાત્રાલયો ચલાવવા લાગ્યા. વખત જતાં અલગ છાત્રાલયો શા માટે? એ પ્રશ્ન પણ ઊભો થયો. હરિજનો માટે સંઘ જુદા છાત્રાલયો શા માટે ચલાવે ? એ સવાલ સ્વાભાવિક રીતે ઉઠવા લાગ્યો. મુંબઈ સરકારના ધોરણે હરિજન સેવક સંઘે પછાત ગણાતી કોમોમાં કોમી છાત્રાલયોનું તત્વ નાબૂદ કરવાનું પગલું અમલમાં મૂક્યું અને તેથી પછાત ગણાતી કોમોના ત્રણે વિભાગો જેવા કે હરિજનો, આદિવાસીઓ અને ઈતર પછાત ગણાતી કોમોના બાળકો એકબીજા સાથે હળીમળીને મિશ્ર છાત્રાલયોમાં રહે એવી યોજના અમલમાં આવી. ઉપરાંત સમયની મર્યાદામાં રહીને આ જ છાત્રાલયોમાં ઉચ્ચ ગણાતી કોમનાં બાળકો દાખલ થયા. અગર તો ઉચ્ચ ગણાતી કોમનાં છાત્રાલયોમાં હરિજન બાળકોને દાખલ કરવામાં આવે તેવા પ્રયત્નો થયા એટલે એના પરિણામરૂપે ગુજરાત-સૌરાષ્ટ્રના અનેક સવર્ણ છાત્રાલયોમાં હરિજન બાળકોને પ્રવેશ મળવા લાગ્યો. હરિજન છાત્રાલયોને સાર્વજનિક છાત્રાલયનું રૂપ આપી એમાં સવર્ણ કન્યાઓ અને કુમારો રહેવા લાગ્યા. પછી તો ક્રમશઃ સુરતનો અનાવિલ આશ્રમ, વડોદરા અને નવસારીનો ભક્તાશ્રમ, વરાડ અને વિરમગામ હાઈસ્કૂલનાં છાત્રાલયો હરિજનો માટે ખુલ્લાં થતાં. આ રીતે અસ્પૃશ્યતા નિવારણની દિશામાં એક નવો ચીલો પાડ્યો. ઈન્દુલાલ યાજ્ઞિક નડિયાદના આશ્રમમાં બે સેવકોની વાત નોંધે છે કે, આ વખતે નડિયાદના આશ્રમમાં બે નવા સ્વયંસેવકો ખરા દિલથી કામ કરતા ભીલ સેવક ભગવતપ્રસાદના ભાઈ ભાનુપ્રસાદ પંડ્યા અને અમદાવાદના વતની પ્રભાકર બિહારીલાલ તથા ભાનુપ્રસાદ ખેડા જિલ્લાના ખડતલ યુવાન કંઈક ધાર્મિક ભાવનાથી પ્રેરાઈને અંત્યજ સેવામાં જોડાયા હતા. સાથી પ્રભાકર કંઈક સુકોમળ શરીર અને દિલના ભાવુક જુવાન હતા અને તે વધુ વખત આ કાર્યમાં ટક્યા હતા. આ બન્ને સવર્ણ જુવાનો દલિત બાળકોને આત્મભાવથી ચાહતા, પાળતા અને પોષતા. તેમની કામગીરી જોઈને હું (ઈન્દુલાલ યાજ્ઞિક) ઘણો આનંદ

પામતો અને તેમની બિરાદરીથી ખેંચાઈને હું ઘણીવાર નડિયાદના આશ્રમમાં રાતવાસો કરતો.[૧૩૦]

શાળા અને આશ્રમશાળાને લગતી કેટલીક ઘટના વખાણવા જેવી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, પંચમહાલના બારૈયાઓ સાવ પછાત છે એમ નથી. રાષ્ટ્રીય શાળા વિશે એમને ત્યાં વાત કરતાં એમણે કહ્યું, 'તમારી શરત અમે સમજીએ છીએ. ઢેડાઓ અમારા કૂવામાંથી પાણી ખેંચી લે તો પણ અમારે વાંધો નથી.' બીજા ગામમાં એક બારૈયા ભાઈએ કહ્યું, અમે લોકો કે દી શાસ્તર ભણવા ગયા હતા ? તમે બ્રાહ્મણ લોકોએ અમને આભડછેટ શીખવી, તમે નાચ્યા તો અમે નાચ્યા. તમે પાછા વળ્યા છો તો અમે પણ તમારી સાથે પાછા વળીશું. તમે જે કહો છો તે ધરમ જાણીને જ કહો છો. અમારે ઝાઝી પંચાતની જરૂર શી ? આવી પ્રતિક્રિયા જોઇ કાકાસાહેબ કાલેલકર નોંધે છે કે, પંચમહાલની પછાત દશામાં આટલી પ્રગતિ હેરત પમાડે એવી છે. આ પરિવર્તન હજી કુમળું અને કાચું છે. કોઈ પણ વિઘ્નસંતોષી માણસ લોકોના વહેમોને ઉશ્કેરી પરિસ્થિતિ વિષમ કરી મૂકે એમ છે. છતાં આટલી સફળતા માટે પંચમહાલના આગેવાનોએ જરૂર મગરૂર થવું ઘટે છે. સાચી સેવા આગળ કઠણમાં કઠણ વહેમો પણ ટકતા નથી. પંચમહાલ લાંબા વખત સુધી પછાત રહ્યું. હવે એણે એ પછાતપણું ફેંકી દઈ આગળ આવવું જોઈએ.[૧૩૧]

## ➢ મૂલ્યાંકન

ઉપર મુજબની પ્રવૃત્તિઓ હોવા છતાં કેટલીક મર્યાદાઓ જોઈ શકાય છે. જેમ કે, અંબાલાલ સાકરલાલ દેસાઈ જેવા સંનિષ્ઠ કેળવણીકાર અને સમાજ સુધારકે જ્યારે અમદાવાદમાં એક શાળા સ્થાપી, ત્યારે તેમણે તે શાળામાં અસ્પૃશ્ય બાળકોને દાખલ ન કર્યાં. એમની શાળામાં ગરીબો અને હિંદુ-મુસલમાનોને સ્થાન હતું. અસ્પૃશ્યોને નહીં.[૧૩૨] બીજો એક બનાવ જોઈએ તો, કાલોલમાં એક મંડળે આઠેક રાષ્ટ્રીય શાળાઓ ચલાવી છે. અંત્યજોના ગોર ઠક્કરબાપા એ મંડળના પ્રમુખ છે. છતાં એક અપવાદ બાદ કરતાં એ

શાળાઓમાં અંત્યજોને માનભેર પ્રવેશ નથી. કેટલાક મહિના પહેલાં ગોધરા તાલુકામાં વિદ્યાપીઠ વતી એક નિશાળ કાઢવાનો વિચાર ચાલ્યો હતો. અંત્યજોને સમાનભાવે રાખવા તૈયાર હો તો જ શાળા કઢાય એવી નીતિ સાંભળતાવેત લોકોએ રાષ્ટ્રીય શાળાનો મોહ છોડી દીધો હતો.[૧૩૩] કાકાસાહેબ કાલેલકર નોંધે છે કે, કાલોલની રાષ્ટ્રીય શાળામાં અંત્યજોનો પ્રવેશ કરાવવા સંચાલકોને હું વીનવતો હતો. એવામાં સામી બાજુથી મેં દલીલ સાંભળી, 'તમે વિદ્યાપીઠ તરફથી બારૈયા કોમ માટે બોચાસણમાં વલ્લભ વિદ્યાલય ખોલ્યું છે, ત્યાં પણ બારૈયા લોકોના વિરોધને લીધે તમે અંત્યજોને દાખલ નથી કરી શક્યા. એ લોકોને સમજાવવા એ લોઢાના ચણા ખાવા બરોબર છે.' આટલી સૂક્ષ્મ માહિતી અને એનો આ ઉપયોગ જોઈ હું તો આભો જ બની ગયો. ઉપરનો પ્રસંગ હમણાં જ બન્યો. એથી ચેતીને વલ્લભ વિદ્યાલયમાં અંત્યજ વિદ્યાર્થીને મોકલવાની વ્યવસ્થા થઈ છે. ખેડા જિલ્લાના બારૈયા લોકો હજી પછાત છે. તેઓ પોતાનો ઉદ્ધાર ચાહે છે પણ અંત્યજો તો પડેલા રહે એમ જ તેઓ ઈચ્છે છે. એ જાતનો આક્ષેપ ખેડા જિલ્લાના દિલદાર બારૈયાઓને અન્યાય કરે છે. બોચાસણમાં જ્યારે વલ્લભ વિદ્યાલય સ્થાપવાની વાત ચાલતી હતી ત્યારે જાહેર સભામાં અમે કહ્યું હતું કે, આ શાળામાં અંત્યજો પણ આવશે. સભામાં ઉજળિયાત કોમના એક વૃધ્ધે આ વસ્તુ સામે પોતાનો અણગમો જાહેર કર્યો પણ તરત બારૈયા તેમજ પાટીદાર યુવાનોની આખી મેદની એની સામે ઉલટી અને બિચારા ડોસાનો સખત વિરોધ કર્યો. સભાનો વિવેક ન જાળવવા માટે યુવાનોને અમારે ઠીક ઠીક પાઠ આપવો પડ્યો. ખેડા જિલ્લાના બારૈયા લોકો સ્વરાજ્યની વાત કેટલે દરજ્જે સમજ્યા છે, એનું આ ઉત્તમ ઉદાહરણ છે. વધુ એક મર્યાદા જોઈએ તો, બોચાસણ વિદ્યાલયમાં અકેય અંત્યજ વિદ્યાર્થી ભણતો નથી એ વાત સાચી છે. અસ્પૃશ્યતા નિવારણની બાબતમાં મોળાશની શંકા વિદ્યાપીઠ વિશે આવશે એમ સ્વપ્નેય ખ્યાલ નહીં. તળ વિદ્યાપીઠમાં તો અંત્યજો બધા સાથે એક પંક્તિમાં જમવા બેસે છે એટલું જ નહીં પણ વારા પ્રમાણે અંત્યજ વિદ્યાર્થી પીરસવામાં ભાગ લે તોયે કોઈ વાંધો ઉઠાવતું નથી. બોચાસણાના વલ્લભ

વિદ્યાલયમાં અંત્યજ વિદ્યાર્થી નથી, કેમ કે કોઈ વિદ્યાર્થી હજુ જડ્યો નથી પણ અંત્યજોમાં જ સુધારા કરવા માટે પ્રચારકનું કામ કરનાર એક અંત્યજ ભાઈ વિદ્યાલયમાં રહે છે. ગાંધી સપ્તાહના દિવસોમાં એણે વિદ્યાલયના વિદ્યાર્થીઓને સંગીત શીખવવા માટે શિક્ષકનું પણ કામ કર્યું ત્યાં અંત્યજો સાથે કશો ભેદભાવ રખાતો નથી પણ નબળા લોકોને જ્યાં ત્યાં નબળાઈ ભાળવાની જરૂર રહે છે એનું શું ? દુનિયામાં એક પણ દાખલો ઢાલરૂપ મળી જાય તો તેની ઓથે અસ્પૃશ્યતા બે-ચાર દિવસ વધુ ટકવાનો પ્રયત્ન કરવાની જ.[૧૩૪]

# પાદનોંધ


૧. નરહરિ, પરીખ (સંપા.), મહાદેવભાઈની ડાયરી, ભાગ-૨, અમદાવાદ, ૧૯૯૩, પૃ. ૩.

૨. એજન.

૩. નરહરિ, પરીખ, સરદાર વલ્લભભાઈ પટેલ, અમદાવાદ, પૃ. ૬૬.

૪. રામનારાયણ, પાઠક, ખેડા જિલ્લા સ્વાતંત્ર્ય સંગ્રામ, નડિયાદ, ૧૯૭૯,પૃ. ૨૨.

૫. રૂબરૂ મુલાકાત, ફુલચંદ ચૌહાણ, ઉંમર ૯૫ વર્ષ.

૬. પહેલી ગુજરાત રાજકીય પરિષદનો અહેવાલ, ગોધરા, ૧૯૧૭, પૃ. ૧૪.

૭. એજન, પૃ. ૧૫.

૮. નારાયણ, દેસાઈ, અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ, અમદાવાદ, ૧૯૯૨, પૃ. ૭૪.

૯. સમાલોચક, પુ.નં. ૨૨, અંક-૧૨, ૧૯૨૮, પૃ. ૬૬૬.

૧૦. ઈન્દુલાલ, યાજ્ઞિક, આત્મકથા, ભાગ-૨, અમદાવાદ, ૧૯૬૯, પૃ. ૫૬.

૧૧. સમાલોચક, પૂર્વોક્ત, પૃ. ૬૭૫.

૧૨. સમાલોચક, પૂર્વોક્ત, પૃ. ૭૦૫.

૧૩. મામાસાહેબ, ફડકે, મારી જીવનકથા, અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૫૬.

૧૪. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૪, પૃ. ૬૪.

૧૫. રૂબરૂ મુલાકાત, ફુલચંદ ચૌહાણ, ઉંમર ૯૫ વર્ષ.

૧૬. મામાસાહેબ, ફડકે, પૂર્વોક્ત, પૃ. ૫૭-૫૮.

૧૭. અરુણ, વાઘેલા, ઈતિહાસ દર્પણ, અમદાવાદ, ૨૦૦૬, પૃ.૫૩.

૧૮. રૂબરૂ મુલાકાત, ફુલચંદ ચૌહાણ, ઉંમર ૯૫ વર્ષ.

૧૯. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૪, પૃ. ૬૪.

૨૦. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૪, પૃ. ૬૫.

૨૧. કાકાસાહેબ, કાલેલકર, જીવન સંસ્કૃતિ, ૧૯૪૬, પૃ. ૫૬૭.

૨૨. ઈન્દુલાલ, યાજ્ઞિક, પૂર્વોક્ત, પૃ. ૫૯.

૨૩. એજન.

૨૪. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૪, પૃ. ૬૬ થી ૬૮.

૨૫. ક્ષેત્રકાર્યનો નિષ્કર્ષ, તા. ૨૦/૬/૨૦૧૪.

૨૬. મામાસાહેબ, ફડકે, પૂર્વોક્ત, પૃ. ૧૭૭ થી ૧૭૯.

૨૭. ઈન્દુલાલ, યાજ્ઞિક, આત્મકથા, ભાગ-૩, અમદાવાદ, ૧૯૬૯, પૃ. ૩૪૩.

૨૮. મામાસાહેબ, ફડકે, પૂર્વોક્ત, પૃ. ૧૭૯-૧૮૦.

૨૯. એજન.

૩૦. એજન.

૩૧. એજન.

૩૨. એજન.

૩૩. એજન.

૩૪. એજન.

૩૫. ઈન્દુલાલ, યાજ્ઞિક, ભાગ-૩, પૃ. ૩૪૪.

૩૬. એજન.

૩૭. રમણ, મોદી, રચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન, અમદાવાદ, ૧૯૭૭, પૃ. ૧૬૨.

૩૮. મોહનદાસ, ગાંધી, સત્યના પ્રયોગો, અમદાવાદ, ૧૯૨૭, પૃ. ૩૬૫.

૩૯. એજન.

૪૦. મોહનદાસ, ગાંધી, સત્યાગ્રહ આશ્રમનો ઈતિહાસ, અમદાવાદ, ૧૯૪૮, પૃ. ૬૩.

૪૧. સુમંત, મહેતા, ભોગીલાલ ગાંધી (સંપા.), સમાજ દર્પણ, અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૩૧૩-૧૪.

૪૨. મોહનદાસ, ગાંધી, સત્યાગ્રહ આશ્રમનો ઈતિહાસ, પૃ. ૬૩-૬૪.

૪૩. એજન.

૪૪. એજન, પૃ. ૬૩-૬૪.

૪૫. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ. ૮૦.

૪૬. મોહનદાસ, ગાંધી, સત્યાગ્રહ આશ્રમનો ઇતિહાસ, પૃ. ૬૫.

૪૭. શાંતિલાલ, દેસાઈ, રાષ્ટ્રનો સ્વાતંત્ર સંગ્રામ અને ગુજરાત, અમદાવાદ, ૧૯૭૨, પૃ. ૨૧૧.

૪૮. પી.જી., જ્યોતિકર, આર્ષદ્દષ્ટા : ડૉ. બાબાસાહેબ આંબેડકર, અમદાવાદ, ૨૦૧૧, પૃ. ૩૩.

૪૯. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ. ૮૩.

૫૦. हरिभाउ, उपाध्याय, बापू-कथा, वाराणसी, २०१४, पृ. १२७.

૫૧. ઊર્મિલા, પટેલ, ગુજરાતના વિકસતા સમુદાયો, અમદાવાદ, ૧૯૮૩, પૃ. ૪૫૮.

૫૨. એજન, પૃ. ૪૫૫.

૫૩. શાંતિલાલ, દેસાઇ, પૂર્વોક્ત, પૃ.૨૧૫.

૫૪. हरिभाउ, उपाध्याय, पूर्वोक्त, पृ. १२८.

૫૫. એજન.

૫૬. સુરેશભાઈ ચી., શેઠ, ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો, અમદાવાદ, ૧૯૯૦, પૃ. ૨૦૬.

૫૭. એજન, પૃ. ૨૩૭.

૫૮. ધનંજય, કીર, ડૉ. આંબેડકર જીવન અને કાર્ય, અમદાવાદ, ૧૯૯૩, પૃ. ૨૨૭.

૫૯. એજન.

૬૦. એજન.

૬૧. દલપત, શ્રીમાળી, સેવામૂર્તિ પરીક્ષિતલાલ, અમદાવાદ, ૧૯૭૦, પૃ. ૪૬-૪૭.

૬૨. ધનંજય, કીર, પૂર્વોક્ત, પૃ. ૨૨૮.

૬૩. हरिभाउ, उपाध्याय, पूर्वोक्त, पृ. १३१.

૬૪. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ. ૮૪.

૬૫. हरिभाउ, उपाध्याय, पूर्वोक्त, पृ. १३७.

૬૬. નરહરિ, પરીખ, મહાદેવભાઈની ડાયરી, ભાગ-૨, પૃ. ૪૧૩-૪૧૪.

૬૭. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ. ૮૮.

૬૮. શંકરલાલ, બેંકર, ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃતિ, અમદાવાદ, પૃ. ૪૧૩-૪૧૪.

૬૯. हरिभाउ, उपाध्याय, पूर्वोक्त, पृ. १३८.

૭૦. શંકરલાલ, બેંકર, પૂર્વોક્ત, પૃ. ૪૧૭.

૭૧. નરહરિ, પરીખ, પૂર્વોક્ત, પૃ. ૩૩૬-૩૩૭.

૭૨. એજન, પૃ. ૪૦૩.

૭૩. એજન, પૃ. ૪૦૩ થી ૪૦૫.

૭૪. એજન, પૃ. ૪૦૬.

૭૫. એજન, પૃ. ૪૦૮.

૭૬. એજન, પૃ. ૧૪૭.

૭૭. ધનંજય, કીર, પૂર્વોક્ત, પૃ. ૨૪૮.

૭૮. એજન.

૭૯. એજન.

૮૦. પી.જી.,જ્યોતિકર, પૂર્વોક્ત, પૃ. ૨૫૪.

૮૧. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૫૧, પૃ. ૪૪૯-૪૫૧.

૮૨. પી.જી.,જ્યોતિકર, પૂર્વોક્ત, પૃ. ૨૬૧.

૮૩. એજન, પૃ. ૨૫૬.

૮૪. નરહરિ, પરીખ, પૂર્વોક્ત, પૃ. ૮૧.

૮૫. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૫૧, પૃ. ૧૫૨.

૮૬. પી.જી.,જ્યોતિકર, પૂર્વોક્ત, પૃ. ૨૫૮.

૮૭. એજન, પૃ. ૨૫૯.

૮૮. हरिभाउ, उपाध्याय, पूर्वोक्त, पृ. १३६.

૮૯. પંકજ, શ્રીમાળી, પરીક્ષિતલાલ મજમુદારઃ જીવન અને કાર્ય, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૫૦.

૯૦. શંકરલાલ, બેંકર, પૂર્વોક્ત, પૃ. ૪૧૦.

૯૧. એજન, પૃ. ૪૦૮-૪૦૯.

૯૨. નારાયણ, દેસાઈ, મારું જીવન એજ મારી વાણી, અમદાવાદ, ૨૦૦૩, પૃ. ૨૭૧.

૯૩. પંકજ, શ્રીમાળી, ઠક્કરબાપા, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૪૮.

૯૪. વેરિન્દર, ગ્રોવર, હેમન્તકુમાર શાહ (અનુવાદક), ભીમરાવ રામજી આંબેડકર, અમદાવાદ, ૨૦૦૩, પૃ. ૧૪૨.

૯૫. મકરંદ, મહેતા, હિંદુ વર્ણવ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો, અમદાવાદ, ૧૯૯૫, પૃ. ૧૧૭.

૯૬. જયંતિલાલ, મલકાણ, સમાજસેવાના અવધૂત : ઠક્કરબાપા, અમદાવાદ, ૨૦૦૧, પૃ. ૪૦-૪૧.

૯૭. हरिभाउ, उपाध्याय, पूर्वोक्त, पृ. १४२.

૯૮. એજન.

૯૯. શાંતિલાલ, દેસાઈ, પૂર્વોક્ત, પૃ. ૧૬૯.

૧૦૦. ઊર્મિલા, પટેલ, પૂર્વોક્ત, પૃ. ૪૫૦.

૧૦૧. કાકાસાહેબ, કાલેલકર, પૂર્વોક્ત, પૃ. ૫૮૩.

૧૦૨. અંજના, શાહ, ગાંધીજી અને તેમના પાયાના કાર્યકરો, અમદાવાદ, પૃ. ૬.

૧૦૩. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ. ૮૬.

૧૦૪. પંકજ, શ્રીમાળી, ઠક્કરબાપા, પૃ. ૫૧.

૧૦૫. નારાયણ, દેસાઈ, પૂર્વોક્ત, પૃ. ૧૬૯.

૧૦૬. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ. ૮૬.

૧૦૭. हरिभाउ, उपाध्याय, पूर्वोक्त, पृ. १४७.

૧૦૮. શંકરલાલ, બેંકર, પૂર્વોક્ત, પૃ. ૪૨૦.

૧૦૯. નારાયણ, દેસાઈ, અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ, પૃ. ૬૨૫.

૧૧૦. ગુજરાત સમાચાર (દૈનિક સમાચાર), રવિ પૂર્તિનો લેખ, તા. ૧/૨/૨૦૧૫, પૃ. ૬.

૧૧૧. દલપત, શ્રીમાળી, પૂર્વોક્ત, પૃ. ૫૦.

૧૧૨. મકરંદ, મહેતા, પૂર્વોક્ત, પૃ. ૧૧૭.

૧૧૩. જયંતિલાલ, મલકાણ, પૂર્વોક્ત, પૃ. ૩૬.

૧૧૪. અંજના, શાહ, સમાજસુધારણામાં ગાંધીજીનું પ્રદાન, અમદાવાદ,૧૯૮૧, પૃ.૪૭.

૧૧૫. દલપત, શ્રીમાળી, પૂર્વોક્ત, પૃ. ૫૦.

૧૧૬. એજન, પૃ. ૫૩.

૧૧૭. એજન, પૃ. ૭૯-૮૦.

૧૧૮. સુરેશ ચી., શેઠ, પૂર્વોક્ત, પૃ. ૨૪૮.

૧૧૯. એજન, પૃ. ૨૪૯.

૧૨૦. ઈન્દુલાલ, યાજ્ઞિક, ભાગ-૩, પૃ. ૩૪૨.

૧૨૧. એજન, પૃ. ૬૯.

૧૨૨. એજન, પૃ. ૩૪૦.

૧૨૩. એજન, પૃ. ૩૪૨.

૧૨૪. નવજીવન, ૨૮ મી સપ્ટેમ્બર, ૧૯૧૯, પૃ. ૫૯.

૧૨૫. દલપત, શ્રીમાળી, પૂર્વોક્ત, પૃ. ૩૩.

૧૨૬. એજન, પૃ. ૩૬.

૧૨૭. દલપત, શ્રીમાળી, પૂર્વોક્ત, પૃ. ૭૩-૭૪.

૧૨૮. અંજના, શાહ, ગાંધીજીના પાયાના કાર્યકરો, પૃ. ૮.

૧૨૯. એજન, પૃ.૩૩.

૧૩૦. ઈન્દુલાલ, યાજ્ઞિક, ભાગ-૩, પૃ. ૭૩.

૧૩૧. કાકાસાહેબ, કાલેલકર, પૂર્વોક્ત, પૃ. ૫૭૭.

૧૩૨. મકરંદ, મહેતા,પૂર્વોક્ત, પૃ. ૨૪.

૧૩૩. કાકાસાહેબ, કાલેલકર, પૂર્વોક્ત, પૃ. ૫૭૬.

૧૩૪. એજન.